શિક્ષક-
આવૃત્તિ

તૃતીય અજમાયશી

ગુજરાતી

ધોરણ ૪

(દ્વિતીય સત્ર)

પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

નિર્માણ
ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

મુદ્રણ
ગુજરાત રાજ્ય શાળા
પાઠ્યપુસ્તક મંડળ
ગાંધીનગર

© ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર
આ પાઠ્યપુસ્તકના સર્વ હક્ક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને આધિન છે. આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકશ્રીની પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

નિર્માણ સંયોજન :
ડૉ. ટી. એસ. જોશી — ડૉ. કે. આર. ઝાંઝરૂકિયા
હરેશ ચૌધરી — ઇકબાલ દાઉદભાઈ વોરા
ચંદ્રેશ પી. પાલ્લીઆ

વિષય કન્વીનર :
ડૉ. રાઘવજી માધડ

લેખન-સંપાદન :
કિશોરભાઈ પાર્થ — ડૉ. ભીખુભાઈ વેગડા
હિતેશભાઈ મોદી — યાહ્યા સપાટવાલા
જિજ્ઞેશપુરી ગોસ્વામી — મીનેષકુમાર વાળંદ
મહંમદરફીક મનસુરી — પ્રકાશભાઈ ભટ્ટી
હર્ષવી પટેલ — રાજેશકુમાર મહેતા
નીતાબહેન ઉપાધ્યાય — રમેશભાઈ ઠક્કર
રતનબહેન પરમાર — મધુસૂદન ઠક્કર
મનીષભાઈ સુથાર — પ્રવીણભાઈ મચ્છોયા
સુભાષભાઈ હરિજન — સુરેશભાઈ નાગલા
કપીલાબહેન ચૌધરી — મહેન્દ્રભાઈ મકવાણા
ભગવાનદાસ દુધરેજિયા — ઉદયકુમાર દેસાઈ
કલ્પેશભાઈ પટેલ — યોગેશભાઈ પટેલ
દિનેશભાઈ પ્રજાપતિ — દક્ષાબહેન ગજ્જર
રમેશભાઈ ત્રિવેદી — નટવરભાઈ સુથાર
જિતેન્દ્રભાઈ કાપડિયા — મયૂરીબહેન ચૌહાણ
જ્યોત્સ્નાબહેન બોરાણિયા — ડૉ. બળવંતભાઈ તેજાણી

ચિત્રાંકન :
કૃષ્ણકાંત કુંડારિયા — સ્મિતાબેન રાણા
વનમાળીભાઈ ડોડિયા — દિનેશભાઈ જોષી

ટાઇટલ ડિઝાઇન :
ધર્મેશ ચાવડા

મુદ્રણ-આયોજન
શ્રી હરેશ એસ. લિમ્બાચિયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

પ્રસ્તાવના

પ્રાથમિક શિક્ષણમાં NCF-2005 તેમજ RTE-2009 અંતર્ગત અભ્યાસક્રમ, પાઠ્યક્રમ અને પાઠ્યપુસ્તકો તેમજ શિક્ષણપ્રક્રિયામાં પરિવર્તન લાવવું જરૂરી બન્યું છે. આ પરિવર્તન મુખ્યત્વે સાક્ષરી વિષયો અને શિક્ષણપ્રક્રિયા વિશેની આપણી સમજ અંગેનું છે. વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, વિચારશક્તિ, તર્કશક્તિ અને પૃથક્કરણ કરવાની આવડત વિકસે અને તે દ્વારા સર્વાંગી વિકાસ થાય એ નવા અભ્યાક્રમનો મુખ્ય હેતુ છે. આ પાઠ્યપુસ્તકને અનુભવ, ચિંતન, ઉપયોજન અને નિષ્કર્ષ તારવવાને લગતી પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણને અધ્યેતાકેન્દ્રી બનાવવાનો પ્રયાસ કર્યો છે. વિદ્યાર્થીઓ વ્યક્તિગત અને સામૂહિક રીતે જૂથમાં અધ્યયન કરે તે જરૂરી છે. એવી અધ્યયન પ્રક્રિયામાં મદદરૂપ થાય તેવાં પાઠ્યપુસ્તકો તૈયાર કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. પાઠ્યપુસ્તક એ એક સહજ ઉપલબ્ધ અધ્યયન સામગ્રી છે. પાઠ્યપુસ્તક દ્વારા પ્રવૃત્તિલક્ષી શિક્ષણની બાબત નાવીન્યપૂર્ણ રીતે પ્રસ્તુત કરવામાં આવી છે. તે દ્વારા અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા રોચક બનશે.

આ અંગેની સમગ્ર નિર્માણ પ્રક્રિયામાં માન. અગ્રસચિવશ્રી - શિક્ષણ તેમજ માન. અગ્રસચિવશ્રી - પ્રાથમિક શિક્ષણ તરફથી સતત પ્રેરણા અને પ્રોત્સાહન મળી રહ્યાં છે.

આ સમગ્ર પ્રક્રિયામાં IGNUS-erg ટીમના સભ્યોએ માર્ગદર્શન આપતા રહીને સ્ટેટ રિસોર્સ ગ્રુપના સભ્યોને સજ્જ કર્યા છે. UNICEFનો સહયોગ સમગ્ર પ્રક્રિયા દરમિયાન મળ્યો છે. કોર ગ્રુપના સભ્યોએ પણ સહયોગ આપ્યો છે

દ્વિતીય અજમાયશ પછી ધોરણ : 1 થી 5નાં પાઠ્યપુસ્તકોની તૃતીય અજમાયશ થઈ રહી છે. આ પાઠ્યપુસ્તકોને ક્ષતિરહિત બનાવવા પ્રયત્ન કર્યો છે છતાં ક્ષતિ રહી ગઈ હોય તો ધ્યાન દોરવા વિનંતી છે.

એમ. ટી. શાહ
નિયામક
જીસીઈઆરટી
ગાંધીનગર

એચ. કે. પટેલ (GAS)
નિયામક
ગુ.રા.શા.પા.પુ.મંડળ
ગાંધીનગર

તા. 1-8-2013

પ્રથમ આવૃત્તિ : 2011-2012, તૃતીય અજમાયશ : 2013
પ્રકાશક : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર 10–એ, ગાંધીનગર વતી એચ. કે. પટેલ, નિયામક
મુદ્રક :

મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેનાં આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની.

* ભારતનું સંવિધાન : કલમ 51-ક

પાઠ્યપુસ્તક વિશે...

પ્રાથમકિ શિક્ષણ દરમિયાન વિદ્યાર્થીને માતૃભાષાનું શિક્ષણ સઘન રીતે આપવામાં આવે તે અત્યંત આવશ્યક છે. અન્ય વિષયોના અસરકારક શિક્ષણ માટે માતૃભાષાનું શિક્ષણ મહત્ત્વનું છે. પ્રાથમિક કક્ષાએ ભાષા શિક્ષણનાં મૂળભૂત કૌશલ્યો- શ્રવણ, કથન, વાચન અને લેખનનો તબક્કાવાર વિકાસ થાય એ અપેક્ષિત છે. માતૃભાષા દ્વારા જ વિદ્યાર્થીની પ્રત્યાયન ક્ષમતા, સર્જનશીલતા અને તેનો સાંસ્કૃતિક વિકાસ સાહજિક રીતે થાય છે. **NCF-2005** માં માતૃભાષાને શિક્ષણના માધ્યમરૂપે સ્વીકૃતિ આપવા પર સવિશેષ ઝોક આપવામાં આવેલ છે.

આ પાઠ્યપુસ્તકમાં ભાષા શિક્ષણનાં પાયાનાં કૌશલ્યોના વિકાસ માટે વિવિધ પ્રકારના અધ્યયન અનુભવો પૂરા પાડવામાં આવ્યા છે. ભાર વગરનું ભણતર વિદ્યાર્થીને જ્ઞાન નિર્માણની પ્રવૃત્તિમાં આનંદપૂર્વક જોડવાની વાત છે તે આ પાઠ્યપુસ્તકમાં રહેલી છે. **NCF-2005** દ્વારા સૂચિત માર્ગદર્શક સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને પાઠ્યપુસ્તકની રચના કરવામાં આવી છે. જેમાં બંધારણમાં ઉલ્લેખિત મૂલ્યો, સામાજિક ન્યાય, સમાનતા, ધર્મનિરપેક્ષતા આધારિત વિષયવસ્તુની સામગ્રી પસંદ કરવામાં આવી છે. અર્થગ્રહણ, અભિવ્યક્તિ અને પ્રત્યાયન, સર્જનાત્મકતા, વ્યાવહારિક ઉપયોજન અને તાર્કિક ચિંતન ભાષા શિક્ષણનાં પાંચ ક્ષેત્રોનો સંકલિત રીતે વિકાસ થાય એ આવશ્યક છે. અહીં ભણાવવા માટે જે તે એકમ સાથે ક્ષમતાઓનો નિર્દેશ કરીને ચોક્કસ દિશા આપવામાં આવી છે. પાઠ્યપુસ્તક સાથે શિક્ષક આવૃત્તિની રચના કરવામાં આવેલી છે. જેથી શિક્ષકને જે તે કૃતિ માટે ફાળવવાનો સમય સૂચિત કરવામાં આવ્યો છે.

RTE-2009 માં નિર્દેશિત, 'વિદ્યાર્થીને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવાની વાત'ને પણ ધ્યાનમાં રાખીને પાઠ્યપુસ્તકમાં ગુજરાતી સાહિત્યની નીવડેલી કૃતિઓને સ્થાન આપવામાં આવ્યું છે. પ્રાથમિક કક્ષાએ ભાષા કૌશલ્યના વિકાસની સાથે સાથે ભાવિ નાગરિકના ઘડતર માટે માનવીય મૂલ્યોનો વિકાસ થાય એ બાબતને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓને સંવેદનાના શિક્ષણ દ્વારા ભવિષ્યમાં ઉત્તમ માનવ બનાવવાના લક્ષ્યને પણ ધ્યાનમાં રાખવામાં આવેલ છે.

પાઠ્યપુસ્તકમાં નિર્દેશિત હેતુઓના વિકાસ માટે આપેલ પ્રવૃત્તિઓને ચિંતનપ્રેરક બનાવવા ખાસ પ્રયત્ન કરેલ છે. વિદ્યાર્થીઓને ચિંતનશક્તિ અને કલ્પનાશક્તિનો તેમજ સર્જનાત્મકતાનો વિકાસ કરી શકાય તે માટે **ERAC**ના રૂપમાં પ્રવૃત્તિઓ મૂકવામાં આવી છે. આ અભિગમનાં ચાર ચરણ છે. અનુભવ **(Experience)**, ચિંતન **(Reflection)**, અનુપ્રયોગ **(Application)** અને સમેટવું - નિષ્કર્ષ **(consolidation)** છે, જે મુજબ બાળકને સાચા અર્થમાં ભાષાશિક્ષણ મળે તેવા સઘન પ્રયત્નો કરવાના છે. **E.R.A.C.** અભિગમ દ્વારા થયેલું ભાષાશિક્ષણ વધુ અસરકારક બનતું અનુભવી શકાશે. આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓના અધ્યયન અનુભવો ચિરસ્થાયી બનાવી શકાશે.

ભાષા શિક્ષણને વધુ અસરકારક, અર્થપૂર્ણ અને રસપ્રદ બનાવવા માટે પાઠ્યપુસ્તકમાં વિવિધ સ્વરૂપોને સ્થાન આપવામાં આવ્યું છે. પ્રાથમિક કક્ષાએ વિદ્યાર્થીઓની વાચન અને લેખનની પાયાની ક્ષમતાનો વિકાસ કરવાની વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ મૂકવામાં આવી છે. શિક્ષક આ ક્ષમતાઓ વિકસાવવા માટે અનુલેખન, શ્રુતલેખનનો મહાવરો કરાવશે. વિદ્યાર્થીઓના વિકસતાં જતાં અનુભવ અને અભિરુચિને ધ્યાનમાં રાખીને વસ્તુ સામગ્રી વાક્યરચના અને શબ્દભંડોળ, ભાષા સજ્જતા વગેરે મૂકવાનો પ્રયત્ન કર્યો છે. સાથે સાથે કવિતા, વાર્તા, નિબંધ, સંવાદ, નાટક, જીવનપ્રસંગ, ચિત્રવર્ણન વગેરે સાહિત્ય સ્વરૂપોની પસંદગી દ્વારા વિદ્યાર્થી સમૃદ્ધ ગુજરાતી સાહિત્યથી સારી રીતે પરિચિત થાય એવો ઉદ્દેશ રાખવામાં આવ્યો છે. આ તબક્કે માત્ર સાહિત્યનું શિક્ષણ એ લક્ષ્ય નથી. મુખ્યત્વે ભાષાશિક્ષણ એ જ પ્રાથમિક કક્ષાએ મહત્ત્વનું છે. આ માટે શ્રવણ, કથન, વાચન અને લેખનનાં કૌશલ્યોનું શિક્ષણ મળી રહે એ માટે પાઠ્યપુસ્તકમાં પ્રયાસો કર્યા છે. શિક્ષકોએ આ કૌશલ્યોના વિકાસ માટે મૌખિક કાર્ય પણ કરવું પડશે. પાઠ્યપુસ્તક ઉપરાંતની પ્રવૃત્તિઓ પણ વિકસાવવી પડશે. વિદ્યાર્થીઓએ મેળવેલ શિક્ષણ ચકાસવા માટે એકમને અંતે સ્વાધ્યાય અને ત્રણ કે ચાર એકમ પછી પુનરાવર્તન મૂકવામાં આવેલ છે. જેથી સતત સર્વગ્રાહી મૂલ્યાંકન દ્વારા વિદ્યાર્થીઓના ભાષાકીય કૌશલ્યના વિકાસનો તાગ મેળવી શકાશે.

ધોરણ - ૪ ના આ પાઠ્યપુસ્તકમાં અનુલેખન, શ્રુતલેખન, ચિત્રવર્ણન, સ્વતંત્રલેખન જેવાં લેખનસ્વરૂપોનો સમાવેશ કરવામાં આવ્યો છે. બાળક જાતે વિચારે અને ચિંતન - મનન કરે. અર્થગ્રહણ, અભિવ્યક્તિ-પ્રત્યાયન, સર્જનાત્મકતા, જ્ઞાનનો વ્યવહારુ ઉપયોગ, તાર્કિક ચિંતન-સમસ્યા ઉકેલ જેવાં ભાષાનાં તમામ કૌશલ્યોને આત્મસાત કરે તે આપણો મૂળ ઉદ્દેશ છે.

હેતુલક્ષી ક્ષમતાઓને પૂરતું પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. આમ છતાં કેટલીક ક્ષમતાઓ સીધેસીધી એકમમાં ન આવતી હોય પણ એકથી વધારે હેતુ કે ક્ષમતાઓ આવતી હોય ત્યારે કયા હેતુ કે ક્ષમતાને પ્રાધાન્ય આપવું તે શિક્ષકે સ્થાનિક પરિસ્થિતિ પ્રમાણે નક્કી કરવાનું છે.

સ્થાનિક સંસાધનો જેવાં કે પુસ્તકાલય સ્થાનિક સંસ્થાઓ, વ્યક્તિઓ, વ્યવસાયકારો, લોકબોલી, લોકગીતો, લોકકથાઓ, સાહિત્યકારો માટેના સંદર્ભસાહિત્યનો ઉપયોગ કરવા માટે શિક્ષણપક્ષે પૂરતો અવકાશ છે.

લગભગ બધા જ એકમમાંથી કોઈને કોઈ મૂલ્ય નિષ્પન્ન થાય છે..આ મૂલ્યોના વિકાસ માટે પ્રવૃત્તિઓ આપવામાં આવી છે. આમ, છતાં અન્ય પ્રવૃત્તિઓ દ્વારા મૂલ્ય આત્મસાત્ થાય તે માટે પ્રયત્નશીલ રહેવું.

એકમના અંતે સ્વાધ્યાયમાં વિવિધતાસભર અધ્યયન સામગ્રી દર્શાવેલ છે. બાળકોને વિચારવાની શોધવાની તથા સર્જનની તક મળે એ કાળજી લેવાની રહેશે. તેમાં શિક્ષકનું માર્ગદર્શન મહત્ત્વનું બનશે. સ્વાધ્યાયમાં આપેલ પ્રવૃત્તિઓ સિવાયની અન્ય પ્રવૃત્તિઓ દ્વારા વધુ મહાવરો આપી શકાય.

પાઠ્યપુસ્તકમાં ભાષાની અભિવ્યક્તિ પર વિશેષ ઝોક આપવામાં આવ્યો છે. આ માટે ભાષાકીય સજ્જતા, વ્યાવહારિક વ્યાકરણ, ઉચ્ચારણ, વર્ણન, વિરામચિહ્નો, શબ્દકોશના ઉપયોગથી થતા લાભોને સિદ્ધ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. ભાષાની મહત્ત્વની ખૂબીઓ દર્શાવતાં સ્વાધ્યાયો મૂકવામાં આવ્યાં છે. ટિપ્પણમાં વિસ્તૃત રીતે અર્થો તથા નોંધ આપ્યાં છે. ત્રીજા ધોરણથી વિદ્યાર્થીઓ શબ્દકોશના વપરાશ અંગે સભાન બને એ માટેની પ્રવૃત્તિઓ સ્વાધ્યાયમાં મૂકવામાં આવી છે. આ માટે શિક્ષકે વર્ગમાં શબ્દકોશના ઉપયોગ અંગેની તાલીમ આપવાની છે.

વિદ્યાર્થીઓની મૌખિક અભિવ્યક્તિનો વિકાસ થાય એ માટે ચિત્રવર્ણન પર ભાર મૂકવામાં આવેલ છે. વિદ્યાર્થીઓ વાચનાભિમુખ બને એ માટે વર્ગ પુસ્તકાલય અને શાળા પુસ્તકાલયનો સવિશેષ ઉપયોગ કરતો થાય એ માટે નિર્દેશ કરવામાં આવ્યો છે. શિક્ષકે આ માટે વિદ્યાર્થીઓને વિપુલ તકો પૂરી પાડવાની છે. પાઠ્યપુસ્તકના કોઈ એકમનું શિક્ષણકાર્ય કરાવતી વખતે શિક્ષકે માત્ર માહિતીનું જ નહિ, પરંતુ ભાષાકીય કૌશલ્યોનું શિક્ષણ આપવા પર લક્ષ્ય રાખવાનું છે. ભાષાનાં પાયાનાં કૌશલ્યો પરસ્પર આંતરસંબધ ધરાવે છે. આ બધાં ક્ષેત્રો એકબીજામાં એવા ઓતપ્રોત થયેલાં છે કે એક સમયે માત્ર એક જ ક્ષમતા કે કૌશલ્યનું શિક્ષણ આપી શકો નહિ, પરંતુ શિક્ષકે એકમ ભણાવતી વખતે જે તે સ્તરે કોઈ એક-બે ક્ષમતાઓને કેન્દ્રમાં રાખીને કાર્ય કરવાનું છે. ભાષામાં આવું એકાંગી શિક્ષણ શકય જ નથી. કારણ કે પાંચ ક્ષેત્રો એકબીજાની સહાયથી જ શીખવી શકાય. છતાં વિષયવસ્તુના અધ્યાપન સમયે સ્વાધ્યાયોમાં આપેલ વિવિધ પ્રવૃત્તિઓના આધારે જ જે તે એકમનું અધ્યાપન કાર્ય કરવાથી ભાષાનાં ક્ષેત્રોનું શિક્ષણ આપોઆપ વણાઈ જશે. આ બાબતનો આધાર શિક્ષકની સૂક્ષ્મ સૂઝ પર જ રહેલો છે. પાઠ્યુપુસ્તકની રચના **SRG** દ્વારા કરવામાં આવી છે. તે શકય તેટલું બાળકેન્દ્રી બને એ માટે પૂરતી કાળજી રાખવામાં આવી છે. આમ છતાં કોઈ ક્ષતિ જણાય તો ધ્યાન દોરવા વિનંતી છે. વાલીઓ, શિક્ષકો અને કેળવણીવિદ્દોનાં સૂચનો આવકાર્ય છે.

ભાષાકીય કૌશલ્યોના વિકાસ માટે પાઠ્યપુસ્તકો એ એક શૈક્ષણિક સાધન છે. દૃષ્ટિસંપન્ન શિક્ષક આ સાધનને સફળતાપૂર્વક પ્રયોજે છે. આ પાઠ્યપુસ્તકોને આધાર ગણીને એમાં રજૂ થયેલી સામગ્રી અને એના જેવી અન્ય સામગ્રીનો ઉપયોગ કરીને શિક્ષક ભાષા શિક્ષણને સાર્થક અને સફળ બનાવી શકશે.

શિક્ષક આવૃત્તિ શા માટે ?

પરિચય :

- શિક્ષક આવૃત્તિ એ શિક્ષકના ઉપયોગ માટે છે.
- શિક્ષક આવૃત્તિમાં વિદ્યાર્થી આવૃત્તિનાં તમામ પાનાની ફોટોકૉપી મૂકેલી છે. એટલે ભણાવતી વખતે આ આવૃત્તિ દ્વારા જ શિક્ષક કામ કરી શકે.
- જે તે એકમને લાગુ પડતી ક્ષમતાઓ એ એકમના હેતુઓ છે. આ હેતુઓ એકમની શરૂઆતમાં જ મૂકેલા છે.
- એકમને અનુરૂપ વિશિષ્ટ હેતુઓ પણ તારવી આપેલા છે જે હેતુઓ વિદ્યાર્થીઓમાં સિદ્ધ થાય તેવું માનસિક અને વાસ્તવિક આયોજન શિક્ષકે ગંભીરતાપૂર્વક ધ્યાને રાખવું જોઈએ.
- એકમ પ્રવેશ કરવા માટે એકમ અનુસાર સંદર્ભ ઉદાહરણો પણ નમૂનારૂપે તારવી આપ્યા છે. કેવા પ્રકારના પ્રશ્નો પૂછી શકાય તેના નમૂનાઓ પણ મૂકવામાં આવ્યા છે.
- એકમને ધ્યાને રાખી થઈ શકે તેવી પ્રવૃત્તિઓની યાદી પણ મૂકવાનો પ્રયત્ન કર્યો છે.
- એકમના અનુસંધાને ભાષાસજ્જતામાં કક્ષા પ્રમાણે બાળકો સામે મૂકવાના લેખન-વ્યાકરણના મુદ્દાઓનો પણ સમાવેશ કરાયો છે.
- પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં મૂકેલા નવીન તરાહવાળા પ્રશ્નોની વિશેષ છણાવટ પણ કરવામાં આવી છે.
- જે તે એકમ સંદર્ભે મૂલ્યાંકનલક્ષી પ્રવૃત્તિ-પ્રૉજેક્ટ પણ સૂચવવામાં આવ્યાં છે.

ટૂંકમાં...

આ આવૃત્તિમાં મૂકેલી બાબતો એ જ સર્વસ્વ નથી. આ વિગતોની આગળ-પાછળ, આજુ-બાજુ જઈને વિશેષ બાબતો, માહિતી, પ્રવૃત્તિ, પ્રૉજેક્ટ વગેરે બાળકોની કક્ષા મુજબ કરવા માટે શિક્ષક સ્વતંત્ર છે.

આવૃત્તિની જરૂરિયાત :

- શિક્ષકને વર્ગખંડમાં અસરકારક અને રસપ્રદ શિક્ષણકાર્ય માટેનું ભાથું પૂરું પાડે છે.
- પાઠ્યપુસ્તકને ક્રિયાન્વિત અને જીવંત બનાવવા માટેની ગુરુચાવી શિક્ષક આવૃત્તિ પૂરી પાડે છે.
- શિક્ષક આવૃત્તિ જે તે એકમને શીખવવાની પ્રક્રિયાનું સાતત્યપૂર્ણ સોપાન રજૂ કરે છે.
- જે તે એકમની લક્ષ્યસિદ્ધિ માટે વિશિષ્ટ હેતુઓ દ્વારા એકમનું મૂલ્ય સમજાવે છે.
- 'શિક્ષક નિર્દેશ' દ્વારા શિક્ષકને શિક્ષણકાર્ય માટેનું જરૂરી દિશાસૂચન પૂરું પાડે છે.
- ટૂંકમાં... શિક્ષક આવૃત્તિ શિક્ષક માટે પાઠ આયોજન માટેની એક ઉત્તમ માર્ગદર્શિકા (Guideline) છે.

જે તે એકમ એક જ તાસમાં કે એક જ બેઠકે પૂરો થાય તે જરૂરી નથી. શક્ય તેટલી વિશેષ તરાહો - પ્રવૃત્તિઓ દ્વારા એકમ રસપ્રદ બને તથા લક્ષિત હેતુસિદ્ધિ થાય એ પ્રમાણેનું આયોજન શિક્ષકે ગંભીરતાપૂર્વક કરવું તથા જે તે એકમ સંદર્ભે તૈયાર કરેલી સમયસારણીને ન્યાય મળી રહે તે પ્રમાણે શિક્ષણકાર્ય કરાવવું.

ક્રમ	હેતુ	ક્રમાંક	વિધાન
૧.	અર્થગ્રહણ	૧.૧	વાર્તાઓ, ગીતો, કાવ્યો, વર્ણનો, વાતચીત, સંવાદો અને ઉખાણાં સાંભળે.
		૧.૨	પરિચિત, અપરિચિત પરિસ્થિતિમાં વાતચીત અને સંવાદો સમજે.
		૧.૩	રમતો, પ્રવૃત્તિઓ, મુલાકાતો પૂછપરછ દ્વારા સમજ કેળવે.
		૧.૪	વિનંતીઓ, સૂચનાઓ, આદેશો અને પ્રશ્નો સમજે.
		૧.૫	દૃશ્યશ્રાવ્ય સાધનોની મદદથી રજૂ થતા દૃશ્યોમાંથી મુખ્ય વિચાર સમજે.
		૧.૬	હસ્તલિખિત અંકો, ચોપાનિયાં, ભીંતપત્રો વાંચે અને સમજે.
		૧.૭	શબ્દ-શબ્દ વચ્ચેના સંબંધો વિશે સભાનતા કેળવે અને મુખ્ય વિચાર વાંચેલી વિગતોમાંથી સમજે.
		૧.૮	આશરે ૨૦૦૦ જેટલા શબ્દો જાણે અને કૌંસનો ઉપયોગ સમજે.
૨.	અભિવ્યક્તિ	૨.૧	યોગ્ય જગ્યાએ અટકીને આરોહ અવરોહ સાથે બોલે.
	પ્રત્યાયન	૨.૨	કાવ્યો, ગીતો મુખપાઠ કરી હાવભાવ અભિનય સાથે વ્યક્તિગત કે જૂથમાં રજૂ કરે.
		૨.૩	જોયેલું, સાંભળેલું, કલ્પેલું, અનુભવેલું વર્ણવી શકે. (સ્થળો, વસ્તુઓ, પદાર્થ વગેરે.)
		૨.૪	પ્રશ્નો પૂછે અને પૂછાયેલા પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપે.
		૨.૫	સાંભળેલી કે વાંચેલી વાર્તાઓ હાવભાવ સાથે રજૂ કરે.
		૨.૬	સ્વચ્છ અને સુવાચ્ય લખાણ લખે.
		૨.૭	સરળ વિરામચિહ્નોના ઉપયોગ સાથે શ્રુતલેખન કરે.
		૨.૮	પ્રશ્નોના જવાબ વિગતવાર લખે.
		૨.૯	શિક્ષકે સમજાવ્યા બાદ યોગ્ય રીતે સ્વતંત્ર લેખન કરે.
		૨.૧૦	કાવ્યની અધૂરી પંક્તિ પૂર્ણ કરી લખે.
૩.	સર્જનાત્મકતા	૩.૧	ચિત્ર પરથી સરળ વાક્યો બનાવે.
		૩.૨	શબ્દનો યોગ્ય ઉપયોગ કરી વાક્ય બનાવે.
		૩.૩	પઝલ ચિત્રો જોડી તેનું સરળ વાક્યોમાં લેખન કરે.
		૩.૪	પરિસ્થિતિ અનુસાર રજાચિઠ્ઠી લખે.
		૩.૫	અનુબંધ વગરના શબ્દો પરથી વાક્ય બનાવે.
		૩.૬	ચિત્ર તથા વિષયના આધારે વર્ણન કરે.

૪.	વ્યાવહારિક ઉપયોજન	૪.૧	સ્થાનિક પરિસ્થિતિમાં વ્યક્તિ સાથે વાતચીત કે વ્યવહાર કરે.
		૪.૨	જાહેરાતનાં બોર્ડ અને જાહેર સૂચનાઓને સમજીને ઉપયોગ કરે.
		૪.૩	પર્યાવરણ પ્રત્યે પોતાની જવાબદારી નિભાવે.
		૪.૪	બાળસાહિત્યનું વાંચન અને પુસ્તકાલયનો ઉપયોગ કરે.
		૪.૫	વિશિષ્ટ શબ્દપ્રયોગોનો (કહેવત, રૂઢિપ્રયોગો) સમજીને ઉપયોગ કરે.
		૪.૬	લિંગ, વચન, કાળ, વિરામચિહ્નો, કક્કાવારી ક્રમ અને પ્રત્યાયનો તો સમજપૂર્વક ઉપયોગ કરે.
૫.	તાર્કિકચિંતન	૫.૧	આપેલા ચિત્રોનું વર્ણન કરે.
		૫.૨	સારી નરસી બાબતો અંગે ચિંતન કરી યોગ્ય નિર્ણય લે.
		૫.૩	શાળામાં ઉદ્‌ભવતી મૂંઝવણભરી પરિસ્થિતિમાંથી યોગ્ય ઉકેલ શોધે.
		૫.૪	સાંભળેલી, જોયેલી કે અનુભવેલી પરિસ્થિતિને સંદર્ભે ઉદ્‌ભવેલ પ્રશ્નોના જવાબ આપે.

સમય આયોજન

ધોરણ : ૪

વાર્ષિક કામના કુલ કલાક ૩૨૦			
પાઠ્યપુસ્તક	પુસ્તકાલય	સ્થાનિક સામગ્રી	પુનરાવર્તન
૬૦ %	૨૦ %	૧૦ %	૧૦ %
૧૯૨ કલાક	૬૪ કલાક	૩૨ કલાક	૩૨ કલાક

ઉદ્દેશ્ય પ્રમાણે સમય વિભાજન

(પાઠ્યપુસ્તક માટે મળેલ સમય ૧૯૨ કલાકનું વિભાજન)				
અર્થગ્રહણ	અભિવ્યક્તિ-પ્રત્યાયન	સર્જનાત્મકતા	વ્યાવહારિક ઉપયોજન	તાર્કિક ચિંતન
૧૬ %	૪૦ %	૧૫ %	૧૫ %	૧૪ %
૩૦ કલાક	૭૫ કલાક	૩૦ કલાક	૩૦ કલાક	૨૭ કલાક

અનુક્રમણિકા

ક્રમ	એકમ	લેખક	પાન નંબર
૭.	કસ્તૂરબા	—	૧
૮.	હું તો પૂછું	સુન્દરમ્	૮
૯.	મૂરખના સરદારો	જ્યોતીન્દ્ર હ. દવે	૧૨
૧૦.	પત્ર લખવાની મજા !	ડૉ. ઈશ્વર પરમાર	૨૧
•	પુનરાવર્તન - ૩	—	૨૮
૧૧.	બાળ નરેન્દ્ર	ડૉ. કનૈયાલાલ ભટ્ટ	૩૨
૧૨.	પંખીઓએ પાણી પાયું	કરસનદાસ લુહાર	૪૦
૧૩.	સૈનિક-સૈનિક રમીએ	ડૉ. પ્રકાશ દવે	૪૭
૧૪.	બે બહાદુર છોકરા	—	૫૨
•	પુનરાવર્તન - ૪	—	૫૮

૭. કસ્તૂરબા

➤ **હેતુઓ :** ૧.૧, ૧.૩, ૨.૩, ૨.૭, ૩.૪, ૪.૪,

➤ **વિશિષ્ટ હેતુઓ :**

(૧) જીવનચરિત્ર સાંભળે, વાંચે અને સમજે.

(૨) મહાન વ્યક્તિઓના જીવનમૂલ્યો જાણે અને આચરણમાં મૂકે.

(૩) મુલાકાત અને પૂછપરછ દ્વારા સમજ કેળવે.

(૪) જોયેલું, સાંભળેલું, અનુભવેલું વર્ણવી શકે.



૭ કસ્તૂરબા

ગાંધીજીને આપણે બાપુના વહાલસોયા નામથી યાદ કરીએ છીએ તો કસ્તૂરબાનું નામ આવતાં આપણા મુખમાંથી 'અમારાં બા' એવો ઉદ્‌ગાર ઉમળકા સાથે નીકળે છે. ગાંધીજી મહાન બન્યા તેમાં બાનો ફાળો જેવો તેવો ન હતો. કસ્તૂરબાનો જન્મ પોરબંદરમાં સને ૧૮૬૯ના એપ્રિલ માસમાં થયો હતો. પિતાનું નામ ગોકુલદાસ અને માતાનું નામ વ્રજકુંવર હતું. નાની ઉમરે ગાંધીજી સાથે એમનું લગ્ન થયેલું. બહુ ઓછું ભણેલાં; પણ ઘણાં જાણકાર, સમજુ ને સુશીલ. ગાંધીજીની નાનીમોટી બધી વાતમાં તેમને સાથ આપી બધી લડતોમાં તે હંમેશા મોખરે રહેતાં.

એની શરૂઆત થઈ આફ્રિકાથી. ગાંધીજીએ સત્યાગ્રહની લડત ઉપાડી હતી. એમાં સ્ત્રીઓને જોડવાનું વિચાર્યું. કસ્તૂરબાએ પહેલ કરી. આ નાનું-સૂનું પગલું ન હતું.

બા જેલમાં તો ગયાં; પણ એમણે બીજાના હાથનું રાંધેલું ખાવાની ના પાડી. જો ફળ મળે તો જ ખાવું, નહિ તો ભૂખે દેહ પડે તો ભલે, એવો પોતાનો નિશ્ચય એમણે સત્તાવાળાઓને જણાવ્યો. જેલ સત્તાવાળા મક્કમ રહ્યા. એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ એમ બાના નકોરડા ઉપવાસ શરૂ થઈ ગયા. જેલવાળા ઢીલા પડ્યા. પાંચ દિવસને અંતે બાને થોડાંક ફળ આપ્યાં. એટલાથી પેટ પૂરું ભરાય એમ ન હતું; પણ બાએ ચલાવી લીધું. આ રીતે ત્રણ મહિનાનું સખત તપ કરી બા જ્યારે જેલમાંથી છૂટ્યાં ત્યારે હાડપિંજર જેવાં બની બહાર આવ્યાં. આવાં હતાં ટેકીલાં અને ધર્મપરાયણ આપણાં બા કસ્તૂરબા.

આફ્રિકાથી દેશમાં આવ્યા પછી ગાંધીજીએ સાબરમતી નદીને કાંઠે સત્યાગ્રહ આશ્રમ સ્થાપ્યો. આજે એ હરિજન આશ્રમ નામે ઓળખાય છે. તે વખતે ત્યાં આશ્રમનાં માણસો સિવાય કોઈ વસ્તી ન હતી ને મકાન પણ બે-ત્રણ. આશ્રમથી થોડેક દૂર એક મકાનમાં કેટલાક મજૂરો આશ્રમનું કામ કરતા હતા. પણ એક દિવસ ત્યાં ચોર આવ્યા ને મજૂરોને મારી, જે કંઈ હાથમાં આવ્યું તે લઈ ભાગી ગયા. આથી મજૂરો ગભરાઈ ગયા અને કામ કરવાની આનાકાની કરવા લાગ્યા. ગાંધીજીએ આશ્રમનાં લોકોને એ કામ સંભાળી લેવા સૂચવ્યું. બાએ બાપુજીના બોલ ઉપાડી લીધા. તે ડરામણી જગ્યાએ બા ગયાં. બાને શું કામ આપવું એની મૂંઝવણ ત્યાંના વ્યવસ્થાપકને થઈ.

➤ **આપણું લક્ષ્ય :**

- વિદ્યાર્થીઓ મહાન વ્યક્તિઓના જીવનચરિત્રમાંથી પ્રેરણા મેળવે.
- રમતો, પ્રવૃત્તિઓ, મુલાકાત તથા પૂછપરછ દ્વારા સમજ કેળવે.
- બાળસાહિત્યનું વાંચન-પુસ્તકાલયનો ઉપયોગ કરે.
- સરળ વિરામચિહ્નોના ઉપયોગ સાથે શ્રુતલેખન કરે.
- પઝલચિત્રો જોડી તેનું સરળ વાક્યોમાં લેખન કરે.

➤ **એકમ પ્રવેશ :**

- શિક્ષકે વિદ્યાર્થીઓને ગાંધીજીના પ્રેરક પ્રસંગોની વાત કહેવી.
- ગાંધીજીના જીવનમાં કસ્તૂરબાનો ફાળો વિશે ચર્ચા કરવી.
- કસ્તૂરબાના જીવનચરિત્ર અને પ્રસંગોની સમજ આપવી.

➤ **શિક્ષક નિર્દેશ :**

- **સમૂહગાન :** દેશભક્તિ ગીતનું સમૂહગાન કરાવવું. દા.ત.

(૧) તારા નામમાં આ સ્વતંત્રતા

(૨) સાબરમતી કે સંત તૂને...

➤ ટિપ્પણ અને રૂઢિપ્રયોગો :

(૧) પાના નંબર - ૧માં 'ક' મૂળાક્ષર કયા કયા શબ્દોમાં આવેલ છે તે શબ્દો નોંધો અને જાણો.

(૨) રૂઢિપ્રયોગોના નંબર આપવા - દા.ત. ૧ થી ૬ તે નંબરના વિદ્યાર્થીઓને તે મુજબ બોલવા કહેવું.

(૩) શબ્દો કક્કાવારી ક્રમ મુજબ લખાવવા કુલ કેટલા શબ્દોના અર્થ છે. વિદ્યાર્થીના હાજરી નંબર મુજબ બોલાવવા.

(૪) વિદ્યાર્થીઓના બે જૂથમાં એક એક શબ્દનો અર્થ, રૂઢિપ્રયોગ વારાફરતી બોલાવવા.

- **પૂર્વજ્ઞાનની ચકાસણી :** પરિચિત હોય તેવા દેશનેતાઓના જીવનચરિત્ર કે પ્રસંગો સંભળાવવા તથા વિદ્યાર્થીઓના અનુભવમાં હોય તેની રજૂઆત કરાવવી. દા. ત. ગાંધીજી, સરદાર.
- **આદર્શ વાંચન :** શિક્ષકે પાઠનું આદર્શ વાંચન કરવું.
- **વિદ્યાર્થીઓ દ્વારા વાંચન :** વિદ્યાર્થીઓને એક વાર જાતે વાંચી લેવા કહેવું.
- **શબ્દ ભંડોળ :** અઘરા શબ્દો - રૂઢિપ્રયોગોની સમજ આપવી.
- **મુખ વાંચન :** હવે એકમને વારાફરતી જુદા જુદા વિદ્યાર્થીઓ પાસે જુદા જુદા અંશમાં મોટેથી વંચાવવો. ઉચ્ચારદોષ તથા વિરામચિહ્નોને અનરૂપ હાવભાવ માટે જરૂરી માર્ગદર્શન આપવું.

➤ શિક્ષક નોંધ : _____

_____

_____

_____



બાએ કહ્યું, 'કેમ કામ નથી બતાવતા ? ગાયો માટે ગવાર નથી ભરડવાના ?' અને તેમણે ઘંટીનો કબજો લઈ લીધો. નાનકડા ને નાજુક બાંધાનાં બાને દળતાં જોઈને સહુને ભારે ઉત્સાહ આવ્યો ને આખું વાતાવરણ ખીલી ઊઠ્યું.

બાપુજી સેવાગ્રામ હતા ને બા મરોલી ગયાં હતાં. ત્યાંથી તે આવવાનાં હતાં. જે ગાડીમાં તે આવવાનાં હતાં તે સવારની ગાડીમાં બા આવી શક્યાં નહિ. એ ટાપટીવેલી ગાડી સુરતથી આવતી હતી. બા સવારે ન આવ્યાં એટલે એમને મળવા માટે ખાસ રોકાઈ રહેલી એક બહેને બાપુજીને સાંજે પૂછ્યું, 'બા અત્યારની ગાડીએ તો આવશે ને ?' સાંજની ગાડી મુંબઈ થઈને આવતી હતી; અને એ રસ્તે આવતાં વધુ પૈસા ખરચવા પડે એવું હતું. પેલી બહેનનો સવાલ સાંભળતાં બાપુજીએ કહ્યું, 'જો બા પૈસાદારોનાં બા હશે તો અત્યારે આવશે ને ગરીબોનાં બા હશે તો ટાપટીવેલીમાં સવારે આવશે.' અને ખરેખર, બા બીજે દિવસે સવારે જ આવ્યાં ને સૌને લાગ્યું કે બા સાચેસાચ ગરીબોનાં ને લોકોનાં બા છે.

આવાં આપણાં બા બાપુજીનાં જીવનસાથી હતાં. તેમનામાં અખૂટ શક્તિ ને શ્રદ્ધા હતાં. ૧૯૪૨ની હિંદ છોડોની લડતમાં બાપુજી સાથે પૂનાના આગાખાન મહેલમાં તે કેદી બનીને ગયાં. ત્યાં જ ઈ.સ. ૧૯૪૪ની ૨૨મી ફેબ્રુઆરીએ એમનો દેહ પડ્યો. આજે એ સ્થળ ભારતનું એક પવિત્ર તીર્થ બન્યું છે.

• ટિપ્પણ

ઉમળકો વ્હાલ, હેતનો ઉભરો **સુશીલ** સારા ચારિત્ર્યવાળું **દેહ** કાયા, શરીર **નિશ્ચય** સંકલ્પ, ઇરાદો **મક્કમ** અડગ **નકોરડો** કશું ખાધા વિનાનો, કોરો (ઉપવાસ) **ટેકીલાં** ટેકવાળાં, સ્વમાની **ધર્મપરાયણ** ધાર્મિક વૃત્તિવાળાં **વ્યવસ્થાપક** વ્યવસ્થા કરનાર **ગવાર** એક વનસ્પતિ, ગુવાર **બાંધો** શરીરનું બંધારણ, કાઠું **ટાપટીવેલી** એક ટ્રેનનું નામ. **જીવનસાથી** સહધર્મચારી, પતિ-પત્ની **અખૂટ** ખૂટે નહિ એવું અપાર.

• રૂઢિપ્રયોગ

મોખરે રહેવું	:	આગળ રહેવું, સક્રિય રહેવું.
દેહ પડવો	:	મૃત્યુ થવું, અવસાન થવું.
ઢીલા પડવું	:	નરમ થવું.
આનાકાની કરવી	:	હા ના કરવી.
બોલ ઉપાડી લેવો	:	પડકાર ઝીલી લેવો
વાતાવરણ ખીલી ઊઠવું	:	વાતાવરણ જીવંત બની જવું.

૨

ગુજરાતી ધોરણ - ૪

➤ સ્વાધ્યાય :

પ્ર-૧ સ્થાનિક કક્ષાએ ઉજવાતા દિન-વિશેષ ઉજવણીમાં સાંસ્કૃતિક કાર્યક્રમોની નોંધ શિક્ષકે રાખવી. દા.ત. ગરબા, આદિવાસી નૃત્ય, નાટક વગેરે.

પ્ર-૨ તેમાં અભિનયમાં જુદા જુદા અભિનયો જેવા કે - શાકભાજી વેચનાર, ખેડૂત વગેરેની વિસ્તૃત સમજ શિક્ષકે આપવી.

- **TLM**



સ્વાધ્યાય

૧. રાષ્ટ્રીય પર્વોની ઉજવણીમાં તમે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજો છો તેની યાદી બનાવો. તમે એકપાત્રીય અભિનય પણ કરતા હશો. તમને યાદ હોય એવા સાંસ્કૃતિ કાર્યક્રમ અને એકપાત્રીય અભિનયનાં નામ લખો.

સાંસ્કૃતિક કાર્યક્રમ	એકપાત્રીય અભિનય
(૧)	(૧)
(૨)	(૨)
(૩)	(૩)

- શિક્ષકની મદદથી 'કસ્તૂરબા' વિશે એકપાત્રીય અભિનય તૈયાર કરીને વર્ગખંડમાં ભજવો.

૨. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.

(૧) કસ્તૂરબાનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો ?

(૨) કસ્તૂરબાએ શા માટે જેલમાં નકોરડા ઉપવાસ કર્યા ?

(૩) આફ્રિકામાં સત્યાગ્રહની લડત વખતે કસ્તૂરબા જેલ સત્તાવાળાઓને તાબે થયાં હોત તો ?

૩ કસ્તૂરબા

- પ્રાણીપક્ષીઓનાં મહોરાં
- વ્યવસાયકારોનાં ઓજારો
- ફ્લેશકાર્ડ
- વર્તમાનપત્રોમાં આવતી શબ્દ રમતોના કટિંગ્સનો સંગ્રહ કરાવવો. (સંગ્રહપોથી - અંક)
- **પ્રશ્નોત્તરી :** પાઠને અનુરૂપ પ્રશ્નોત્તરી કરવી.
- વિદ્યાર્થીઓને બે જૂથમાં બેસાડવાં - એક એક સવાલ એક જૂથમાંથી બીજા જૂથના વિદ્યાર્થીઓને પૂછે. બીજા જૂથનો વિદ્યાર્થી જવાબ આપે.
- શિક્ષક દ્વારા પ્રશ્નોત્તરી કરવી.
- પા.પુ.ના સવાલ જવાબનું લેખન કરાવવું.

➤ શિક્ષક નોંધ : _____

➤ પ્રવૃત્તિ ૧ :

- વિદ્યાર્થીઓને બે જૂથમાં બેસાડવાં.
- એક જૂથના વિદ્યાર્થીઓને **'જો'** થી શરૂ કરી એક વાક્ય લખાવવું.

દા.ત. 'જો આજે રજા હોત....'

બીજા જૂથના વિદ્યાર્થીઓને **'તો'** થી શરૂ થતા વ્યક્તિગત વાક્ય લખાવવા. (જે વાક્ય 'જો' સંદર્ભમાં શરૂ થયેલ વાક્યના સંભવિત જવાબના રૂપમાં હોય.)

દા.ત. 'તો હાથી પર સવારી કરું.'

- પ્રથમ જૂથમાંથી એક વિદ્યાર્થીને ઊભો કરી **'જો'** વાળુ લખેલું વાક્ય વંચાવવું.
- બીજા જૂથમાંથી એક વિદ્યાર્થીને ઊભો કરી **'તો'** વાળું વાક્ય વંચાવવું.
- બંને વાક્યો કા.પા. પર નોંધી વાંચન કરાવવું.
- આ પ્રવૃત્તિમાં **'જો'** અને **'તો'** વાળા વાક્યો નોંધવાથી કેટલાક વાક્યો અનુબંધવાળા બનશે. કેટલાક વાક્યો અનુબંધ વગરના બનશે.

  (આ પ્રવૃત્તિથી બાળકોની મૌખિક, લેખિત અભિવ્યક્તિ રમત દ્વારા ખીલવી શકાય છે.)
- **પ્રશ્નોત્તરી ચર્ચા :** પાઠને અનુરૂપ પ્રશ્નોત્તરી કરવી.

પ્ર-૩ સ્વાધ્યાય ૩ માં જવાબો અને વિકલ્પોના ફ્લેશકાર્ડ બનાવી 'આવ રે કાગડા કઢી પીવા' જેવી રમત દ્વારા પ્રશ્નોના યોગ્ય ઉત્તર મેળવી શકાય.



(૪) આશ્રમમાં મજૂરો કામ કરવાની આનાકાની શા માટે કરવા લાગ્યા ?

(૫) કસ્તૂરબા તમને ગરીબોનાં બા લાગ્યાં હશે, શા માટે ?

(૬) હરિજન આશ્રમના વ્યવસ્થાપકને શી મૂંઝવણ થઈ ?

૩. નીચે આપેલા પ્રશ્નોના યોગ્ય ઉત્તર માટે સાચા વિકલ્પ ઉપર (✓) કરો.

(૧) બાપુજી સેવાગ્રામ હતા ત્યારે કસ્તૂરબા ક્યાં ગયાં હતા ?

☐ આફ્રિકા ☐ મરોલી ☐ સાબરમતી આશ્રમ

(૨) કસ્તૂરબા સ્વભાવે કેવાં હતાં ?

☐ ટેકીલાં ☐ ધર્મપરાયણ ☐ ટેકીલાં અને ધર્મપરાયણ

(૩) કસ્તૂરબા સાંજની ગાડીમાં શા માટે ન આવ્યાં ?

☐ એ ગાડીમાં ભાડું વધુ હતું.

☐ બાને ઓચિંતું કામ આવી પડ્યું.

☐ એ ગાડી લોકલ હતી

૪. કસ્તૂરબાના જીવનને લગતી કેટલીક ઘટનાઓ અહીં આપી છે, તેની સામે યોગ્ય સ્થળનું નામ અને અન્ય વીગત લખો.

(૧) કસ્તૂરબાનો જન્મ : _____

૪

ગુજરાતી ધોરણ - ૪

પ્ર-૪ પાઠનું વાચન કરાવવું, જવાબો લખાવવા.

➤ **પ્રવૃત્તિ ૨ :**

'મ', 'ક' અને 'ન' મૂળાક્ષર ઉપરથી બનેલા એક અક્ષર, બે અક્ષર, ત્રણ અક્ષર કે તેથી વધુ અક્ષરથી બનતા મહત્તમ શબ્દોની યાદી કરાવો. (જરૂરી માત્રાઓ ઉમેરી શકાશે.)

દા.ત. મા
કાકા
મકાન
નામાંકન



(૨) કસ્તૂરબાનું મૃત્યુ : _____

(૩) જેલમાં નકોરડા ઉપવાસ : _____

૫. તમારા વિસ્તાર કે ગામમાં સમાજસેવા સાથે સંકળાયેલી મહિલાઓનાં નામ લખો.

(૧) _____ (૨) _____ (૩) _____

- આ સેવાભાવી મહિલાઓ સમાજસેવાનાં ક્યાં ક્યાં કાર્યો કરે છે, તે લખો.

_____

_____

_____

૬. તમારી શાળાના પુસ્તકાલયમાંથી ગાંધીજી અને કસ્તૂરબાને લગતાં પુસ્તકો મેળવીને વાંચો અને તે પુસ્તકોનાં નામ અહીં લખો.

(૧) _____ (૨) _____ (૩) _____

૭. નીચેનાં વાક્યોમાંથી ખોટો શબ્દ છેકી નાખો.

(૧) કસ્તૂરબાનાં માતાનું નામ નંદકુંવર/વ્રજકુંવર હતું.

(૨) આફ્રિકાથી આવી ગાંધીજીએ સાબરમતી / નર્મદા નદીને કાંઠે આશ્રમ સ્થાપ્યો.

(૩) મરોલીથી કસ્તૂરબા સવારની / સાંજની ગાડીમાં આવ્યાં.

(૪) કસ્તૂરબાનું મૃત્યુ સાબરમતી આશ્રમ / આગાખાન મહેલમાં થયું હતું.

૮. નીચેનાં દરેક વાક્યોમાં મનપસંદ એક શબ્દ નીચે લીટી દોરી છે. ઉદાહરણ મુજબ તે શબ્દ નીચેની જગ્યામાં લખો અને તેનો અર્થ પણ લખો.

(૧) કસ્તૂરબા સમજુ અને સુશીલ હતાં.

સુશીલ : સારા ચારિત્ર્યવાળું.

(૨) મજૂર ગભરાઈ ગયા.

_____

૫

કસ્તૂરબા

પ્ર-૫ સ્વાતંત્ર્યસેનાની અથવા ગામના વયોવૃદ્ધ વ્યક્તિની મુલાકાત કરાવી આઝાદી વખતની ઘટનાઓ/પ્રસંગોને સંભળાવવા. અંગ્રેજ સરકારના અત્યાચારની વાતો સંભળાવવી.

પ્ર-૬ શાળાના પુસ્તકાલયમાં વિદ્યાર્થીઓને લઈ જઈ દેશનેતાઓ, સ્વાતંત્ર્યસેનાનીઓ તથા સ્વાતંત્ર્ય સંગ્રામ વિશેનાં પુસ્તકો વાંચવા આપવાં. આ અંગેની સીડી કે ઑડિયો કેસેટ તથા ચેનલો પર પ્રસારિત થતા કાર્યક્રમો બતાવવા.

➤ **પ્રવૃત્તિ : ૩**

- વિદ્યાર્થીઓ પોતાના મિત્રના પરિચય આપતા પાંચ-સાત વાક્યો લખે.
- લખેલા વાક્યોનું વાંચન કરાવવું.

પ્ર-૭ ખોટો શબ્દ છેકીને વાક્ય સાચું બનાવવું. એકમના આધારે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી ઉત્તર મેળવવા.

પ્ર-૮ શબ્દનો અર્થ શોધવા શબ્દકોશનો ઉપયોગ કરાવવો.

પ્ર-૯ શબ્દોના આધારે કસ્તૂરબા વિશે પાંચ વાક્યો લખાવવાં.

પ્ર-૧૦ કોષ્ટકમાં છુપાયેલાં નામ : શિક્ષકે વિદ્યાર્થીઓને શબ્દો શોધવા માર્ગદર્શન આપવું. ... તબક્કા મુજબ પ્રવૃત્તિ સમજાવવી. અને વિદ્યાર્થીઓની તર્કશક્તિ ખીલે, સર્જનશક્તિનો વિકાસ થાય તે મુજબ પ્રવૃત્તિ કરાવવી. આવી પ્રવૃત્તિ અન્ય એકમો માટે પણ વિચારવી અને કરાવવી.

- **વાર્તાકથન :** રાણી લક્ષ્મીબાઈ, મંગલ પાંડે, ભગતસિંહ, ચંદ્રશેખર જેવા ક્રાંતિવીરોની વાર્તાઓ કહેવી અને વિદ્યાર્થીઓ પાસે કહેડાવવી.
- **સ્વતંત્રલેખન :** પ્રવૃત્તિ દ્વારા મિત્રોના નામ લખાવી તેના વિશેનું વાક્ય લખાવવું. શિક્ષકે માર્ગદર્શન આપવું. સુટેવ/કુટેવ વિશેની ચર્ચા કરી સમજ આપવી.
- **શ્રુતલેખન:** પાઠમાંથી ફકરાનું શ્રુતલેખન કરાવવું. એક એક શબ્દ છૂટો ન બોલવો. આરોહ અવરોહ યુક્ત વિરામચિહ્નો ધ્યાને લઈ શુદ્ધ ઉચ્ચારથી બોલવું - ફકરાનું વાંચન કરાવવું.

➤ **શિક્ષક નોંધ :** _____



(૩) વ્યવસ્થાપકને મૂંઝવણ થઈ.

(૪) બા બાપુજીનાં જીવનસાથી હતાં.

(૫) કસ્તૂરબામાં અખૂટ શક્તિ અને શ્રદ્ધા હતાં.

૯. કૌંસમાં આપેલા શબ્દોના આધારે કસ્તૂરબા વિશે પાંચ વાક્યો લખો.

(ગાંધીજી, જન્મ, લડત, સત્યાગ્રહ, જેલ, ગરીબ, મૃત્યુ.)

૧૦. નીચેના કોઠામાં કેટલાક દેશનેતાઓનાં નામ છુપાયેલાં છે તે શોધો.

આં	બે	ડ	ક	ર	જ
બો	જ	ળ	સ્તુ	ગાં	વા
સ	ર	દા	ર	ધી	હ
મ	ગ	ડી	બા	જી	ર
સુ	ભા	ષ	ચં	દ્ર	થ

૬

ગુજરાતી ધોરણ - ૪

- **પ્રવૃત્તિઓ :** (૧) દેશનેતાઓના ફોટા ચોંટાડી અંક તૈયાર કરાવવો.
  (૨) દેશભક્તિ ગીતો એકત્ર કરી હસ્તલિખિત અંક બનાવવો.
- **રમતો :** (૧) ગાંધીજી કહે રમત રમાડવી.
  (૨) જુદા જુદા શબ્દોનાં ફ્લેશ કાર્ડ બનાવી વંચાવવાં ફ્લેશ કાર્ડ પરથી વાક્યો બનાવવાં અને વંચાવવાં.

➤ સ્થાનિક સંદર્ભ સાહિત્ય :

(૧) શાળાના પુસ્તકાલયમાંથી જરૂરી સાહિત્ય



- દરેક દેશનેતાના નામ ઉપરથી વાક્ય બનાવો.

દા.ત. ગાંધીજી - ગાંધીજી આપણા રાષ્ટ્રપિતા છે.

(૧) _____

(૨) _____

(૩) _____

(૪) _____

(૫) _____

- તમારા પ્રિય મિત્રોનાં પૂરાં નામ નીચેની લીટીમાં લખો.

(૧) _____

(૨) _____

(૩) _____

- તમારા મિત્રનું ટૂંકું નામ લખી તેની એક એક સુટેવ લખો.

(૧) _____

(૨) _____

(૩) _____

૭

કસ્તૂરબા

(૨) ગામના વયોવૃદ્ધ વ્યક્તિ કે સ્વાતંત્ર્ય સેનાની સાથે મુલાકાત

(૩) દેશભક્તિગીત-નેતાઓનાં પુસ્તકો (દેશભક્તિગીતોની સીડી)

(૪) હસ્તલિખિત અંકો :

(૫) સામયિકો/વર્તમાનપત્રોની પૂર્તિઓ/કટિંગ્સ.

➤ મૂલ્યશિક્ષણ :

(૧) ઐતિહાસિક વારસો (જાળવણી), રાષ્ટ્રપ્રેમ માટે દેશભક્તિ અંક તથા દેશનેતા અંક તૈયાર કરાવવો.

(૨) શ્રમનું ગૌરવ સમજાવવું ગ્રામસફાઈ તથા બાગકામ પ્રવૃત્તિ કરાવવી.

(૩) સમાજસેવાના મૂલ્ય માટે વૃદ્ધોની મદદ, અંધજનોને મદદ, કુદરતી આપત્તિ સમયે સેવા આપવી.

➤ શિક્ષક નોંધ : _____

_____

_____

_____

_____

૮. હું તો પૂછું

➤ **હેતુઓ :** ૧.૧, ૧.૮, ૩.૧, ૩.૪, ૪.૬, ૫.૪,

➤ **વિશિષ્ટ હેતુઓ :**

- કાવ્યો સાંભળે, વાંચે અને સમજે.
- શબ્દોનો ઉપયોગ કરી વાક્યો બનાવે.
- પ્રશ્નો પૂછે અને પૂછાયેલા પ્રશ્નોના ઉત્તર આપે.
- કક્કાવારીનો ક્રમ - શબ્દકોશનો ઉપયોગ સમજપૂર્વક કરે.

➤ **આપણું લક્ષ્ય :**

- બાળસહજ વિસ્મયને કેન્દ્રમાં રાખીને રચાયેલા આ ગીત દ્વારા વિદ્યાર્થીઓને વિસ્મય-કૂતુહલને વ્યક્ત કરવાની અને તેનો સંતોષકારક ઉત્તર મેળવવાની તક મળે.
- વિદ્યાર્થીઓ શબ્દકોશનો ઉપયોગ કરી નવા શબ્દો વિશે જાણે.
- વિદ્યાર્થીઓ ભાષાના વ્યાકરણ પ્રત્યે સભાનતા કેળવે.

➤ **એકમ પ્રવેશ :**

- **રમત - ''ફલમ્ ફૂલમ્ સબ્જિયમ્''**
  રમતની સમજ - વિદ્યાર્થીઓને ગોળાકારમાં ઊભાં રાખવાં. દાવ લેનાર બાળક, 'ફલમ્, ફૂલમ્ સબ્જિયમ્' બોલતાં બોલતાં ફરતો રહેશે. જે બાળક પાસે જઈને અટકે અને જે શબ્દ ભાર દઈને બોલે તેના વિશેનું નામ તે વિદ્યાર્થી બોલે. દા.ત. ફલમ્ તો બાળક બોલશે 'કેરી' આ રીતે રમત રમાડવી. ફળ, ફૂલ અને શાકભાજીના નામ પુનરાવર્તન ન થાય તેની કાળજી રાખવી.
- રમત ઉપરથી જીજ્ઞાસાપ્રેરક પ્રશ્નોત્તરી કરવી.


૮ હું તો પૂછું

- સુન્દરમ્

હું તો પૂછું કે મોરલાની પીંછીમાં રંગ-રંગવાળી
આ ટીલડી કોણે જડી ?
વળી પૂછું કે મીંદડીની માંજરી-શી આંખમાં
ચકચકતી કીકીઓ કોણે મઢી ?
હું તો પૂછું કે આંબલાની ટોચે જ્યાં હાથ ના પહોંચે
ત્યાં કૂંપળો કોણે કરી ?
વળી પૂછું કે ગાવડીના પેટે આ દૂધ કેરી ધોળી
મીઠી ધાર કોણે ભરી ?
હું તો પૂછું કે ચાંદાની થાળીમાં બકરી ને ડોસીની
ઝૂંપડી કોણે મઢી ?
વળી પૂછું કે આભની હથેળીમાં સૂરજની ભમતી
ભમરડી આ કોણે કરી ?
હું તો પૂછું કે પોપચે મઢેલી આ દશ દિશ દેખંતી
આંખ મારી કોણે કરી ?
વળી પૂછું કે નવલખ તારે મઢેલી આ
આભલાની ચૂંદડી કોણે કરી ?

૮

ગુજરાતી ધોરણ - ૪

દા.ત. (૧) સફેદ રંગના ફૂલોનાં નામ કહો.

(૨) તડબૂચનો બહારનો રંગ અને અંદરનો રંગ કયો હોય છે ?

(૩) કારેલાંનો સ્વાદ કેવો હોય છે ? વગેરે...

➤ શિક્ષક નિર્દેશ :

- **કાવ્યપઠન અને ગાન :** શિક્ષકે આરોહ-અવરોહયુક્ત ભાવવાહી પઠન અને ગાન કરવું. દૃશ્ય - શ્રાવ્ય સાધનોના ઉપયોગ દ્વારા કાવ્ય સંભળાવવું.



• ટિપ્પણ

જડી (અહીં) સજ્જડ બેસાડી **મીંદડી** મીનડી, બિલાડી **માંજરી** ભૂરી કીકીવાળી **ચકચકતી** ચળકતી **કીકી** આંખની અંદરનો એક નાજુક અવયવ **કૂંપળો** ફૂણો ફણગો, પીલો **ગાવડી** ગાય **દશ દિશ** દશ દિશા (પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ આ ચાર દિશા; ઈશાન, અગ્નિ, નૈર્ઋત્ય, વાયવ્ય આ ચાર ખૂણા અને આકાશ, પાતાળ સાથે કુલ દશ દિશા) **દેખંતી** જોતી **મઢી** (અહીં) લપેટીને કે આવરીને જડી દીધી **નવલખ** નવ લાખ કે અગણિત

• સ્વાધ્યાય

૧. નીચેની કાવ્ય-પંક્તિઓ પૂર્ણ કરીને લખો.

(ક) હું તો પૂછું કે મોરલાની _____

_____

_____

_____ કીકીઓ કોણે મઢી ?

(ખ) હું તો પૂછું કે પોપચે મઢેલી _____

_____

_____

_____ ચૂંદડી કોણે કરી ?

૨. આપેલી કાવ્યપંક્તિ વાંચો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ લખો.

(૧) હું તો પૂછું કે મીંદડીની માંજરી-શી આંખમાં ચકચકતી કીકીઓ કોણે મઢી ?

પ્રશ્ન : બિલાડીની આંખો દિવસે અને રાતે કેવી દેખાય છે ?

_____

_____

(૨) હું તો પૂછું કે ચાંદાની થાળીમાં બકરી ને ડોસીની ઝૂંપડી કોણે મઢી ?

પ્રશ્ન : ચાંદા પર દેખાતું બકરી અને ડોસીની ઝૂંપડી જેવું શું છે ?

_____

_____

૯

હું તો પૂછું

- **વિદ્યાર્થી દ્વારા કાવ્યપઠન અને ગાન :** વિદ્યાર્થીઓ પાસે આરોહ-અવરોહ સાથે ભાવવાહી પઠન અને ગાન કરાવવું. વ્યક્તિગત પઠન-ગાન અને સામૂહિકગાન કરાવવું.

➤ ટિપ્પણ :

કાવ્યમાં જે શબ્દો વપરાયા છે તેની વાક્યપ્રયોગ દ્વારા સમજ આપવી. દા. દેખંતી.....

➤ સ્વાધ્યાય :

પ્ર-૧ બાળકોની સમજણની ચકાસણી માટે કાવ્યને અનુરૂપ પ્રશ્નોત્તરી કરવી.

પ્ર-૨ પાઠ આધારિત પ્રશ્નોના જવાબ મેળવવા બાળકોને શાળા પુસ્તકાલયમાંથી પૂરક સાહિત્ય પૂરું પાડવું. જરૂર પડ્યે માર્ગદર્શન આપવું.

➤ શિક્ષક નોંધ : _____

_____

_____

_____

_____

• પૂરક પ્રવૃત્તિ -૧

શબ્દકોશમાંથી 'મ' મૂળાક્ષર પરથી શરૂ થતા દશ શબ્દો અને તેના અર્થ લખાવવા અને વાચન કરાવવું.

પ્ર-૩ (ક્રિયાપદ આધારિત) શબ્દનો કાવ્યાનુરૂપ અર્થ આપેલ છે. એ શબ્દનો શબ્દકોશમાંથી અર્થ શોધાવવો. શબ્દકોશનો ઉપયોગ કરી એક વધુ અર્થ શોધવા માર્ગદર્શન આપવું.

પ્ર-૪ કાવ્યપઠન કરાવી શબ્દોના યોગ્ય ઉત્તર શોધવા માર્ગદર્શન આપવું.

➤ **શિક્ષક નોંધ :** _____

(૩) વળી પૂછું કે આભની હથેળીમાં સૂરજની ભમતી ભમરડી આ કોણે કરી ?

પ્રશ્ન : અહીં 'સૂરજની ભમતી ભમરડી' એવું કેમ કહેવાયું છે ?

(૪) હું તો પૂછું કે પોપચે મઢેલી આ દશ દિશ દેખંતી આંખ મારી કોણે કરી ?

પ્રશ્ન : આંખો કઈ કઈ દશ દિશાઓ જોઈ શકે છે ?

૩. નીચે કવિતામાં વપરાયેલા શબ્દોના અર્થ આપ્યા છે. શબ્દકોશમાં આ શબ્દોના બીજા અર્થ આપ્યા છે તે શોધો અને આપેલી જગ્યામાં લખો.

(૧) જડી : સજજડ બેસાડી

જડી : _____

(૨) મઢી : લપેટીને કે આવરીને જડી દીધી.

મઢી : _____

(૩) કરી : બનાવી

કરી : _____

૪. કવિતામાંથી શોધીને ખાલી જગ્યામાં યોગ્ય શબ્દો લખો.

ઉદાહરણ : માંજરી આંખ

કીકી _____ દિશા _____

ધાર _____ તારા _____

ભમરડી _____

૧૦

ગુજરાતી ધોરણ - ૪

- **પૂરક પ્રવૃત્તિ -૧**

પ્રવૃત્તિ - ૧ માં લખેલા દશ શબ્દોમાંથી વિદ્યાર્થીઓ મનપસંદ પાંચ વાક્યો બનાવે અને લખે.

પ્ર-૫ બાળકો ભાષાનું વ્યાકરણ જાણતાં જ હોય છે અને એને આધારે એ બોલતાં હોય છે; પરંતુ સમગ્ર શિક્ષણ દરમિયાન એમને વ્યાકરણના પાયાના અને વ્યવહારુ ઉપયોજન વિશે એને સભાન કરવાનાં છે.

- આ કાવ્યમાં વપરાયેલા વિશેષણને 'વિશેષણ' શબ્દથી પરિચય કરાવ્યા વગર ધ્યાને લાવવાનાં છે.
- **પૂરક પ્રવૃત્તિ -૧**

શિક્ષકે કા.પા.માં નીચેનું વાક્ય લખવું.

દા.ત. મારા પાડોશીની ..... બિલાડી છે.



૫. માંજરી કે નવલખ વગેરે શબ્દ આંખ કે તારા જેવા શબ્દો માટે કંઈ ખાસ કે વિશેષ વાત સૂચવે છે. તમે નીચેની ખાલી જગ્યામાં આપેલા શબ્દો માટે એવા ખાસ કે વિશેષ વાત સૂચવતા શબ્દો નોંધો અને વાક્ય બનાવો.

ઉદાહરણ : ધરતી

વાક્ય : બધાંને લીલીછમ ધરતી જોઈને આનંદ થયો.

(૧) પેન્સિલ

વાક્ય : _____

(૨) રબર

વાક્ય : _____

(૩) ગાય

વાક્ય : _____

(૪) સૂરજ

વાક્ય : _____

(૫) ઝાડ

વાક્ય : _____

૧૧

હું તો પૂછું

(૧) ઉપરના વાક્યમાં ખાલી જગ્યામાં બિલાડીને લગતું વિશેષણ મૂકવું.

(૨) વિશેષણ કક્કાવારીના ક્રમ મુજબ નોંધવાં.

દા.ત. **'ક'** મૂળાક્ષર પરથી વિશેષણ
કાળી, કર્કશ, કજિયાળી, કાબરચીતરી, કંજૂસ, કામણગારી

(૩) વિશેષણ વધુમાં વધુ નોંધાવવા.

(૪) તે મુજબ દરેક મૂળાક્ષરથી વિશેષણો બોલાવવાં નોંધવાં.

(આ પ્રવૃત્તિ માટે વર્ગના વિદ્યાર્થીઓનાં જૂથ પાડવાં અને જૂથમાં મૂળાક્ષરો વહેંચીને વિશેષણ બનાવવાની પ્રવૃત્તિ કરાવવી.)

- વિદ્યાર્થીઓના કૂતુહલ પ્રેરક પ્રશ્નોનો યોગ્ય ઉત્તર મેળવવા/આપવા સંદર્ભ પુસ્તકોનો ઉપયોગ કરવો.

➤ **સ્થાનિક સંદર્ભ સાહિત્ય :**

- બાળ સાહિત્ય, **'સ્નેહરશ્મિ'**નું કાવ્ય 'દુનિયાની અજાયબીઓ'
- છાપાંની પૂર્તિઓ, સામયિકો.
- શબ્દકોશ
- દૃશ્ય-શ્રાવ્ય સાધનો.

➤ **મૂલ્ય શિક્ષણ :**

- પર્યાવરણ પ્રત્યે સભાનતા અને જવાબદારીની સમજ માટે બાગકામ કરાવવું.
- જિજ્ઞાસાવૃત્તિ માટે પ્રશ્નપેટી વર્ગમાં મૂકવી.

૯. મૂરખના સરદારો

➤ **હેતુઓ :** ૧.૧, ૧.૨, ૧.૬, ૩.૨, ૪.૧, ૪.૪, ૫.૨

➤ **વિશિષ્ટ હેતુઓ :**

- સાંભળેલી વીગતો કે વાચન સામગ્રીમાં રહેલી રમૂજ સમજી શકે.
- સંવાદ રજૂ કરે - નાટક સ્વરૂપે ભજવે.
- પુસ્તકાલયમાંથી ઉપયોગી બાળસાહિત્યનું વાંચન કરે.
- શબ્દ પરથી વાક્ય બનાવે.

➤ **આપણું લક્ષ્ય :**

- વિદ્યાર્થી વ્યવહારમાં રમૂજ સમજે-પ્રયોજે.
- સંવાદ પ્રસ્તુતીકરણ શીખે.
- અભિનય કૌશલ્ય વિકસે.
- વિદ્યાર્થી શબ્દ પરથી વાક્ય બનાવે.

➤ **શિક્ષક નોંધ :** _____



૯ મૂરખના સરદારો

– જ્યોતીન્દ્ર હ. દવે

એક દિવસ અકબરે બિરબલને પૂછ્યું : "મને એવો વિચાર આવ્યો કે ચતુર માણસો તો મેં બહુ જોયા છે, પણ મૂરખાઓ બહુ ઓછા જોયા છે. હોશિયાર માણસોને તો એ બોલે-ચાલે તે પરથી પકડી શકાય, પણ મૂરખાઓને ઓળખવા શી રીતે ?"

"એમાં શું અઘરું છે, નામદાર ? મૂરખાઓને પણ એમના બોલવા-ચાલવા પરથી ઓળખી શકાય." બિરબલે જવાબ દીધો.

"હા, એ ખરું છે;" અકબરે કહ્યું. પછી કંઈ વિચાર આવતાં એ બોલ્યો; "એક કામ કર."

"શું નામદાર ?"

"મારે મૂરખાઓને જોવા છે. અઠવાડિયાની અંદર તું છ મૂરખના સરદારોને લાવી હાજર કર!"

"જેવો હુકમ, નામદાર!" બિરબલે કહ્યું, ને પછી બીજી થોડી ઘણી વાતચીત કરી રજા લીધી.

બિરબલ અનેક માણસોના સંપર્કમાં આવ્યો હતો. એમાં કેટલાક મૂરખાઓ પણ હતા. પણ એમાંનો કોઈ પણ મૂરખનો સરદાર કહી શકાય એવો નહોતો. એણે શહેરમાં મૂરખના સરદારોની શોધમાં ફરવા માંડ્યું.

એક દિવસ એક ઘોડેસવાર માથા પર ઘાસનો ભારો લઈને જતો એને રસ્તામાં મળ્યો. એને ઊભો રાખીને પૂછ્યું, "ભલા માણસ, તમે આ ઘાસનો ભારો માથે કેમ મૂક્યો છે."

"હાથથી ઘોડાની લગામ ઝાલી છે, એટલે બગલમાં રાખી શકાય એમ નથી. તેથી માથે મૂક્યો છે." ઘોડેસવારે જવાબ દીધો.

➤ એકમ પ્રવેશ :

- અકબર-બિરબલ કે અન્ય પાત્રોની હાસ્ય નિષ્પન્ન થાય તેવી અને બુદ્ધિ ચાતુર્યવાળી વાર્તા શિક્ષકે કહેવી. શાળા પુસ્તકાલયમાંથી પુસ્તકો મેળવી વાંચવા અને વાર્તા કહેવી.

  દા.ત. 'બિરબલની ખીચડી'

- જે તે વાર્તાને અનુસંધાને પ્રશ્નોત્તરી કરવી.

દા.ત.



"પણ ઘોડા પર મૂકતાં શું થતું હતું ?" બિરબલે પૂછ્યું.

"ઘોડા પર ? જોતા નથી કે ઘોડો કેટલો નબળો છે! મારો જ ભાર એ જેમતેમ ઊંચકી શકે છે તેમાં વળી ઘાસનો ભારો એના પર મૂકું તો એ બિચારો મરી ન જાય ?" ઘોડેસવારે કહ્યું.

બિરબલે એના નામઠામ પૂછીને લખી લીધાં અને પછી આગળ ચાલ્યો.

"ભાઈ, મને બેઠો કરો. ભગવાન તમારું ભલું કરશે." કાદવમાં પડેલા એક માણસે બૂમ મારીને કહ્યું. બિરબલે એની સામે જોયું.

બે હાથ પહોળા કરીને એ કાદવમાં પડ્યો હતો અને એની મેળે બેઠો થઈ શકે એમ હતું તોયે એ બેઠા થવાનો પ્રયત્ન નહોતો કરતો.

"તમારી મેળે બેઠા થવાય તેમ નથી ?" બિરબલે પૂછ્યું.

"ના." પેલાએ જવાબ દીધો.

"મારો હાથ ઝાલો;" કહી બિરબલે એને ટેકો આપવા પોતાનો હાથ લંબાવ્યો. પણ પેલા માણસે કહ્યું, "નહિ, નહિ, મારા હાથને અડકશો નહિ. મારી ચોટલી પકડીને મને બેઠો કરો."

"કેમ ? તમારા હાથને કંઈ ઈજા થઈ છે ?" બિરબલે પૂછ્યું.

"ના, ઈજા તો કશી નથી થઈ. પણ પહેલાં મને ચોટલી પકડીને ઊભો કરો, પછી કહું." પેલા માણસે કહ્યું.

બિરબલે એને ચોટલી પકડીને ઊભો કર્યો. એ પછી પેલો માણસ બે હાથ પહોળા રાખીને ઊભો રહ્યો. તે જોઈ બિરબલે પૂછ્યું, "પણ તમે હાથ આમ કેમ રાખ્યા છે ?"

"એ જ વાત છે ને!" પેલાએ જવાબ દીધો; "મારે સુથાર પાસે કબાટ કરાવવું છે. તેની પહોળાઈનું માપ લાવવા એણે મને કહ્યું હતું. અમારા ઘરનું જૂનું કબાટ માપી જોયું તો એ મારા બે હાથની પહોળાઈ જેટલું છે. એટલે એ માપ ભૂલી ન જવાય તે માટે બે હાથ પહોળા રાખી હું સુથારને બતાવવા જતો હતો. રસ્તામાં ચાલતા લપસી પડ્યો, પણ હાથ નીચા કરું તો માપ ભૂલી જવાય એટલે હાથ એમ ને એમ રાખી પડ્યો રહ્યો. આ તમે આવીને ઊભો કર્યો તો માપ બરાબર જળવાઈ રહ્યું."

બિરબલે એનાં પણ નામઠામ પૂછીને લખી લીધાં.

આ બનાવ પછી બે એક દિવસ રહીને બિરબલ બાદશાહ પાસે ગપ્પાં મારીને, રાતે ઘેર પાછો ફરતો હતો ત્યાં રસ્તામાં ફાનસ હેઠળ એણે એક માણસને કંઈ શોધતો દીઠો.

"શું શોધો છો ? કંઈ પડી ગયું છે ?" બિરબલે પૂછ્યું.

"હા." પેલાએ ટૂંકો જવાબ આપ્યો.

(૧) અકબરે શી શરત રાખી હતી ?

(૨) પંડિતે કઈ રીતે શરત સ્વીકારી ?

(૩) બિરબલે પંડિતને કઈ રીતે મદદ કરી ?

(૪) બિરબલની ખીચડી વાર્તાનો સાર શો છે ?

➤ શિક્ષક નોંધ :

➤ શિક્ષક નિર્દેશ :

- **વાર્તાકથન :** વાર્તા વિદ્યાર્થીઓના શબ્દોમાં અને એમને ગમે તે રીતની હોય તો તેમના પર ધારી અસર નિપજાવે છે. પ્રસ્તુત વાર્તાને બાળભોગ્ય શૈલીમાં રજૂ કરવી. દૃશ્ય-શ્રાવ્ય સાધનોનો પણ ઉપયોગ કરી શકાય.
- **વાર્તાકથન :** વિદ્યાર્થીઓ દ્વારા વાર્તાકથન કરાવવું.
- **વાર્તાવાંચન :** યોગ્ય સ્વરભાર સાથે ભાવવાહી, આદર્શ વાંચન કરવું અને વિદ્યાર્થીઓ પાસે વ્યક્તિગત ધોરણે વાંચન કરાવવું.

➤ શિક્ષક નોંધ :



"શું ?"

"સોનાની વીંટી."

"લાવો, હુંયે શોધવા લાગું." કહી બિરબલે પણ વીંટીની શોધ માંડી. ત્યાંથી પસાર થતા માણસો પણ એ શોધમાં ભળ્યા.

"તમારી ખાતરી છે કે અહીં જ પડી હતી ?" થોડી વારે ટોળામાંથી એક જણે પૂછ્યું.

"ના, અહીં નથી પડી."

"ત્યારે ?"

"પડી ગઈ છે તો ત્યાં, દૂર - " આવે અંધારા ખૂણા તરફ આંગળી કરી એણે જવાબ દીધો.

"ત્યારે અહીં શેના શોધો છો ? એટલે સુધી કંઈ ગબડી આવે ?"

"ત્યાં અંધારું બહુ છે અને અહીં દીવો છે, એટલે અજવાળે શોધી શકાય." પેલાએ જવાબ દીધો.

"મારો બેટો તદ્દન મૂરખ છે. આપણને નકામી મહેનત કરાવી." એમ તિરસ્કારથી કહીને વીંટી શોધવા ભેગા થયેલા લોકો ત્યાંથી ચાલી ગયા. બિરબલે એનાં નામઠામ લખી લીધાં.

બીજે દિવસે બિરબલ નદી કિનારે ફરતો હતો ત્યાં એણે એક માણસને રેતીના ઢગલામાં કંઈ શોધતો જોયો. "શું શોધો છો, ભાઈ ?" બિરબલે પૂછ્યું.

"હું નદીમાં નાહવા ગયો હતો ત્યારે મારી આંગળીએ હીરાની વીંટી હતી તે મેં અહીં રેતીમાં દાટી હતી. હવે તે જડતી નથી." પેલાએ કહ્યું.

"ક્યાં દાટી હતી તે બરાબર ખબર છે ?"

"હા, અહીં રેતીમાં - ઊંડો ખાડો પાડીને દાટી હતી."

"પણ કંઈ નિશાની રાખી છે ?"

"હા, નિશાની રાખ્યા વગર તે કંઈ દાટું ખરો ?"

"શી નિશાની રાખી હતી ?"

"જ્યાં મેં વીંટી દાટી હતી ત્યાં બરાબર તેની ઉપર આકાશમાં ઊંટના જેવા દેખાવનું એક વાદળ હતું. પણ હવે એ વાદળુંયે દેખાતું નથી ને વીંટીયે દેખાતી નથી." પેલાએ નિરાશ થઈ કહ્યું.

બિરબલે એનાં પણ નામઠામ પૂછીને લખી લીધાં.

૧૪

ગુજરાતી ધોરણ - ૪

➤ ટિપ્પણ :

- શબ્દોના અર્થ માટે વિદ્યાર્થીઓ તે શબ્દોનો વાક્ય પ્રયોગ કરવા પ્રયત્ન કરે તેવું માર્ગદર્શન શિક્ષકે આપવું.
- જરૂર જણાય ત્યાં શબ્દકોશનો ઉપયોગ કરવો.

➤ શિક્ષક નોંધ :



અકબરે આપેલી મહેતલ પૂરી થઈ એટલે દરબારમાં જઈને ઉપર ગણાવેલ ચારેય જણાનાં નામઠામ આપી અકબરને એ સૌને બોલાવી મંગાવવા કહ્યું, "આપે માગેલા મૂરખના સરદાર આ રહ્યા, નામદાર ?"

"પણ આ તો ચાર જ છે. મેં તને છ લાવવાનું કહ્યું હતું." અકબરે કહ્યું.

"નામદાર, છ યે છ હાજર છે." બિરબલે જવાબ દીધો.

"આ તો ચાર દેખાય છે. બાકીના બે ક્યાં છે ?" અકબરે પૂછ્યું.

"આ ચાર તો આપ નામદારે જોયા. પાંચમો હું." બિરબલે કહ્યું.

"તું ? તું મૂરખનો સરદાર ?" અકબરે નવાઈ પામી પૂછ્યું.

"હા, નામદાર."

"કેમ ?"

"જાણે બીજાં કોઈ કામ ન હોય તેમ મૂરખાઓની શોધ કરવા હું નીકળ્યો ને મેં આઠ દહાડા નકામા બગાડ્યા તે હું મૂરખનો સરદાર નહિ તો બીજું શું ?" બિરબલે કહ્યું.

"અને છઠ્ઠો ?"

"છઠ્ઠો-નામદાર! કસૂર માફ કરજો. પણ રાજકાજનાં ને બીજાં અનેક સારાં કામો પડતાં મૂકી મૂરખના સરદારો શોધી દરબારમાં આણવાનો મને હુકમ કરનાર તે છઠ્ઠો મૂરખનો સરદાર." બિરબલે કહ્યું.

"એટલે - એ તો હું." અકબરે કહ્યું.

"હા, નામદાર! આપણે બન્ને; હું મૂરખને શોધવા માટે ગયો એટલે હું મૂરખ ને આપે મને શોધવા મોકલ્યો માટે આપ." બિરબલે કહ્યું.

"કેટલું ગુમાન! બાદશાહનું અપમાન! બિરબલને સજા થવી જોઈએ"

એક દરબારી બોલી ઊઠ્યો.

"નહિ, નહિ!" અકબરે હસીને કહ્યું. "બિરબલ સાચું કહે છે. એણે ટકોર કરીને પણ મને ખરી વાતનું ભાન કરાવ્યું છે. મૂરખાઓના વિચારમાં અથવા મૂરખાઓને શોધવામાં વખત બગાડ્યો એ પણ મૂર્ખાઈ નહિ તો બીજું શું!" બાદશાહે કહ્યું. પછી બિરબલને ઈનામ આપી રાજી કર્યા.

• ટિપ્પણ

બિરબલ અકબરના દરબારનો એક દરબારી; તે તેના બુદ્ધિચાતુર્ય તેમજ હાજરજવાબીપણા માટે જાણીતો હતો. **નામદાર** માનનીય, રાજા માટેનું માનવાચક સંબોધન **ચતુર** હોશિયાર, ચાલાક **રજા લીધી** વિદાય થવા પરવાનગી

➤ સ્વાધ્યાય :

પ્ર-૧ વાર્તામાં આવતા સંવાદ વર્ગમાં રજૂ કરાવવા. સંવાદ રજૂ કરતી વખતે અભિનય જરૂરી નથી પણ સંવાદમાં ભાવાભિવ્યક્તિ થવી આવશ્યક છે.

પ્ર-૨ પ્રશ્નોત્તરી : એકમ અનુરૂપ જ્ઞાનમૂલક પ્રશ્નો પૂછવા.

➤ શિક્ષક નોંધ :



લીધી. **ઘોડેસવાર** ઘોડા ઉપર સવારી કરનાર **ભારો** ઘાસ વગેરે એકઠાં કરી બાંધતાં થતી મોટી ભારી **નામઠામ** નામ અને રહેઠાણ **મહેતલ** મુદત, સમયમર્યાદા **કસૂર** વાંક, ભૂલ **આણવાનો** (બોલાવી) લાવવાનો **ગુમાન** અભિમાન **અપમાન** તિરસ્કાર **ટકોર** સૂચના, ઠપકો **ભાન કરાવ્યું** સાચી સમજ આપી. **મૂરખનો સરદાર** મહામૂર્ખ, ભારે મૂરખ

• સ્વાધ્યાય

૧. શિક્ષકની મદદથી આ વાર્તાને સંવાદરૂપે રજૂ કરવા જરૂરી પાત્રોની નોંધ નીચે આપેલ જગ્યામાં કરો.

(૧) _____ (૨) _____ (૩) _____

(૪) _____ (૫) _____ (૬) _____

૨. નીચેના પ્રશ્નોના જવાબ લખો.

(૧) બાદશાહે બિરબલને શું કામ સોંપ્યું ?

(૨) ઘોડેસવાર કઈ રીતે મૂરખ હતો ?

(૩) કાદવમાં પડેલા માણસની શી મૂર્ખાઈ હતી ?

(૪) સોનાની વીંટીવાળો અને હીરાની વીંટીવાળો આ બન્ને માણસમાંથી તમને ક્યો માણસ વધારે મૂરખ લાગે છે ? કેમ ?

૧૬

ગુજરાતી ધોરણ - ૪

પ્ર-૩ આ પ્રશ્નોના ઉત્તર દરેક વિદ્યાર્થીના પોતાના આગવા, અલગ-અલગ હોઈ શકે છે. વિદ્યાર્થીઓની કલ્પનાશક્તિ મોખિક લેખનશક્તિ ખીલવણી હેતુસર આ પ્રશ્નો મૂકાયા છે.

પ્ર-૪ વિદ્યાર્થીઓ પુસ્તકાલયના ઉપયોગથી બિરબલ વિશે વધુ માહિતી મેળવે - નોંધે તેની તકેદારી રાખવી. અન્ય રમૂજી વાર્તાઓ વંચાવવી - રજૂ કરાવવી.

➤ **શિક્ષક નોંધ :** _____

(૫) બિરબલે કુલ કેટલા મૂરખના સરદાર શોધ્યા ? ક્યા ક્યા ?

૩. નીચેની વ્યક્તિઓએ શું કર્યું હોત તો તેઓ મૂરખના સરદાર ન કહેવાયા હોત ?

(૧) ઘાસના ભારાવાળો ઘોડેસવાર

(૨) કાદવમાં પડેલો પહોળા હાથવાળો માણસ

(૩) વાદળાંની નિશાની રાખી રેતીમાં વીંટી દાટનાર

(૪) બાદશાહ અકબર

૪. અકબર-બિરબલની બીજી વાર્તાઓ વાંચો અને બિરબલ વિશે લખો.

પ્ર-૫ વિદ્યાર્થીઓ પોતાને મનગમતો ટુચકો એની આગવી શૈલીમાં લખતો થાય તે જરૂરી છે. વિદ્યાર્થીઓને સંદર્ભ સાહિત્યમાં ટુચકાઓનું વાંચન કરાવી ટુચકાલેખનનો મહાવરો કરાવવો.

પ્ર-૬ પુસ્તકાલયમાંથી સંદર્ભ સાહિત્યનું વાંચન કરાવવું.

- રમૂજી વાર્તાનું નાટ્યીકરણ કરાવવું. સંવાદ એ નાટ્યીકરણનો એક ભાગ માત્ર છે તેની સમજ આપવી.

પ્ર-૭ વાક્યો બનાવવાં : ઉદાહરણ મુજબ શબ્દોનો ઉપયોગ કરી વાક્યો બનાવડાવવાં.

➤ **શિક્ષક નોંધ :** _____

૫. તમને ગમતો ટુચકો અહીં નોંધો.

૬. શાળાના પુસ્તકાલયમાંથી આવી રમૂજપ્રેરક વાર્તાઓ મેળવીને વાંચો. (બકોર પટેલ, છકો-મકો, સોટી-પોઠી, મિયાં ફુસકી અને તભા ભટ્ટ વગેરેની વાર્તાઓ વાંચો.) તમને ખૂબ જ મઝા પડી હોય તેવી બે વાર્તાનાં નામ અહીં નોંધો.

(૧) _____ (૨) _____

૭. "મૂરખાઓને પણ તેમના બોલવા-ચાલવા પરથી ઓળખી શકાય." આ વાક્યમાં લીટી દોરેલા શબ્દો ફરીથી વાંચો.

- એવા ક્યા ક્યા શબ્દો છે કે જેને આપણે વ્યવહારમાં સાથે વાપરીએ છીએ ? ઉદાહરણ જુઓ અને આવા બીજા શબ્દો લખો.

ઉદાહરણ : બોલવા - ચાલવા

ઉઠવા - બેસવા

(૧) _____ - _____ (૪) _____ - _____

(૨) _____ - _____ (૫) _____ - _____

(૩) _____ - _____

૧૮

ગુજરાતી ધોરણ - ૪

પ્ર-૮ અનુલેખન : આપેલાં વાક્યોનું અનુલેખન કરાવવું. વિદ્યાર્થીઓ અનુલેખનમાં વિરામચિહ્નોનો ઉપયોગ કરે તેની કાળજી રાખવી.

➤ **પ્રવૃત્તિ :**

- ટુચકાસંગ્રહનો અંક બનાવડાવવો.
- રમૂજીચિત્રો/ચિત્રવાર્તાઓનો અંક બનાવડાવવો.
- કાર્ટૂન ચિત્રો ભેગા કરાવવાં.



હવે ઉપર નોંધેલા શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.

ઉદાહરણ :

(૧) ઉઠવા - બેસવા

વાક્ય : એની સાથે ઉઠવા-બેસવામાં કોઈ વાંધો નથી.

(૨) _____

વાક્ય : _____

(૩) _____

વાક્ય : _____

(૪) _____

વાક્ય : _____

(૫) _____

વાક્ય : _____

૮. નીચે આપેલાં વાક્યો કોણ બોલે છે તે લખો, તેમજ વાક્યનું અનુલેખન કરો.

(૧) "જેવો હુકમ, નામદાર !" ☐

_____

(૨) "પણ ઘોડા પર મૂકતાં શું થતું હતું ?" ☐

_____

(૩) "ભાઈ, મને બેઠો કરો. ભગવાન તમારું ભલું કરશે." ☐

_____

(૪) "કેટલું ગુમાન ! બાદશાહનું અપમાન ! બિરબલને સજા થવી જોઈએ." ☐

_____

૧૯

મૂરખના સરદારો

- ચિટકકામ (કોલાજ વર્ક) દ્વારા રમૂજીચિત્ર બનાવડાવવા.

➤ **શિક્ષક નોંધ :** _____

પ્ર-૯ **શબ્દ વાચન** : આપેલા શબ્દો આગળ પાછળથી વંચાવવા. આવા વાક્યો પણ બનાવી વંચાવવા. દા.ત. **લીમડી ગામે ગાડી મલી.**

પ્ર-૧૦ કાદવમાં પડેલા માણસનું કાલ્પનિક ચિત્ર દોરવા અને વર્ણન લખવા માર્ગદર્શન આપવું.

- વિદ્યાર્થીઓ દ્વારા નાટ્યીકરણ કરાવવું.
- શિક્ષકે એકમ દરમિયાન જરૂરી હોય ત્યાં એનીમેશન ફિલ્મો, CD, કાર્ટૂનચિત્રો કે અન્ય સંસાધનોનો ઉપયોગ કરવો - ઈન્ટરનેટ ઉપરથી પણ હાસ્યકથાઓ કમ્પ્યૂટર દ્વારા બનાવવી.

➤ સ્થાનિક સંદર્ભ સાહિત્ય :

- બકોર પટેલ, છકો-મકો, સોટી-પોઠી, મિયાંફુસકી અને તભા ભટ્ટ, અકબર-બિરબલ, મુલ્લા નસરુદ્દીન વગેરેની વાર્તાઓનો સંગ્રહ.
- વાર્તાઓની સીડી.
- બાળસાહિત્ય-સામયિકો, છાપાંની પૂર્તિઓ.

➤ મૂલ્યશિક્ષણ :

- સારા-નરસાના ભેદની સમજ તથા વિવેકબુદ્ધિ વિકસાવવા બાળ અદાલતની પ્રવૃત્તિ કરાવવી.
- કામનું મહત્ત્વ સમજાવવા સમૂહ સફાઈ કરાવી શકાય.

➤ શિક્ષક નોંધ : _____



૯. નીચેના શબ્દો આગળથી અને પાછળથી વાંચો

• તરત • નયન • કાલિકા • નવજીવન

આગળ-પાછળથી વાંચતાં સરખા લાગે તેવા ચાર શબ્દો અહીં નોંધો અને બીજાને વંચાવો.

(૧) _____ (૨) _____

૧૦. 'કાદવમાં પડેલા માણસ'ની કલ્પના કરી તેનું વર્ણન કરો.

_____

_____

_____

_____

_____

_____

૨૦

ગુજરાતી ધોરણ - ૪

૧૦. પત્ર લખવાની મજા

➤ **હેતુઓ :** ૧.૧, ૨.૩, ૨.૬, ૩.૬, ૪.૬, ૫.૪

➤ **વિશિષ્ટ હેતુઓ :**

- પત્રલેખન અંગે સમજ મેળવી પત્રલેખન કરે
- જોયેલું, સાંભળેલું, કલ્પેલું, અનુભવેલું વર્ણવી શકે.
- બે શબ્દો વચ્ચે યોગ્ય અંતર રાખી સ્વચ્છ અને સુવાચ્ય લખાણ લખે.
- ચિત્ર તથા વિષયના આધારે પોતાના શબ્દોમાં વર્ણન કરે.

➤ **આપણું લક્ષ્ય :**

- વિદ્યાર્થીઓ પત્રલેખન અંગે સમજ મેળવે.
- સ્વતંત્ર લેખન કરે. લેખન અંગેની કાળજી રાખે.
- વિવિધ પ્રકારના પત્રો, પરબીડિયાં, ટિકિટ વગેરેનો સંગ્રહ કરે અને પ્રદર્શન યોજે.
- શબ્દકોશનો ઉપયોગ કરે.

➤ **શિક્ષક નોંધ :** _____

૧૦ પત્ર લખવાની મજા !

– ડૉ. ઈશ્વર પરમાર

મારું નામ રેશમા કિરીટભાઈ ચૌહાણ. ગામ કરમપુર. અમારા ગામના પાદરમાં એક વડલો છે. વડલાની પાસે જ અમારી નિશાળ છે. અમારા વર્ગશિક્ષક અશોકભાઈ સોમપુરા છે. તેઓ અમને ખૂબ પ્રેમથી ભણાવે, હસતાં-હસાવતાં શીખવે. ધમકાવે કે મારે નહીં. નિશાળમાં અમને મજા પડે. અમારા સાહેબ અમને વર્ગમાં જ વહાલ કરે એવું નહીં, વર્ગની બહાર કે રિસેસમાં અમારી સાથે વાતો કરે. નિશાળની બહાર મળી જાય તો 'મજામાં ?' એમ કહીને હાથ ઊંચો કરે. આવા પ્રેમાળ શિક્ષક પાસે જૂન મહિનાથી ભણતાં ભણતાં ક્યારે ઑક્ટોબર મહિનો આવી ગયો તેની ખબર પણ ન પડી.

વેકેશન જાહેર થયું. અમે બધાં રાજી થતાં નિશાળેથી ઘર તરફ જતાં હતાં, ત્યાં પાછળથી આવતા અશોકભાઈ અમારી સાથે થઈ ગયા અને વડલાની છાયામાં અમારી વચ્ચે ઊભા. અશોકભાઈ કહે - બાલદોસ્તો, વેકેશનમાં શું કરશો ?

અમે કહ્યું : નવાં નવાં કપડાં પહેરીશું, ફરવા જઈશું અને દિવાળીની મીઠાઈઓ ખાઈને મોજ કરીશું.

યશ બોલ્યો : સાહેબ, તમે તો અમને ભૂલી જશો, પણ અમે તમને નહીં ભૂલીએ હોં ?

૨૧

➤ એકમ પ્રવેશ :

વિદ્યાર્થીઓને પ્રશ્નોત્તરી કરી પૂર્વજ્ઞાન ચકાસવું.

દા.ત. (૧) તમારા ઘરે કોના કોના પત્રો આવે છે ?

(૨) લખેલો પત્ર કોનો છે... કેવી રીતે ખબર પડે છે ?

➤ શિક્ષક નિર્દેશ :

- **આદર્શ વાંચન :** વર્ગમાં યોગ્ય આરોહ-અવરોહ સાથે પાઠનું મોટેથી વાંચન કરવું.
- **મૂક વાંચન :** વિદ્યાર્થીઓને વ્યક્તિગત મૂકવાંચન કરાવવું.

➤ શિક્ષક નોંધ :



અશોકભાઈ કહે : ના રે ના, તમને તે કાંઈ ભૂલી જવાય ? હું તમને બધાંને પત્ર લખીશ.

વસંત કહે : સાહેબ, પત્ર કેવી રીતે લખાય ? અમને શીખવાડોને !

અશોકભાઈ કહે : મારો પત્ર આવે તે વાંચજો, સમજાઈ જશે.

ખરેખર, અશોકભાઈએ લખેલો પત્ર ગઈ-કાલે જ મને ટપાલીએ આપ્યો. અમારા વર્ગના મોટાભાગના વિદ્યાર્થીઓએ પત્ર વાંચ્યો. વારંવાર વાંચ્યો. આ રહ્યો એ પત્ર :

અશોકભાઈ બી. સોમપુરા,
બી/૨૬, અંબિકા સોસાયટી,
મુ. વીરનગર, જિ. વડોદરા.
તા. ૨૦/૧૦/૧૧

પ્રિય બાળકો,

તમે બધાં મજામાં હશો. હું પણ મારા પરિવાર સાથે ખુશખુશાલ છું. દિવાળીની રજાઓમાં ખાવા-પીવાની, રમવાની ને ફરવા જવાની મજા પડી ગઈ હશે ખરું ને ? મને તમારી બહુ યાદ આવે છે. તમે બધાં મને પૂછતાં હતાં ને કે પત્ર કેવી રીતે લખાય ?

જુઓ, ત્યારે પત્ર લખનારે પોતાનું નામ, સરનામું તથા તારીખ પત્રના મથાળે જમણી બાજુએ લખવું. આપણે જેમને પત્ર લખતા હોઈએ તેમને યોગ્ય સંબોધન લખવું. આપણાંથી મોટા હોય તેમને 'પૂજ્ય' કે 'આદરણીય' અને મિત્ર કે સરખી ઉંમરના માટે 'પ્રિય' કે 'સ્નેહી' એવું લખી શકાય. સંબોધન પછીની અલગ લીટીમાં યોગ્ય વિવેકવચન લખવું. જેમકે વડીલો માટે 'સાદર પ્રણામ.' અને મિત્રો માટે 'સ્નેહભરી યાદ.' લખી શકાય. આ પછી ફકરો પાડીને જે કારણસર પત્ર લખ્યો હોય તે વિશે લખવું. પત્રના અંત ભાગમાં વિદાય વચન લખવાનું હોય છે. જેમકે, લિ. સ્નેહાધીન રેશ્માના નમસ્કાર. આમ, અહીં પત્ર પૂરો થયો કહેવાય. તે પછી પરબીડિયા કે કવર પર પત્ર મેળવનારનું પૂરું નામ-સરનામું, પિનકોડ નંબર સહિત લખવું જોઈએ. તેની બીજી બાજુએ પત્ર લખનારનું નામ - સરનામું હોય.

બાલદોસ્તો, પત્રલેખનમાં બીજી પણ આટલી કાળજી રાખીએ તો આપણે લખેલ પત્ર બીજાને વાંચવાની મજા આવે.

- લખાણના બધા જ અક્ષરો મરોડદાર, વ્યવસ્થિત અને યોગ્ય રીતે લખાયેલા હોય.
- બધા જ અક્ષરો અને શબ્દો આડી-સીધી લીટીમાં લખેલા હોય.
- બે અક્ષર વચ્ચે, બે શબ્દ વચ્ચે તેમજ બે લીટી વચ્ચે યોગ્ય અને એક સરખું અંતર રાખેલું હોય.

૨૨

ગુજરાતી ધોરણ - ૪

➤ **ટિપ્પણ :** પિનકોડ જેવા શબ્દોનો અર્થ સમજાવવા. શિક્ષકે માર્ગદર્શન આપવું. પત્રલેખનનું માળખું પણ સમજાવવું.

➤ **સ્વાધ્યાય :**

પ્ર-૧ ટૂંકા પ્રશ્નો દ્વારા પાઠની વિસ્તૃત ચર્ચા કરવી. પત્રલેખન સંદર્ભે કઠિન શબ્દો, સંબોધન, વિવેકવચન, સમાપન, વિદાયવચન, સરનામું આદિ વિશે વિસ્તારથી સમજ આપવી.

- શિક્ષકે પોસ્ટકાર્ડ, કવર અને આંતરદેશીય પત્રો લાવવા અને બતાવવા.
- વિદ્યાર્થીઓને પત્રો બતાવવા અને જુદા જુદા વિષયો જૂથમાં આપી પોસ્ટકાર્ડ જેવા પત્રોનું લેખન કરાવવું.



- અક્ષરો ઘૂંટેલા, જાડા-પાતળા ન હોય કે લખાણમાં છેકછાક ન હોય.
- અક્ષરોનો વળાંક એકસરખો જ હોય.
- વિરામચિહ્નોનો યોગ્ય ઉપયોગ થયો હોય.
- લેખનમાં ભાષાકીય ભૂલો ન હોય.
- પત્રમાં પોતાના વિચારોને સ્પષ્ટ અને સરળ રીતે રજૂ કરેલા હોય.

મારો આ પત્ર વાંચીને તમે પણ મને પત્ર લખજો. વેકેશનમાં તમે કઈ-કઈ પ્રવૃત્તિઓ કરી તે વિશે તો ખાસ લખજો. જે વિદ્યાર્થીઓના પત્રો મને મળશે, તે બધા જ પત્રો વેકેશન પછી હું નિશાળમાં લઈ આવીશ.

અત્યારે વિજ્ઞાનયુગમાં મોબાઈલ, કમ્પ્યૂટર અને ઈ-મેઈલનો વપરાશ ખૂબ વધી ગયો છે. જેથી પત્રો ખૂબ ઓછા લખાય છે. છતાંય ખુલ્લા મને મોકળાશથી પત્ર લખવાની અને આવા પત્રો વાંચવાની મજા તો કાંઈ ઓર જ હોય છે ! તમારા વડીલોને મારા વંદન કહેજો. તમે સદાય આનંદમાં રહો તેવી શુભેચ્છા પાઠવું છું.

- અશોક સોમપુરાના આશિષ.

• ટિપ્પણ

સંબોધન બોલાવવા વપરાતો શબ્દ **સાદર** આદર (માન) સાથે. **પિનકોડ** પોસ્ટલ ઈન્ડેક્ષ નંબર જે છ અંકનો હોય છે. **ભાષાકીય ભૂલો** ભાષાને લગતી ભૂલો. **મોકળાશથી** નિખાલસતાથી **લિ.** લિખિતંગ (પત્ર લખનાર)

• સ્વાધ્યાય

૧. નીચેના પ્રશ્નોના મૌખિક જવાબ આપો.

(૧) બાળકોને કોણે પત્ર લખ્યો છે ?
(૨) વેકેશનમાં બાળકો શું કરશે ?
(૩) અશોકભાઈએ કઈ તારીખે પત્ર લખ્યો હતો ?
(૪) આપણાંથી મોટા હોય તેમને સંબોધનમાં શું લખવું જોઈએ ?
(૫) સરખી ઉંમરના કે આપણાથી નાનાં માટે સંબોધનમાં શું લખાય ?
(૬) પોસ્ટકાર્ડ, કવર કે અંતર્દેશીય પત્રો ક્યાંથી મળે ?

૨૩

પત્ર લખવાની મજા

➤ **શિક્ષક નોંધ :** _____

પ્ર-૨ અત્યાર સુધી વિદ્યાર્થીઓ ક્યા ક્યા શિક્ષક પાસે ભણ્યા છો ? ચર્ચા કરવી.

- વિદ્યાર્થીઓ પાસે તેમના મિત્રના નામની ચર્ચા કરવી.

દા.ત.

૧. તમારા મિત્રો કોણ કોણ હતા ?

૨. હાલમાં કોણ કોણ છે ?

વગેરે...

➤ **શિક્ષક નોંધ :** _____



(૭) ટપાલ દ્વારા મોકલેલ પત્ર ક્યારે ન પહોંચે ?

(૮) પત્રલેખનમાં અક્ષરો અંગે શી કાળજી રાખવી જોઈએ ?

૨. **માગ્યા મુજબ લખો.**

(૧) રેશ્માના વર્ગશિક્ષકનું નામ

(૨) તમારા વર્ગશિક્ષકનું પૂરું નામ

(૩) અશોકભાઈ સોમપુરાનું સરનામું

(૪) તમારું નામ અને સરનામું

(૫) તમારા મિત્રનું નામ અને સરનામું

૨૪

ગુજરાતી ધોરણ - ૪

પ્ર-૩ વિદ્યાર્થીના ઘરેથી પત્ર મંગાવી તેના આધારે ચર્ચા કરાવવી.

પ્ર-૪ પોસ્ટ ઑફિસની મુલાકાત કરાવી વિશેષ માહિતી આપવી, સંદેશા-વ્યવહારનાં અન્ય સાધનો વિશે માહિતી આપવી.

- પોસ્ટમાસ્ટર, ટપાલી અને અન્ય કર્મચારીઓની રૂબરૂ મુલાકાત કરાવી વાતચીત કરાવવી. (ઇન્ટરવ્યૂ)
- પુસ્તકાલયના ઉપયોગથી ટપાલ, ટપાલી, ટેલિફોન, મોબાઇલ, કમ્પ્યૂટર, તાર વગેરે વિષયક ગીત/જોડકણાંનું ગાન કરાવવું.



૩. તમારા ઘરે આવેલ જૂનો કે નવો પત્ર વર્ગમાં લઈ આવો. એક-બીજાને વંચાવો. પછી નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.

(૧) આ પત્ર તમારા ઘરે કોણે લખ્યો હતો ?

(૨) પત્ર કોને મોકલ્યો હતો ?

(૩) પત્ર કઈ તારીખે લખ્યો હતો ?

(૪) પત્ર પર કઈ પોસ્ટ ઑફિસનો સિક્કો છે ? વર્ગશિક્ષકને પૂછો અને નામ લખો.

૪. પોસ્ટ ઑફિસની મુલાકાત લો. ત્યાં શું શું મળે છે ? તેની અહીં નોંધ કરો.

૫. જૂનાં લખાયેલાં વિવિધ પ્રકારનાં શુભેચ્છાપત્રો, ક્રિસમસકાર્ડ્સ, ઈદકાર્ડસ, કંકોત્રીઓ ભેગાં કરો તેમાંથી મનપસંદ પત્રો કે કંકોતરી વર્ગમાં લઈ આવો. વર્ગશિક્ષક અને મિત્રોને બતાવી ચર્ચા કરો. તમે પણ શુભેચ્છાકાર્ડ તૈયાર કરો.

૨૫

પત્ર લખવાની મજા

- શ્રુતલેખન કરાવવું.
- પોસ્ટકાર્ડ લેખન કરાવી પોસ્ટ કરાવવા માર્ગદર્શન આપવું.
- **પ્રવૃત્તિ :** ટિકિટ સંગ્રહ કરાવવો. પ્રદર્શન યોજવું.

પ્ર-૫ વિવિધ શુભેચ્છા પત્રો કંકોતરી, ક્રિસમસ કાર્ડ, દિવાળીકાર્ડ, ઈદકાર્ડ, જન્મદિનના શુભેચ્છા કાર્ડ વગેરેનું પ્રદર્શન યોજવું.

➤ **શિક્ષક નોંધ :** _____

પ્ર-૬ આપેલાં ચિત્રો વિશે વિસ્તૃત ચર્ચા કરી લેખન લખવા માર્ગદર્શન આપવું.

- રજા ચિઠ્ઠી લખાવવી.
- પત્રલેખન કરાવવું.
- શબ્દકોશનો ઉપયોગ કરાવવો.

પ્ર-૭ અનુલેખન : આપેલાં વાક્યોનું અનુલેખન કરાવવું. બાળકો અનુલેખનમાં વિરામચિહ્નોનો ઉપયોગ કરે તેની કાળજી રાખવી.

- **શ્રુતલેખન :** શિક્ષક વાક્યો બોલી શ્રુતલેખન કરાવશે.

➤ **શિક્ષક નોંધ :** _____



૬. નીચેનાં ચિત્રો જુઓ અને તેના વિશે પાંચ વાક્યો લખો. (કોઈપણ એક)

૭. નીચેનું વાક્ય કોણ બોલે છે તે બાજુના ખાનામાં લખો અને વાક્યનું અનુલેખન કરો.

(૧) બાલદોસ્તો, વેકેશનમાં શું કરશો ?

(૨) સાહેબ, પત્ર કેવી રીતે લખાય ?

૨૬

ગુજરાતી ધોરણ - ૪

➤ સ્થાનિક સંદર્ભ સાહિત્ય :

- વિવિધ પ્રકારના કોરા અને લખાયેલા પત્રો (પોસ્ટકાર્ડ, પરબીડિયાં, આંતરદેશીય પત્રો, કંકોતરી)
- વિવિધ પ્રકારની ટિકિટો
- પોસ્ટઑફિસ-ટપાલી

➤ મૂલ્યશિક્ષણ :

- શિષ્ટાચાર, વિનય, રીત-ભાત માટે પ્રાર્થના સંમેલન અને રોજિંદા વ્યવહારમાં સંબોધન આદિ શિષ્ટાચાર કરવો-કરાવવો.


(૩) સાહેબ, તમે તો અમને ભૂલી જશો.

(૪) મારો પત્ર આવે તે વાંચજો.

૨૭

પત્ર લખવાની મજા

➤ શિક્ષક નોંધ :

પુનરાવર્તન - 3

➤ **હેતુઓ :** ૧.૧ ૩.૨ ૫.૨ ૪.૬ ૫.૧

➤ **વિશિષ્ટ હેતુઓ :**

- સંવાદ અને ટુચકો વાંચે, સાંભળે અને સમજે.
- શબ્દકોષ્ટક કે શબ્દરમત દ્વારા શબ્દ કે વાક્ય બનાવે.
- સારી-નરસી બાબતો અંગે ચિંતન કરી યોગ્ય નિર્ણય કરે.
- કક્કાવારીનો ક્રમ અને પ્રત્યય નો સમજપૂર્વક ઉપયોગ કરે.
- આપેલ ચિત્રોનું વર્ણન કરે.

➤ **આપણું લક્ષ્ય :**

- સાંભળેલું, શીખેલું, અનુભવેલું મહાવરા દ્વારા દૃઢ કરે.
- શબ્દ રમત દ્વારા શબ્દભંડોળ વધારે અને તેનો ઉપયોગ કરે.
- વિવેકદૃષ્ટિ કેળવે.
- શબ્દકોશનો ઉપયોગ કરે.
- ચિત્ર કે વિષય પર સ્વતંત્ર લેખન/વર્ણન કરે.

➤ **શિક્ષક નિર્દેશ :**

- **સંવાદ વાંચન :** પુનરાવર્તનના ફકરાના સંવાદનું શિક્ષકે આદર્શ વાંચન કરવું. વિદ્યાર્થીઓને મૂકવાચન કરાવવું.

➤ **સ્વાધ્યાય :**

પ્ર-૧ પ્રશ્નોત્તરી : સંવાદ આધારે પ્રશ્નોત્તરી કરાવવી. સારી-નરસી બાબતોનું ધ્યાન દોરવું. વિવેકપૂર્ણ નિર્ણય કરે તેવા પ્રશ્નો પૂછવા. વિદ્યાર્થી પ્રશ્નો બનાવે તેવી પરિસ્થિતિ નિર્માણ કરવી.

પ્ર-૨ પ્રશ્નોત્તરી : વિદ્યાર્થી પ્રશ્નોનું સર્જન કરે તેવી પરિસ્થિતિ નિર્માણ કરવી અને પાંચ-સાત વાક્યોનું લેખન કરાવવું.



પુનરાવર્તન - ૩

૧. નીચેનો ફકરો ધ્યાનથી વાંચો અને નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર વિચારીને કહો તથા તમો પણ બીજા બે પ્રશ્નો બનાવો.

એક દિવસ સંજય અને વેદાંત શાળાએ જઈ રહ્યા હતા. રસ્તામાં તેમની સાથે જ અભ્યાસ કરતી કાજલનો સ્કૂટર સાથે ટકરાવાથી અકસ્માત થયો. તેને ઘણી જ ઈજા થઈ હતી. આ જોઈને વેદાંતે કહ્યું : "સંજય, આ કાજલને તો ઘણી ઈજા થઈ છે. આપણે તેને મદદ કરવી જોઈએ."

"પણ... આપણે શાળાએ જવાનું મોડું થશે અને સાહેબ આપણને વઢશે." સંજયે કહ્યું.

"અરે ! સારું કાર્ય કરવામાં તો સાહેબ ન બોલે. આપણે કાજલના ઘેર સમાચાર આપવા જોઈએ અને તેની સારવાર માટે તેને દવાખાને પહોંચાડવી જોઈએ." વેદાંત બોલ્યો.

"તારે જવું હોય તો જા, હું તો શાળાએ જ જઈશ." સંજય ન માન્યો.

ત્યાર બાદ વેદાંત કાજલને દવાખાને સારવાર માટે લઈ ગયો અને કાજલના ઘેર ફોન કરી તેનાં માતા-પિતાને સમાચાર આપ્યા. આ વાતની જ્યારે સાહેબને ખબર પડી ત્યારે સાહેબે વેદાંતને બીજાની મદદ કરવા બદલ શાબાશી આપી.

૧. સંજય અને વેદાંત શાળાએ જતા હતા ત્યારે રસ્તામાં કઈ ઘટના બની ?

૨. વેદાંતનો શો ઈરાદો હતો ?

૩. કાજલનાં માતા-પિતાને અકસ્માતના સમાચાર કેવી રીતે મળ્યા ?

૪. _____

૫. _____

૨. નીચેના પ્રશ્નો અંગે વિચારો અને ઉત્તર કહો.

(૧) વેદાંતની જગ્યાએ તમે હોય તો શું કરો ?

(૨) અકસ્માત ક્યાં કારણોને લીધે સર્જાય છે ?

(૩) રસ્તા પર ચાલતાં શી કાળજી રાખશો ?

૩. નીચેનો ટુચકો વાંચો.

પપ્પા : (પિન્ટુને) પિન્ટુ, તું અહીં વાડામાં ખાડો કેમ ખોદે છે ?

પિન્ટુ : પપ્પા, જુઓ આ ગુલાબનો છોડ રોપું છું.

૨૮

ગુજરાતી ધોરણ - ૪

પ્ર-૩ ટુચકા : વિદ્યાર્થીઓને આવડતા ટુચકા સાંભળવા. વર્તમાનપત્રો કે હાસ્યકથાઓમાંથી ટુચકા એકઠા કરી લખાવવા.

પ્ર-૪ શબ્દકોષ્ટક : શબ્દકોષ્ટકમાંથી અર્થપૂર્ણ શબ્દ શોધી વાક્યો બનાવવા. વાક્યોનું/શબ્દોનું કથન કરાવવું.

પ્ર-૫ પત્ર વાંચન : શિક્ષકે પત્રનું આદર્શ વાંચન કરી બાળકો પાસે વાંચન કરાવવું. પત્ર આધારિત ખાલી જગ્યા પૂરવા માર્ગદર્શન આપવું.

➤ **કાવ્યકોશ :** કક્કાવારીનો ક્રમ શીખવવો. શબ્દકોઠામાં કક્કાવારીના ક્રમમાં મૂળાક્ષરોની ગોઠવણી સમજાવવી. વિવિધ શબ્દજૂથ આપી મહાવરો કરાવવો.

પપ્પા : તારી મુઠ્ઠીમાં બીજું શું છે ? બતાવ તો.

પિન્ટુ : (મુઠ્ઠી ખોલીને) પપ્પા, આ જાંબુનો ઠળિયો પણ ગુલાબના છોડ સાથે રોપવાનો છું

પપ્પા : (હસીને) અલ્યા, એવું તે કાંઈ થતું હશે ?

પિન્ટુ : હા, પપ્પા. અહીં આ બંને મોટાં થશે. પછી જોજોને ગુલાબજાંબુ ખાવાની કેવી મજા પડશે !

૪. ખાનામાંથી મૂળાક્ષરો લઈ અર્થપૂર્ણ શબ્દ બનાવો.

દુ	નિ	યા	ઘ	ણું
કા	ધ	ર	તી	ર
ળ	ણ	ળા	રુ	ઝ
પં	ખી	ચો	મા	સુ

દુનિયા _____ _____

_____ _____

_____ _____

_____ _____

- ઉપરના શબ્દો ઉપરથી વાક્યો બનાવો :

દુનિયા આ દુનિયા વિશાળ છે.

_____ _____

_____ _____

_____ _____

૫. નીચેનો પત્ર વાંચો

કવિતા પટેલ

તા. ૧૯/૯/૨૦૧૧

પૂજ્ય મોટાભાઈ,

સાદર નમસ્કાર ! આપ સૌ મજામાં હશો. વહાલાં દાદીમાની તબિયત હવે સારી હશે. આપને એક આનંદના સમાચાર આપું છું. મેં 'વાંચે ગુજરાત' કાર્યક્રમમાં ભાગ લીધો હતો જેમાં હું જિલ્લામાં પ્રથમ આવી છું. મને ઘણાં પુસ્તકો અને પ્રમાણપત્ર મળ્યાં છે. મારી ખુશીનો કોઈ પાર નથી. આપે મને બચપણથી જ પુસ્તકાલયનો ઉપયોગ

➤ **શિક્ષક નોંધ :** _____

પ્ર-૬ રૂઢિપ્રયોગના અર્થની સમજ આપવા માર્ગદર્શન આપવું અને વાક્યપ્રયોગ કરાવવો.

- શિક્ષકે શરીર અંગો જેવાં કે માથું, પેટ, નાક વગેરેને લગતા પણ રૂઢિપ્રયોગોની યાદી કરવી તેના અર્થ શોધાવવા અને લખાવવા.

➤ **શિક્ષક નોંધ :** _____



કરતાં શીખવ્યું હતું ને ! આપની શુભેચ્છા અને આશીર્વાદથી જ મને આ ગૌરવ મળ્યું છે. મને આપની ખૂબ યાદ આવે છે.

છેલ્લા બે મહિનાથી અમે નવા ઘરે રહેવા ગયાં છીએ તો હવે આ સરનામે પત્ર લખજો.

૨૩, વિશ્વાસ કૉલોની,

કૉલેજ પાસે, હિંમતનગર.

હું આવતા રવિવારે ઘરે આવીશ ત્યારે ઘણી બધી વાતો કરીશું. ચિ. જિગરને મીઠી યાદ.

લિ.

_____

ઉપર આપેલો પત્ર ક્યાંથી લખાયો હશે તે વિશે વિચારી પત્રનું સરનામું, તારીખ અને

લિ. _____ની અધૂરી વિગતો પૂર્ણ કરો.

૬. નીચે કેટલાક રૂઢિપ્રયોગ અને તેના અર્થ આપ્યા છે. જે અર્થ બંધબેસતો હોય તે શોધી રૂઢિપ્રયોગ સામેના કૌંસમાં તેનો નંબર લખો.

૧.	દેહ પડવો.		૧. સાચી સમજ આપવી.
૨.	ભાન કરાવવું.		૨. પડકાર ઝીલી લેવો.
૩.	આનાકાની કરવી.		૩. ભારે મૂરખ હોવું.
૪.	બોલ ઉપાડી લેવો.		૪. મૃત્યુ થવું.
૫.	મૂરખના સરદાર હોવું.		૫. હા ના કરવી.

પ્ર-૭ પ્રત્યયોની સમજ : નો, ની, નુ, નાં, ને, ના, જેવા પ્રત્યયો વિશે માહિતગાર કરવા.

- **ચિત્ર વર્ણન :** દેશનેતાના ફોટા વર્તમાન પત્રો કે જૂના પુસ્તકોમાંથી લાવવા કહી તેના વિશે પાંચ-સાત વાક્યોનું લેખન કરાવવું.
- **પુસ્તકાલયનો ઉપયોગ :** શાળાના પુસ્તકાલયમાંથી ગીત સંગ્રહનાં પુસ્તકો મેળવી કુતૂહલપ્રેરક ગીતો પૂરા પાડવાં. તેનું ગાન કરાવવું. કલ્પના કે કુતૂહલના પ્રશ્નો ઉપસ્થિત કરવા. વડીલોની માન્યતા શું છે તે જાણી લાવવા કહેવું. પછી જ શિક્ષકે સાચી બાબતનો ખ્યાલ આપવો.



બાળમિત્રો, શરીરનાં અંગો જેવાં કે માથું, પેટ, નાક વગેરેને લગતા પણ રૂઢિપ્રયોગો પ્રયોજાય છે. શિક્ષકની મદદથી તેની યાદી બનાવો. અને અર્થ જાણો.

રૂઢિપ્રયોગ:	અર્થ
૧. _____	_____
૨. _____	_____
૩. _____	_____
૪. _____	_____
૫. _____	_____

૭. કૌંસમાંથી યોગ્ય પ્રત્યય મૂકી ખાલી જગ્યા પૂરો :

(નો, નું, ની, ને, નાં)

(૧) "મારે મૂરખાઓ _____ જોવા છે."

(૨) ઘોરેસવારે હાથથી ઘોડા _____ લગામ ઝાલી હતી.

(૩) આગાખાન મહેલમાં બા _____ દેહ પડ્યો.

(૪) કસ્તૂરબા _____ લગ્ન ગાંધીજી સાથે થયું હતું.

(૫) કસ્તૂરબા ગરીબો _____ બા હતાં.

૩૧

પુનરાવર્તન - 3

- **વાક્યો બનાવો :** ઉદાહરણ મુજબ વાક્યો બનાવડાવવાં.

➤ **પ્રવૃત્તિ :-**

(૧) વિવિધ ટુચકા એકઠા કરી અંક બનાવવો.

(૨) દેશનેતાઓના ફોટા ચોંટાડી ચાર્ટ બનાવવો.

➤ **સ્થાનિક સંદર્ભ સાહિત્ય :**

(૧) શાળાપુસ્તકાલય તથા વર્તમાનપત્રો.

➤ **મૂલ્ય શિક્ષણ :-**

પરોપકાર કે સહાયવૃત્તિ કેળવવા પંખીઓ માટે પાણીનાં કૂંડાં બનાવવાં, જરૂરિયાતમંદોને મદદ કરવી. મૂંઝવણભરી પરિસ્થિતિ અને ચિંતન માટે વિવિધ કોયડા ભૂલભૂલામણીની રમતો રમાડવી અને ઉકેલ શોધવા કહેવું.

➤ **અહીં શિક્ષકે પત્રલેખનના વિષયો કેવા કેવા હોઈ શકે તેની નોંધ કરવી અને વર્ગમાં ચર્ચા કરવી.**

૧૧. બાળ નરેન્દ્ર

➤ **હેતુ :** ૧.૧, ૨.૧, ૫.૨, ૪.૫, ૩.૬

➤ **વિશિષ્ટ હેતુ :**

(૧) નાટક અને સંવાદ સાંભળે, વાંચે અને સમજે.

(૨) યોગ્ય જગ્યાએ અટકીને આરોહ-અવરોહ સાથે બોલે.

(૩) સારું-નરસું વિચારીને યોગ્ય નિર્ણય લે.

(૪) દૃશ્ય-શ્રાવ્ય સાધનોમાં રજૂ થતા મુખ્ય વિચાર સમજે.

(૫) વિષયના આધારે પોતાના શબ્દોમાં વર્ણન કરે.

➤ **શિક્ષક નોંધ :** _____



૧૧ બાળનરેન્દ્ર

– ડૉ. કનૈયાલાલ ભટ્ટ

(તારકના ઘરના આંગણામાં તારક અને નરેન્દ્ર રમે છે)

નરેન્દ્ર : તારા ફળિયાનું આ ઝાડ મને ખૂબ જ ગમે છે, તારક ! ચાલ, આપણે ત્યાં રમીએ !

તારક : ઝાડ તો મને પણ બહુ જ ગમે છે. મારા દાદાજી કહેતા હતા કે વૃક્ષો હવાને સ્વચ્છ રાખે છે.

નરેન્દ્ર : એકદમ સાચી વાત છે ! વૃક્ષો વરસાદ લાવવામાં પણ મદદરૂપ થાય છે અને પંખીઓને આશ્રય પણ આપે છે.

તારક : અને આ વૃક્ષો તડકામાં છાંયો પણ આપે છે.

નરેન્દ્ર : તારક, તું ક્યારેય વૃક્ષ ઉપર ચડ્યો છે ?

તારક : ના હોં, મને બીક લાગે.

નરેન્દ્ર : અરે, એમાં ડરવાનું શું ? જો હું આ વૃક્ષ ઉપર ચડું છું, (નરેન્દ્ર વૃક્ષના થડ પાસે જઈને ઉપર ચડવા લાગે છે. તારક નીચે ઊભો રહીને જુએ છે. થોડીવારમાં નરેન્દ્ર વૃક્ષ ઉપર ચડી જાય છે. અને ડાળે હીંચકા ખાય છે) આવી જા, તારક ! મજા આવશે હીંચકા ખાવાની,

તારક : પણ... પણ... મને બીક લાગે છે નરેન્દ્ર !

નરેન્દ્ર : એમાં તે વળી શું બીવાનું ? મારી માતા શું કહે છે. ખબર છે ? જીવનમાં નીડર બનો !

તારક : સાચી વાત છે તારી, ચાલ ત્યારે હું પણ ઉપર ચડું છું ! (તારક વૃક્ષ ઉપર ચડવાનો પ્રયાસ કરે છે એટલામાં તારકના દાદા આવી જાય છે અને ...)

દાદા : અરે, શું કરે છે તારક ! ઝાડ પર ચડે છે ? પડી જઈશ.

તારક : નહીં પડું દાદાજી, જુઓ મારો ભાઈબંધ નરેન્દ્ર પણ ઉપર હીંચકા ખાય છે.

દાદા : નરેન્દ્ર ? હા, પેલો તોફાની ને ? દત્તબાબુનો દીકરો ને ? તું વળી એના રવાડે ક્યાં ચડ્યો ? એ તો વડનાં વાંદરાં ઊતારે એવો છે ! એઈ, છોકરા ! નીચે ઊતર !

(નરેન્દ્ર ડાળે લટકીને હળવેકથી નીચે ભૂસકો મારે છે)

નરેન્દ્ર : દાદાજી, પ્રણામ !

૩૨

ગુજરાતી ધોરણ - ૪

➤ આપણું લક્ષ્ય :

- વિદ્યાર્થીઓ નાટક જેવા સાહિત્ય પ્રકારથી પરિચિત થાય.
- પોતાની વાત અને વિચારને યોગ્ય જગ્યાએ અટકીને આરોહ-અવરોહ સાથે બોલે.
- નાટક કે સંવાદમાં વ્યક્ત થતો મુખ્ય વિચાર સમજે.
- જાહેરમાં પોતાની વાત આત્મવિશ્વાસથી અને નિર્ભયતાથી રજૂ કરે.

દાદા : સુખી રહે, દીકરા ! પણ, તું ઝાડ ઉપર કેમ ચડ્યો હતો ?

નરેન્દ્ર : દાદાજી, ઝાડ ઉપર ચડીને એની ડાળ પર હીંચકા ખાવાની મજા આવે એટલે !

દાદા : સારું ! પણ હવે ન ચડતો !

નરેન્દ્ર : કેમ દાદાજી !

દાદા : જો, આ ઝાડ ઉપર રાક્ષસ રહે છે અને તે નાનાં છોકરાંઓને ખૂબ જ હેરાન કરે છે, સમજ્યો ! હવેથી આ ઝાડ ઉપર ન ચડતો, જાવ... બીજે ક્યાંક રમો.

નરેન્દ્ર : પણ દાદાજી, તમે અત્યારે કઈ બાજુ જવા નીકળ્યા છો ? આ હાથમાં પુસ્તક શેનું છે ?

દાદા : અરે શિવ. શિવ... શિવ... આ તમારી વાતોમાં મારે મંદિર જવામાં મોડું થઈ ગયું.

નરેન્દ્ર : દાદાજી, અત્યારે મંદિરે ?

દાદા : હા, સવારે અને સાંજે મંદિરે જઈ ઈશ્વર સ્મરણ કરવું જોઈએ. સમજ્યો ! (દાદાજી જાય છે)

(નરેન્દ્ર ફરી વૃક્ષ ઉપર ચડવા લાગે છે. તારક મૂંઝાય છે.

તારક : અરે, નરેન્દ્ર ! તું ફરીથી ઝાડ ઉપર ચડે છે ?

નરેન્દ્ર : હા, એમાં શો વાંધો છે ?

તારક : પણ, દાદાજી તો કહેતા હતા કે આ ઝાડ ઉપર રાક્ષસ રહે છે. તને રાક્ષસની પણ બીક નથી ?

નરેન્દ્ર : અરે તારક, દાદાજી તો આપણે ઝાડ ઉપર ન ચડીએ એટલે કહેતા હતા. બાકી ઝાડ ઉપર તે કાંઈ રાક્ષસ રહેતો હશે ?

(નરેન્દ્ર ઝાડ પર ચડી-ડાળ પર હીંચકા ખાય છે. થોડીવારે તારક પણ થડ પકડીને ઝાડ પર ચડી-હીંચકા ખાય છે. બેઉ મિત્રો ગાય છે)

અમે ના ડરીએ કોઈ આફતથી
વન-વૃક્ષોમાં રહીએ રે !
રંગ બે રંગી ફૂલો થઈને
ડાળ-ડાળ પર ઝૂલીએ રે...!

* * *

(નરેન્દ્ર એની માના ખોળામાં માથું રાખીને સૂતો છે. એની મા ભુવનેશ્વરી દેવી એના પુત્રને હનુમાનજીનાં પરાક્રમો વિશે વાતો કરી રહી છે...)

➤ શિક્ષક નોંધ :

➤ એકમ પ્રવેશ :

- કોઈ પરિચિત વ્યક્તિના પ્રસંગ દ્વારા એકમ પ્રવેશ કરાવવો.

➤ શિક્ષક નિર્દેશ :

- **વાર્તાકથન :** નાટ્યકથા/પ્રસંગોને વાર્તા સ્વરૂપે રજૂ કરવા.
- **પાત્ર પરિચય :** પ્રસ્તુત નાટકનાં પાત્રોનો પરિચય કરાવવો.
- **નાટ્યપઠન :** યોગ્ય આરોહ-અવરોહયુક્ત ભાવવાહી બાળભોગ્ય શૈલીમાં નાટ્યપઠન કરવું.
- **પ્રશ્નોત્તરી :** એકમને અનુરૂપ પ્રશ્નોત્તરી કરવી.

➤ શિક્ષક નોંધ : _____

માતા : અને પછી હનુમાનજી આખો પર્વત હાથમાં ઉપાડીને આકાશમાં ઊડ્યા.

નરેન્દ્ર : માતા, હનુમાનજી આકાશમાં ઊડી શકતા હતા ?

માતા : હા બેટા, હનુમાનજી વાયુપુત્ર હોવાથી આકાશમાં ઊડી શકતા અને ખૂબ જ બળવાન પણ હતા.

નરેન્દ્ર : માતા, આ હનુમાનદાદા રહેતા ક્યાં હોય છે ?

માતા : હનુમાનદાદાને કેળાં બહુ ભાવે એટલે એ કેળાંની વાડીમાં રહે, બેટા ! ચાલ, હવે તું સૂઈ જા, સવારે વહેલા ઊઠીને શાળાએ જવાનું છે. (નરેન્દ્ર આંખો બંધ કરે છે, એની માતા નરેન્દ્રની પીઠ પર હાથ પસવારે છે. તેને ઊંઘ આવતી નથી. મનમાં હનુમાનજીને યાદ કરે છે. હનુમાનજીને મળવાનો મનોમન સંકલ્પ કરીને તે સૂઈ જાય છે. બીજે દિવસે સવારે નરેન્દ્ર ઘરમાં નથી. તે કેળાંની વાડીમાં બેઠો છે.

નરેન્દ્ર : આ હનુમાનજી હજીયે ના આવ્યા ! હું તો ક્યારનોય એમની રાહ જોઉં છું ! જો હનુમાનદાદા નહીં આવે ને તો હું એમની સાથે કિટ્ટા જ કરી નાખીશ...

માતા : (પ્રવેશીને) અરે બેટા, તું અહીં છે ? મેં તો તને કેટલો શોધ્યો ? અને આ હાથમાં આટલાં બધાં કેળાં કોના માટે છે ?

નરેન્દ્ર : માતા, હું હનુમાનદાદાનાં દર્શન કરવા આવ્યો છું. આ કેળાં પણ એમના માટે જ છે. તેં કહ્યું હતું ને કે દાદા કેળાંની વાડીમાં રહે. પણ, હનુમાનદાદા તો ન આવ્યા...!

માતા : (નરેન્દ્રના માથે હાથ દઈને) એ તો બેટા, હનુમાનદાદાને રામજીએ કોઈ કામ સોંપ્યું હશે. એટલે ન આવ્યા, તું તો બેટા ! દાદાનો ખરો ભક્ત નીકળ્યો ! ચાલ ઘેર જઈને આજે હું તને વીર અભિમન્યુની વાર્તા સંભળાવીશ.

નરેન્દ્ર : (માતાની આંગળી પકડીને) ચાલ, માતા !

* * *

(ફળિયામાં ત્રણ-ચાર છોકરાઓ રમત રમે છે, થોડીવારે નરેન્દ્ર પ્રવેશે છે.)

નરેન્દ્ર : ચાલો, ભેરુઓ ! આજે એક નવી રમત રમીએ...!

તારક : કઈ નવી રમત, નરેન્દ્ર ?

નરેન્દ્ર : ધ્યાનની રમત, આપણા ઋષિ - મુનિઓ નિયમિત ધ્યાનમાં બેસતા.

દધીચિ : ધ્યાનમાં બેસવાથી શા લાભ થાય ?

નરેન્દ્ર : ધ્યાન કરવાથી મનને શાંતિ મળે, શરીરનો થાક દૂર થઈ જાય અને આપણા જેવાં બાળકોને તો ઘણો ફાયદો. એકાગ્રતા અને યાદશક્તિ પણ વધે.

- **નાટ્યીકરણ :** વિદ્યાર્થીઓને અભિનય અંગે માર્ગદર્શન આપી નાટકને વર્ગમાં રજૂ કરવું. શાળાના સાંસ્કૃતિક કાર્યક્રમમાં પ્રસ્તુત નાટક કે અન્ય નાટક ભજવવું.
- શબ્દકોશનો ઉપયોગ કરી કક્કાવારી મુજબ શબ્દો ગોઠવવા માર્ગદર્શન આપવું.
- **ખાલી જગ્યા પૂરો :** બંધ બેસતા શબ્દોનો ઉપયોગ કરી ખાલી જગ્યા પૂરાવવી.

➤ **શિક્ષક નોંધ :**

તારક : નરેન્દ્ર, આ બધી તને કેવી રીતે ખબર પડી ?

દધીચિ : કેમ ન પડે ? એના ઘેર દરરોજ સંતો-મહંતો પધારે છે. એમની સંગતનું પરિણામ !

તારક : હેં નરેન્દ્ર, તારા પિતા દત્તબાબુ પણ દરરોજ ...

નરેન્દ્ર : હા, તેઓ પણ દરરોજ સવારે અને સાંજે ધ્યાનમાં બેસે છે.

દધીચિ : હા, હા, ચાલો-ચાલો, આપણે પણ ધ્યાનની રમત રમીએ (નરેન્દ્ર બન્ને મિત્રોને પદ્માસનમાં બેસતાં શીખવે છે. પછી પોતે પણ પદ્માસનમાં બેસી ઓમકાર બોલે છે. બીજા મિત્રો પણ ઓમકાર બોલે છે. ત્યાં એકાએક બૂમ સંભળાય છે, 'ભાગો... ભાગો... સાપ આવ્યો, સાપ !')

દધીચિ : (આંખ ખોલીને) ઓ બાપ રે, સાપ આવ્યો ? ભાગો...

તારક : (ઊભો થઈને) અરે નરેન્દ્ર, ભાગ જલદી, સાપ નીકળ્યો છે. ચાલ જલદી, દૂર જતા રહીએ...!

(નરેન્દ્ર ધ્યાનમાં જ બેસી રહે છે.)

દધીચિ : નરેન્દ્ર સાંભળે છે કે નહીં ? સાપ નીકળ્યો છે.

તારક : ભાગ જલદી, ચાલ, અમે જઈએ છીએ...

(નરેન્દ્ર હજુય ધ્યાનમાં જ છે. બધા છોકરા ભાગી જાય છે. કોલાહલ શાંત થઈ જાય છે. ધીમે ધીમે મિત્રો પાછા નરેન્દ્ર પાસે આવે છે.)

તારક : અરે નરેન્દ્ર, તું તો ખરો છે હો ?

નરેન્દ્ર : કેમ, શું થયું ?

દધીચિ : નરેન્દ્ર, તને અમારી એકેય બૂમ સંભળાઈ નહી ?

નરેન્દ્ર : ના ! મને તો કશી જ ખબર નથી.

તારક : ખરેખર નરેન્દ્ર ! તને કશી જ ખબર નથી ?

નરેન્દ્ર : હા, હું તો ધ્યાનમાં હતો.

દધીચિ : જો ભાઈ, તારી આ ધ્યાનની રમત તો જોખમી છે હો,

તારક : ના, એવું નથી દધીચિ, આપણે માત્ર આંખો જ બંધ કરી હતી... આપણું મન તો...

દધીચિ : તારક, મને તો લાગે છે કે આપણો આ નરેન્દ્ર ભવિષ્યમાં જરૂર મહાન વ્યક્તિ બનશે.

- વિદ્યાર્થીઓ પાસે એકમનું મૂકવાચન અને મુખરવાચન કરાવવું.
- રમત દ્વારા પાઠનું વાચન કરાવવું.

  દા.ત. બે ટુકડીમાંથી એક ટુકડી એકમમાંથી કોઈ સંવાદનું વાક્ય રજૂ કરે, તે વાક્ય બીજી ટુકડી શોધી નાખે, આમ વારાફરતી આ રમત રમાડવી.

➤ **ટિપ્પણ :** શબ્દના અર્થ શોધાવવા માર્ગદર્શન આપવું.

➤ **રૂઢિપ્રયોગો :** શિક્ષકે અન્ય રૂઢિપ્રયોગ બોલાવવા અને વાક્યપ્રયોગ વિદ્યાર્થીઓ પાસે કરાવવો.

➤ **સ્વાધ્યાય :**

પ્ર-૧ ચિત્ર આધારિત વાર્તા બનાવવી. અહીં આધુનિક પરિપ્રેક્ષ્યમાં કાચબા અને સસલાની હરીફાઈની વાર્તાનું ચિત્ર છે.

- બાળકની મૌલિક અભિવ્યક્તિ અહીં અભિપ્રેત છે.
- પુસ્તકાલયના ઉપયોગથી બાળ નરેન્દ્ર-વિવેકાનંદની અન્ય વાર્તાઓ વંચાવવી.

➤ **શિક્ષક નોંધ :** _____



(નરેન્દ્ર બીજા તરફ સ્મિત કરે છે. એની માતા ત્યાં પ્રવેશે છે.)

માતા : નરેન્દ્ર ! ઓ બેટા, નરેન્દ્ર !

નરેન્દ્ર : (ઊભો થઈને) હા, માતા !

માતા : ચાલ ઘેર, આજે આપણે ઘેર ઠાકુર પધારવાના છે. તારે એમને એકાદ ભજન સંભળાવવાનું છે.

નરેન્દ્ર : હા માતા, આવજો મિત્રો....

(બધાં જાય છે. પડદો પડે છે.)

• ટિપ્પણ

નીડર ડરે નહિ તેવું, બહાદુર **પદ્માસન** યોગનાં ચોરાશી આસનોમાંનું એક આસન **ઓમકાર** ઓમ, પ્રણવ, 'ઓમ' એવો ઉચ્ચાર **સંગત** સોબત, સહવાસ, **ઠાકુરજી** સ્વામી રામકૃષ્ણ પરમહંસ, તેઓ સ્વામી વિવેકાનંદના ગુરુ હતા

• રૂઢિપ્રયોગ

વડનાં વાંદરાં ઊતારવાં - બહુ જ તોફાની હોવું

• સ્વાધ્યાય

૧. નીચેના ચિત્રને આધારે કાચબા અને સસલાની વાર્તા બનાવો અને લખો.

પ્ર-૨ શબ્દકોશનો ઉપયોગ કરી શબ્દાર્થ જાણવા માર્ગદર્શન આપવું.

પ્ર-૩ શબ્દકોશનો ઉપયોગ કરી બીજા શબ્દો શોધવા માર્ગદર્શન આપવું.

પ્ર-૪ પ્રશ્નોના જવાબ : વિદ્યાર્થીઓ પાસેથી પ્રશ્નોના જવાબ મેળવવા.

- **પૂરક પ્રવૃત્તિ :** વર્ગખંડમાં હોય એવી વસ્તુઓનાં નામ કે જેમાં **'પ'** મૂળાક્ષર આવતો હોય તેની યાદી કરાવવી.

દા.ત. પાટિયું
પટી
પગ. વગેરે

➤ **શિક્ષક નોંધ :** _____



૨. સરખા અર્થવાળો શબ્દ લખો.

દા.ત. બાળ : કિશોર ઋષિ : _____

વૃક્ષ : _____ ભેરુ : _____

લાભ : _____ માતા : _____

૩. ઉદાહરણ મુજબ બીજા શબ્દો લખો

નર - નરેન્દ્ર

દીપ - _____ નૃપ - _____

જય - _____ હર - _____

૪. જવાબ આપો

(૧) તમે કયાં કયાં ઝાડ પર ચડ્યા છો ?

(૨) તમારી શાળામાં કયાં-કયાં ઝાડ છે ?

૩૭

બાળનરેન્દ્ર (બાળનાટક)

પ્ર-૫ શબ્દકોશનો ઉપયોગ કરી કક્કાવારી મુજબ શબ્દો ગોઠવવા માર્ગદર્શન આપવું.

પ્ર-૬ પ્રશ્નોના જવાબ : વિદ્યાર્થીઓ પાસેથી પ્રશ્નોના જવાબ મેળવવા.

- **ખાલી જગ્યા પૂરો :** બંધ બેસતા શબ્દોનો ઉપયોગ કરી ખાલી જગ્યા પૂરાવવી.

➤ **શિક્ષક નોંધ :** _____



(૩) શાળામાં તમે ધ્યાન ઉપરાંત બીજું શું કરો છો ?

(૪) હનુમાનજીને કેળાં ભાવતાં હતાં, તમને કયાં ફળો ભાવે છે ?

(૫) નરેન્દ્રના કયા-કયા ગુણ તમને ગમ્યા ?

(૬) મિત્રો સાથે તમે કઈ-કઈ રમતો રમો છો ?

૫. કક્કાવારીના ક્રમમાં ગોઠવો

વૃક્ષ, ધ્યાન, ઓમકાર, ઋષિ, સંકલ્પ

_____, _____, _____, _____, _____

૬. નીચેના પ્રશ્નોના વીગતવાર જવાબ આપો.

(૧) દાદાની 'ના' છતાં નરેન્દ્ર ઝાડ પર કેમ ચડે છે ?

૩૮

ગુજરાતી ધોરણ - ૪

પ્ર-૭ પ્રવૃત્તિ :

- સ્વામી વિવેકાનંદના વિવિધ ફોટોગ્રાફ મેળવીને ચોંટાડાવવા.
- વિદ્યાર્થીઓને જૂથમાં બેસાડી પ્રવૃત્તિ અંગેનું માર્ગદર્શન આપવું.
- સ્વામી વિવેકાનંદના પ્રસંગો માટે દૃશ્ય શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરી મુદ્દો સમજાવો.

પ્ર-૮ શબ્દો બનાવવા બે બે ની જોડીમાં બેસાડી પ્રવૃત્તિ કરાવવી.



(૨) નરેન્દ્ર કેળાંની વાડીમાં શા માટે ગયો ?

(૩) સાપ નીકળ્યો એવી બૂમો પાડવા છતાં નરેન્દ્ર કેમ ભાગતો નથી ?

(૪) ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ પસંદ કરી મૂકો.

(એકાગ્રતા, નીડરતા, જિજ્ઞાસા)

(૧) દાદાની 'ના' છતાં નરેન્દ્રનું ઝાડ પર ચડવું. :

(૨) કેળાંની વાડીમાં નરેન્દ્રનું પહોંચી જવું. :

(૩) 'સાપ નીકળ્યો' એવી બૂમો પાડવા છતાં ધ્યાનમાં બેસી રહેવું. :

૭. નરેન્દ્ર મોટો થઈને 'સ્વામી વિવેકાનંદ' બન્યો, એ તમે જાણો છો? તમારા શિક્ષક પાસેથી સ્વામી વિવેકાનંદ વિશે જાણો.

૮. નમૂના મુજબના શબ્દો બનાવો.

- નિયમ : નિયમિત
- સંયમ : _____
- અપમાન : _____
- સન્માન : _____
- સુગંધ : _____

૩૮

બાળનરેન્દ્ર (બાળનાટક)

➤ સ્થાનિક સંદર્ભ સાહિત્ય :

- સ્થાનિક કક્ષાએ ભજવાતાં નાટકો અને નાટ્ય કલાકારો, વકીલો, નાટ્યરસિકો.
- પુસ્તકાલયના નાટ્યસંગ્રહોનાં પુસ્તકો.
- સ્થાનિક કક્ષાએથી પ્રાપ્ય વેશભૂષા
- કઠપૂતળીઓ.

➤ મૂલ્ય શિક્ષણ :

- સારા-નરસાના ખ્યાલ માટે મહાપુરુષોના બાળપણના પ્રસંગો વંચાવવા.
- આત્મવિશ્વાસપૂર્ણ રજૂઆત માટે વક્તૃત્વ સ્પર્ધા/ચર્ચાસભાનું આયોજન કરવું.

➤ શિક્ષક નોંધ :

- અહીં શિક્ષકે પોતાના જીવનમાં બનેલી ઘટના વિશેની નોંધ કરવી અને વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી.

૧૨. પંખીઓએ પાણી પાયું

➤ **હેતુઓ :** ૧.૧

➤ **વિશિષ્ટ હેતુઓ :**

- વાર્તાના બોધને સમજે અને આચરણમાં મૂકે.
- સમૂહભાવના, પર્યાવરણ પ્રત્યેની જાગૃતિ કેળવે.
- નવું શીખવા માટે પૂર્વજ્ઞાનનો ઉપયોગ કરે.
- સ્થાનિક સંદર્ભ સાહિત્ય - પુસ્તકાલયનો ઉપયોગ કરે.
- પોતાની વાત અને વિચારો મુક્ત મને વ્યક્ત કરે.

➤ **આપણું લક્ષ્ય :**

- વિદ્યાર્થીઓ બાળસાહિત્યના વાચન દ્વારા પ્રેરણા મેળવે.
- પૂર્વાનુભવ (Experience) ના ઉપયોગથી સ્વતંત્ર લેખન કરે.
- ચિત્ર કે સંકેત પરથી અર્થ અને વીગત સમજે.
- શબ્દ કે વાક્યનો વિશિષ્ટ અર્થ કે પ્રયોગ કરે અને સમજે.
- શબ્દોનો અર્થપૂર્ણ રીતે વાક્યમાં અને વાર્તા કે ફકરામાં ઉપયોગ કરે.

➤ **એકમ પ્રવેશ :**

શિક્ષકે એકમ પ્રવેશ માટે મેદાનમાં અથવા વગખંડની કોઈ પણ પ્રવૃત્તિ/રમત કરાવવી.

(૧) પંખી ઊડે ફરરર.....

(૨) આવો પારેવાં આવો ને ચકલાં પંખીગીતનું અભિનય સાથે ગાન કરાવીને એકમ પ્રવેશ કરાવે.



૧૨ પંખીઓએ પાણી પાયું

– કરસનદાસ લુહાર

એક હતો છોડ.

સાવ નાનો એવો. માંડ માંડ દેખાય. ઘણાં ઢોર એની પાસેથી પસાર થઈ જાય. પણ કોઈને ખ્યાલ ન આવે.

છોડને મોટો થવાની ઇચ્છા હતી. એને વધવું હતું. ઊંચા થવું હતું. આકાશને આંબી જવું હતું. ઘેઘૂર ઝાડ બનવું હતું. પરંતુ દિવસે દિવસે તે સૂકાતો જતો હતો એને માંડ બેચાર પાંદડાં બેઠેલાં. એક બકરીનું ધ્યાન ગયું. તે પાંદડાં ખાઈ ગઈ. છોડ તો સાવ બોડો થઈ ગયો. એને રડવું આવી ગયું.

એક દિવસ એક પંખી ઊડતું ઊડતું આવ્યું. આવીને છોડ પર બેઠું. છોડ એનો ભાર ખમી શક્યો નહિ, વળી ગયો. તેણે પંખીને કહ્યું : "તું મારા પરથી ઊડી જા. હું તારો ભાર સહી શકતો નથી. કાં તો સાવ વળી જઈશ કે પછી તૂટી જઈશ."

એક પંખી ઊડીને નીચે આવ્યું. છોડની સામે બેઠું. એણે છોડને પૂછ્યું : "તુ કેમ સાવ દૂબળો-પાતળો અને નીચો છે ? તારામાં લીલાશ કેમ નથી ? તારાં પાંદડાં ક્યાં ગયાં ?"

છોડને આજ સુધી કોઈએ આવું પૂછ્યું ન હતું. છોડ કહે : "હજી હું નાનો છું. ઘણા દિવસ ગયા પણ હું વધી શક્યો નથી. કેટલાય દિવસથી તરસ્યો છું. મારાં મૂળ પાણી વિના અકળાઈ રહ્યાં છે. મને કોઈ પાણી પાતું નથી, મારા બે-ચાર પાંદડાં હતાં તે પણ એક બકરી ખાઈ ગઈ !"

છોડ પર પંખીને દયા આવી. તે ઊડ્યું. દૂર એક તળાવ હતું ત્યાં પહોંચ્યું. એણે પોતાની નાનકડી ચાંચમાં એકાદ ટીપું પાણી લીધું. પછી ઊડતું ઊડતું છોડ પાસે આવ્યું. ચાંચમાંનું પાણીનું ટીપું છોડના મૂળમાં ઠાલવી દીધું !

૪૦

ગુજરાતી ધોરણ - ૪

➤ શિક્ષક નિર્દેશ :

- **વાર્તાકથન :** આરોહ - અવરોહયુક્ત, ભાવવાહી શૈલીમાં વાર્તાકથન કરવું.
- **વાર્તાવાચન :** વાર્તાનું આદર્શપઠન કરવું. વિદ્યાર્થીઓ પાસે વ્યક્તિગત મૂકવાચન અને મુખરવાચન કરાવવું.
- **વાર્તાકથન :** વિદ્યાર્થીઓ આ વાર્તા વર્ગમાં ભાવ સાથે કહે અને બીજી વાર્તાઓ કહેવામાં બધાં બાળકો સામેલ થાય એવી વ્યવસ્થા કરવી.



પણ છોડને કંઈ અસર ન થઈ. એક ટીપા પાણીથી શું વળે ? લાંબા સમયની તરસ હતી. પંખી બધી વાત સમજી ગયું. ને ત્યાંથી પાછું ઊડ્યું.

ઊડતું ઊડતું એક ઘેઘૂર ઝાડ ઉપર પહોંચ્યું. ત્યાં પંખીઓનું મોટું ટોળું બેઠું હતું. પંખીના ટોળાને એણે તરસ્યા છોડની વાત કરી. સૌ પંખી સંમત થયાં. બધાં પાંખો ફફડાવતાં ઊડ્યાં. તળાવને કિનારે ઊતર્યાં. સૌએ પાણીથી ચાંચો ભરી લીધી. પછી પેલું પંખી આગળ ને ટોળું પાછળ. જાય ઊડ્યાં. જ્યાં પેલો છોડ ઊભો હતો ત્યાં સૌ ઊતર્યાં. બધા પંખીઓએ પાણી ભરેલી ચાંચો છોડના મૂળમાં ખાલી કરી દીધી. આવા દશ-પંદર ફેરા કર્યા ને છોડનાં મૂળને બરાબર પાણી મળ્યું. એની લાંબા વખતની તરસ છીપાઈ. છોડને ઓડકાર આવ્યો.

પછી તો દરરોજ પંખીઓનું ટોળું આવે. ને તળાવમાંથી પાણી લાવીને છોડને પીવડાવે.

દિવસો અને મહિનાઓ સુધી પંખીઓએ આ કામ કર્યું. ચાંચમાં પાણી લાવીને છોડને પાયું. છોડ લીલોછમ થયો. છોડ વધવા લાગ્યો.

ચોમાસું બેઠું. કાળાં ડિબાંગ વાદળોથી આકાશ છવાઈ ગયું. ધોધમાર વરસાદ પડ્યો. આખું ચોમાસું મન મૂકીને વરસ્યું. છોડને તો બસ આટલું જ જોઈતું હતું.

આમ ઘણાં ચોમાસાં છોડ પર વરસ્યાં.

વરસો ગયાં.

આજે એ છોડ મોટું, ઘટાદાર ઝાડ થઈ ગયો છે ! પંખીઓનું ટોળું દરરોજ ઝાડ પર આવીને બેસે છે. ગીતો ગાય છે. ઝાડ ખુશ થઈ જાય છે. ડાળીઓને ડોલાવતું, પાંદડાં રણઝણાવે છે.

એક દિવસ સાંજના સમયે આકાશમાંથી એક વાદળી આવી. ને ઝાડની ડાળી પર બેસી ગઈ. ઝરમર ઝરમર વરસી. ઝાડ નાહી રહ્યું.

વાદળી કહે : "કેમ ઝાડદાદા, ભરઉનાળે મેં તમને નવડાવ્યા ને?"

ત્યારે ઝાડને યાદ આવે છે : પોતે સાવ નાનો છોડ હતો ને પંખીઓએ પાણી પાઈને એને ઉછેર્યો હતો.

ઝાડ, વાદળીને આ વાત માંડીને કરે છે. વાદળી કહે છે : "ખરેખર પંખીની જાત જ દયાળુ છે !"

• ટિપ્પણ

બોડો ઉઘાડો, ખુલ્લો (અહીં પાન વિનાનો) **ઘેઘૂર** ગાઢ, ઘટાદાર **ઓડકાર** પેટનો વાયુ મોંમાંથી નીકળતાં થતો ડકાર... **ધોધમાર** પુષ્કળ; મોટી ધારાઓમાં **ઘટાદાર** ભારે સમૂહ કે ઝુંડવાળું

૪૧

પંખીઓએ પાણી પાયું

- **પ્રશ્નોત્તરી :** વિદ્યાર્થીઓની સમજ ચકાસવા વાર્તાનુરૂપ પ્રશ્નોત્તરી કરવી. જ્ઞાનમૂલક પ્રશ્નો પૂછવા.

➤ **ટિપ્પણ :** શબ્દોના અર્થ અંગે શબ્દકોશનો ઉપયોગ કરાવવો. અને શબ્દોના અર્થ શોધાવવા.

➤ **શિક્ષક નોંધ :** _____

➤ સ્વાધ્યાય :

પ્ર-૧ શિક્ષકે સ્વાધ્યાયની સમજ-માર્ગદર્શન આપી જવાબ મેળવવા. જરૂર જણાય ત્યાં અનુરૂપ પ્રવૃત્તિ કે રમત રમાડવી.

- **પૂરક પ્રવૃત્તિ :** વિદ્યાર્થીઓ પાસે ફૂલોનાં નામોની યાદી બનાવડાવવી.
  યાદી પરથી એક એક વાક્ય બનાવે.

પ્ર-૨ સામૂહિક પ્રવૃત્તિ : ઉદાહરણ મુજબ શાળામાં થતી સામૂહિક પ્રવૃત્તિઓની નોંધ કરાવવી જરૂરી માર્ગદર્શન આપવું.

પ્ર-૩ સમાન અર્થ ધરાવતા શબ્દોની જોડ બનાવડાવવી. આવા બીજા શબ્દોની સમજ માટે જુદી પ્રવૃત્તિ શિક્ષકે વિચારી વિદ્યાર્થીઓને કરાવવી. વિદ્યાર્થીઓ પણ આવી અન્ય પ્રવૃત્તિ વિચારીને શિક્ષકને જણાવે.

➤ શિક્ષક નોંધ : _____



• સ્વાધ્યાય

૧. તમારા ઘરે કે શાળામાં બગીચો છે ? તેની સંભાળ કેવી રીતે રાખો છો ?

ઉદાહરણ : છોડને ખાતર નાખીએ છીએ.

(૧) _____

(૨) _____

(૩) _____

૨. શાળાની એવી પ્રવૃત્તિની અહીં નોંધ કરો જે તમે સમૂહમાં કરવાનું પસંદ કરો છો.

ઉદાહરણ : સફાઈકામ

(૧) _____ (૨) _____

(૩) _____ (૪) _____

૩. એક જ અર્થ ધરાવતા બીજા શબ્દ શોધો અને જોડો.

વૃક્ષ પશુ જળ ચોમાસુ

છોડ આકાશ

રોપ

પાણી વર્ષાઋતુ ઝાડ

આભ ઢોર

૪૨

ગુજરાતી ધોરણ - ૪

પ્ર-૪ કોઈ ચિત્ર કે સંકેતને વિદ્યાર્થી પોતાની દૃષ્ટિથી જુએ છે અને મૂલવે છે. અને પોતાની રીતે તેનું અર્થઘટન કરે છે. શિક્ષકે વિદ્યાર્થીઓને ચિત્રવાચન અને ચિત્રવર્ણનનો વધારે મહાવરો આપવો.

- પૂર્વાનુભવનો ઉપયોગ કરી મૌખિક રજૂઆત અને લેખન કરાવવું. પ્રશ્નોત્તરી દ્વારા સમજ આપવી. ચર્ચા કરવી.

પ્ર-૫ સ્વાધ્યાયને અનુરૂપ સંદર્ભ સાહિત્યનો ઉપયોગ કરવો.

- વિદ્યાર્થીઓએ જોયેલું, અનુભવેલું હોય તેના આધારે જવાબ આપે.

૪. આ ચિત્ર શું સૂચવે છે તે કહો...

(૧) આ ચિત્રમાં છોકરી શું કરે છે ?

(૨) પક્ષી કેમ નીચે પડ્યું ?

(૩) આવું ના થાય તે માટે તમે શું ધ્યાનમાં રાખશો ?

૫. અજબ-ગજબની વાતો પૂછો અને જાણો.

(૧) એક પક્ષી પાંદડાને દરજીની જેમ સીવીને માળો બનાવે ! એ વળી કોણ ?

(૨) સૌથી નાનું ટબુકલું પક્ષી અને ઊડે જાણે આભે ઊડતું વિમાન ! એ વળી કોણ ?

(૩) એક પક્ષી એવું ચતુર કે પોતાનાં ઈંડાં બીજાના માળામાં મૂકી આવે ! એ વળી કોણ ?

(૪) એક પક્ષી ઊડી ના શકે... પણ દોડે તો મોટરગાડીને રાખી દે પાછળ ! એ વળી કોણ ?

૬. ઉપરના જેવા બીજા બે પ્રશ્નો બનાવો.

(૧) _____

(૨) _____

૪૩

પંખીઓએ પાણી પાયું

પ્ર-૬ પ્રશ્નોના જવાબ : વિદ્યાર્થીઓ પાસેથી પ્રશ્નોના જવાબ મેળવવા. જરૂર જણાય ત્યાં શિક્ષકે પેટાપ્રશ્નો કરાવવા.

➤ **શિક્ષક નોંધ :** _____

પ્ર-૭ શબ્દ અને વાક્યનો વિશિષ્ટ અર્થ કે પ્રયોગ લોકબોલી સંદર્ભે પરિચિત કરાવવો. 'માથું પકડવું', 'પગ ભાંગવા' જેવા શબ્દ પ્રયોગો ક્યારે અને શા માટે થાય છે તેની વાત કરવી. અન્ય શબ્દ/ શબ્દસમૂહ/વાક્ય ને વ્યવહારમાં ઉપયોગમાં લેવાં.

પ્ર-૮ શબ્દોનો અર્થપૂર્ણ ઉપયોગ કરવા એકમના કે એકમ બહારના વ્યવહારમાં વપરાતા શબ્દો આપી અધૂરી વાર્તા કે વાર્તાની વચ્ચે-વચ્ચે ખાલી જગ્યા મૂકી મહાવરો કરાવવો.

➤ **શિક્ષક નોંધ :** _____

૭. આવું ક્યારે કહેવાય છે ? તે વિચારીને કહો.

(૧) વાહ, આના ગળામાં તો કોયલે માળો બાંધ્યો છે !

(૨) તું તો કાબર જેવી છે સાવ !

(૩) મોરનાં ઈંડાં છે એને ચીતરવાં ના પડે !

(૪) સાવ પારેવા (કબૂતર) જેવી છે મારી દીકરી !

(૫) અરે, આ તો પોપટની જેમ બોલે છે હોં... ફટાફટ!

ઉપરના આધારે, વર્ગમાં તમારા મિત્રોને મજા પડે તેવાં વાક્યો બનાવો.

- _____
- _____
- _____

૮. નીચેની વાર્તામાં લીટી દોરેલ શબ્દો આડા-અવળા થયા છે.. યોગ્ય જગ્યાએ યોગ્ય શબ્દ મૂકીને વાર્તાને સાચી બનાવી. નીચે આપેલ જગ્યામાં ફરીથી લખો.

એક હતું મોટું પંખી. એમાં મોટાં મોટાં પગ. દૂર નજર કરો તો તમને દેખાય કાળાં-કાળાં ઝાડ. આ જંગલમાં એક ઉંદર રહે. એક દિવસ તેને પંખીઓને પકડવા કટ.. કટ.. પાથરી. શિકારી દાણા ચણવા નીચે આવ્યાં. પંખીઓનાં જંગલ જાળમાં ફસાયા. પંખીઓ એકસાથે ઊડ્યા રાજી-રાજી. દૂર એક જાળ પર જઈને બેઠા. ત્યાં એક દાંત રહે. તેણે ફરરર...ને મદદ કરી. તેને જાળમાં પહાડ ચલાવ્યા આકાશે જાળ તૂટી ગઈ. પંખીઓ તો પંખીઓને ! ઉંદરભાઈનો આભાર માની ઊડી ગયા મેદાન.

_____

_____

૪૪

ગુજરાતી ધોરણ - ૪

પ્ર-૯ શિક્ષકે ઝાડ કે છોડના ચિત્રનું નિર્દશન કરાવવું.

- શિક્ષકે પ્રવૃત્તિ માટે TLM બનાવવાં અને માર્ગદર્શન આપી સ્વાધ્યાયકાર્ય કરાવવું.
- આપેલા શબ્દોની શબ્દકોશના ક્રમમાં ગોઠવણી કરાવવી.
- પ્રશ્નોત્તરીની ચર્ચા કરવી.
- બાળવાર્તા, કવિતા, વૃક્ષો, પશુ-પંખીઓ વિશે વધુ જાણવા પુસ્તકાલયનો અને શબ્દકોશનો ઉપયોગ કરાવવો. જરૂરી પુસ્તકો જાતે અલગ તારવે તે માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા.



૯. નીચેના પ્રશ્નોના જવાબ લખો.

(૧) છોડ કેમ દૂબળો-પાતળો દેખાતો હતો ?

(૨) પંખીએ તરસ્યા છોડ માટે શું કર્યું ?

(૩) પંખીની જગ્યાએ તમે હોય તો શું કરો ?

(૪) છોડમાંથી ઝાડ થયું ત્યારે પંખીઓએ શું કર્યું ?

(૫) ઝાડ સાથે તમે કઈ-કઈ રમત રમો છો ?

(૬) વાદળીએ ઝાડને શું કહ્યું ?

૪૫

પંખીઓએ પાણી પાયું

➤ **શિક્ષક નોંધ :**

પ્ર-૧૦ શિક્ષકે આપેલ નમૂના મુજબ શબ્દો બનાવડાવવા અને લખાવવા.

➤ સ્થાનિક સંદર્ભ સાહિત્ય :

- પશુ-પંખીઓ, આજુબાજુનું પર્યાવરણ
- પર્યાવરણ જાગૃતિ માટે કામ કરતી વ્યક્તિ કે સંસ્થા.
- બાળ સાહિત્ય/પુસ્તકાલય
- ચિત્રો કે પોસ્ટર્સ

➤ મૂલ્યશિક્ષણ :

- વૃક્ષપ્રેમ માટે વૃક્ષ ઉછેરની પ્રવૃત્તિ કરાવવી.
- સમૂહભાવના માટે બાગકામ, શેરી સફાઈ વગેરે કરાવી શકાય.

➤ પ્રવૃત્તિ :

- વૃક્ષઉછેરની પ્રવૃત્તિ કરાવવી.
- પશુ - પક્ષી - વૃક્ષો વિશેનાં ગીતો-જોડકણાંનો સંગ્રહ કરાવવો.

➤ શિક્ષક નોંધ : _____



૧૦. નમૂના મુજબ લખો.

- ઉદાહરણ:

કાગડો - કાગડી મોર - ઢેલ

ચકલો - _____ પોપટ - _____

કૂતરો - _____ ગાય - _____

સસલો - _____ ભેંસ - _____

૪૬

ગુજરાતી ધોરણ - ૪

૧૩. સૈનિક સૈનિક રમીએ

➤ **હેતુ :** ૧.૧, ૨.૧, ૨.૨, ૨.૩, ૨.૪, ૨.૧૦

➤ **વિશિષ્ટ હેતુ :**

- કૂચગીત જેવાં અન્ય ગીતો ગાય અને સાંભળે.
- ઘર વપરાશની વસ્તુઓનો ઉપયોગ પોતાની રમતમાં કરે.
- સંદર્ભ અને પુસ્તકાલયનો ઉપયોગ કરે.
- કવિતામાં થતા વિવિધ ભાષાપ્રયોગ સમજે

➤ **આપણું લક્ષ્ય :**

- કાવ્યનું ભાવવાહી ગાન અને અભિનય સાથે ગાન
- દેશપ્રેમની ભાવના વિકસે.
- રમતો અને ગીતો પ્રત્યેનો એનો લગાવ છે
- સમૂહ ભાવના વિકસે.

➤ **શિક્ષક નોંધ :** _____



૧૩ સૈનિક-સૈનિક રમીએ

– ડૉ. પ્રકાશ દવે

➤ એકમ પ્રવેશ :

શિક્ષકે વિદ્યાર્થીઓને ચિઠ્ઠી દ્વારા મૂક અભિનય કરાવવો.

જેમ કે,

- પોલીસ ● ડૉક્ટર ● વકીલ ● નર્સ ● શાકવાળી ● સુથાર ● શિક્ષિકા ● સૈનિક

● મૂક અભિનય બાદ પ્રશ્નોત્તરી કરાવી એકમ પ્રવેશ કરાવો.

➤ શિક્ષક નિર્દેશ :

- **કાવ્યપઠન અને કાવ્યગાન :** ભાવવાહી ગાન શિક્ષકે આ ગીતનું ભાવવાહી ગાન કરવું અને દૃશ્ય-શ્રાવ્ય સાધનોની મદદથી કૂચગીત કે તેના જેવાં અન્ય ગીતો સંભળાવશે. દા.ત. 'કરો રમકડાં કૂચ કદમ'
- કૂચગીતમાં જે તાલનો ઉપયોગ થાય છે તેની સમજ આપશે.
- ઘરની એક નાનકડી રમત કે ગીતમાં પણ રાષ્ટ્રપ્રેમ વિકસી શકે છે... તે અંગે સમજાવશે.
- જૂથમાં ગાઈ શકાય એવાં ગીતોનો સંગ્રહ બાળકો પાસે કરાવશે.

➤ ટિપ્પણ :

- લોપ ચિહ્નવાળા શબ્દો અંગે સમજ આપવી અને શબ્દકોશમાંથી તેવા શબ્દો શોધાવવા પ્રવૃત્તિ કરવી.

➤ સ્વાધ્યાય :

પ્ર-૧ વાક્ય પૂર્તિ : યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય પૂર્તિ કરાવવી.



ચાલ બચુડા, લઈ લે સોટી સૈનિક-સૈનિક રમીએ,
માથે મજાની પહેરી ટોપી ગલીએ-ગલીએ ભમીએ.
હું પપ્પાનો કોટ લૈ આવું, તું લૈ આવને, સીટી,
હું બાનાં ચશ્માં લૈ આવું, કાગળિયામાં વીંટી.
બનીઠનીને બેસી જઈએ અફસર સા'બને નમીએ,
ચાલ બચુડા, લઈ લે સોટી સૈનિક-સૈનિક રમીએ.
કોઈની હોય જો દાનત મેલી અમે ઉગામીશું દંડો,
દેશભક્તિનું કામ કરીશું ઊંચો રહેશે ઝંડો.
આઝાદીની રક્ષા કરીને ભારતમાતાને ગમીએ,
ચાલ બચુડા, લઈ લે સોટી સૈનિક-સૈનિક રમીએ.

● ટિપ્પણ

બનીઠનીને વ્યવસ્થિત તૈયાર થઈને **અફસર સા'બ** અમલદાર સાહેબ **મેલી દાનત** ખરાબ ઇચ્છા **દંડો ઉગામીશું** શિક્ષા કરીશું. **રક્ષા** રક્ષણ

● સ્વાધ્યાય

૧ યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય પૂર્ણ કરો :

(૧) કાગળિયામાં વીંટાળીને હું

- બાપુજીની ટોપી લઈ આવું.
- ઘરમાંથી સીટી લઈ આવું.
- બાનાં ચશ્માં લઈ આવું.

(૨) કોઈની દાનત મેલી હશે તો

- દંડો ઉગામીશું.
- ઝંડો ઊંચો કરીશું.

૪૮

ગુજરાતી ધોરણ - ૪

પ્ર-૨ પ્રશ્નોના જવાબ : વિદ્યાર્થીઓ પાસેથી પ્રશ્નોના જવાબ મેળવવા અને લખાવવા.

પ્ર-૩ આપેલી કાવ્યપંકિત પૂર્ણ કરાવવી. જરૂર હોય તો કાવ્ય પંક્તિઓનું અલગ અલગ જૂથમાં ગાન કરાવવું. તે માટે પ્રયુક્તિ યોજવી.

દા.ત.

- એક ટુકડી એક લીટી, બીજી ટુકડી બીજી લીટી ગાય.



(૩) ભારતમાતાને ગમવા માટે

- આઝાદીની રક્ષા કરીશું.
- માથે મઝાની ટોપી પહેરીશું.
- એક સાથે કૂચ કરીશું.

૨. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.

(૧) બચુડાને સોટી લઈ શું રમવાનું કહ્યું છે ?

(૨) રમવા માટે કઈ-કઈ વસ્તુ ભેગી કરવાનું કહ્યું છે ?

(૩) 'બનીઠનીને બેસીએ' એટલે શું ?

(૪) તમારી શાળામાં રાષ્ટ્રધ્વજ ક્યારે ક્યારે ફરકાવાય છે ?

૩. નીચેની કાવ્યપંક્તિ પૂર્ણ કરો.

(૧) હું પપ્પાનો .....

..... કાગળિયામાં વીંટી.

૪૮

સૈનિક-સૈનિક રમીએ

- આ રીતે શિક્ષકે વિદ્યાર્થીઓને દૃઢીકરણ કરાવવું.

➤ **શિક્ષક નોંધ :** _____

પ્ર-૪ મને શું થવું ગમે એ વિષય ઉપર વર્ગમાં રજૂઆત કરાવવી અને લેખન કરાવવું. જરૂરી સમજ આપવી. દા.ત. એ ફૂલ કેવું, ફૂલના ઉપયોગ કેવા ?

પ્ર-૫ અન્ય કૂચગીત મેળવીને રજૂ કરાવવું અને લખાવવું. દા.ત. જૂના પાઠ્યપુસ્તકમાંથી ટરરર ટરરર ઢમઢમઢમ, કરો રમકડાં કૂચ કદમ જેવું ગીત અભિનય સાથે કરાવવું.

પ્ર-૬ સૈનિકનાં કાર્યો વિશે ચર્ચા કરી લેખન કરાવવું. અન્ય વ્યવસાયકારોનાં કાર્યોની ચર્ચા કરવી અને લેખન કરાવવું.

પ્ર-૭ સરખા ધ્વનિ અને પ્રાસવાળા શબ્દોનો ઉપયોગ કરી વાક્ય અને પંક્તિ લખે. 'રોજ નિશાળે જઈએ' ગીત મેળવી ગવડાવવું.

- જોડકણાં બનાવવા વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન આપવું.

- ધો - ૩ માં 'હું ને ચંદુ છાનામાના'માં રમતની વાત છે, અને 'બાળનરેન્દ્ર' નાટકમાં પણ એક રમતની વાત છે. આવાં ક્યાં ગીત કે વાર્તામાં રમતની વાત છે તે અંગ બાળકો પાસે યાદી કરાવવી.

  દા.ત. ફેરકૂદરડી ફરતા.... તાં...

- ઘરવપરાશમાં ઉપયોગી અને રમત રમી શકાય તેવી વસ્તુઓ

- રાષ્ટ્રધ્વજ ફરકાવવો, દેશભક્તિનાં ગીતો ગાવાં એ જ માત્ર રાષ્ટ્રપ્રેમ નથી... કોઈને મદદ કરવી. પર્યાવરણની જાળવણી, પાણી-વીજળીની કરકસર કરવી. આ પણ રાષ્ટ્રપ્રેમ છે. આવી સમજણ બાળકને આપવી.



(૨) કોઈની હોય જો.....

..... ઊંચો રહેશે ઝંડો.

૪. "મને શું થવું ગમે ?" એ વિષય ઉપર વર્ગમાં રજૂઆત કરો અને લખો.

૫. આ સિવાયનું બીજું કૂચગીત શિક્ષકની મદદથી મેળવીને વર્ગમાં અભિનય સાથે રજૂ કરો અને લખો.

૬. સૈનિક કયાં કાર્યો કરે છે તે જાણો અને સૈનિક વિશે લખો.

૭ 'રમીએ' 'ભમીએ' 'નમીએ' જેવા બીજા પાંચ શબ્દો નીચે નોંધી તેના વાક્યમાં પ્રયોગ એવી રીતે કરો કે આ શબ્દો વાક્યમાં છેલ્લે આવે.

ઉદાહરણ - રમીએ

વાક્ય - રોજ મેદાનમાં રમીએ.

(૧)

વાક્ય :

૫૦

ગુજરાતી ધોરણ - ૪

પ્ર-૮ ઉદાહરણ મુજબના શબ્દો લખવા માર્ગદર્શન આપવું.

➤ **સ્થાનિક સંદર્ભ સાહિત્ય :**

- સ્થાનિક કાર્યક્રમોમાં ગવાતાં કૂચગીતો કે તેના તાલ જેવાં અન્ય ગીતો.
- ગામ કે તમારા વિસ્તારમાં સૈનિક રહેતા હોય તો તેની મુલાકાત
- કોઈપણ સાધન/ વસ્તુઓના ઉપયોગ વગર રમી શકાય તેવી રમતો

દા.ત.

સંતાકૂકડી, લંગડી....



(૨) _____

વાક્ય : _____

(૩) _____

વાક્ય : _____

(૪) _____

વાક્ય : _____

(૫) _____

વાક્ય : _____

૮. ઉદાહરણ મુજબ લખો.

ઉદાહરણ : સૈનિક-સૈનિકો

છોકરો	-	_____	દડો	-	_____
છોકરી	-	_____	_____	-	ચકલીઓ
પારેવું	-	_____	_____	-	ચશ્માં
બાળક	-	_____			

૫૧

સૈનિક-સૈનિક રમીએ

➤ **મૂલ્યાંકન :**

- શિક્ષકે અલગ-અલગ મૂક અભિનય દ્વારા વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવું.

➤ **મૂલ્યશિક્ષણ :**

- દેશપ્રેમની ભાવનાના વિકાસ માટે દેશભક્તિગીત કૂચગીત જેવા ગાનના કાર્યક્રમ યોજવા.
- સમૂહભાવના માટે વનભોજન યોજવું.
- નીચેનું કૂચગીત વર્ગમાં રજૂ કરાવવું.

કૂચગીત

કરો રમકડાં કૂચકદમ
ટરરર ટરરર ઢમ ઢમ ઢમ
કરો રમકડાં કૂચકદમ !
હાથીભાઈ, ચાલે આગળ
પાછળ ઊંટ-સવારી;
ખડાક ખડબડ ઘોડો દોડે,
ને શી છટા અમારી !
ચલો સૈનિકો કદમ કદમ,
કરો રમકડાં કૂચકદમ !...

૧૪. બે બહાદુર છોકરા

➤ **હેતુઓ :** ૧.૧, ૨.૪, ૩.૨, ૪.૧, ૫.૨, ૫.૩, ૫.૪

➤ **વિશિષ્ટ હેતુઓ :**

- સાહસકથા સાંભળે, વાંચે અને સમજે.
- સાહસ કરવા પ્રેરણા મેળવે.
- ઉદ્‌ભવેલ મૂંઝવણ ભરેલ પરિસ્થિતિમાંથી યોગ્ય ઉકેલ શોધે.
- પ્રશ્નો પૂછે અને પ્રશ્નોના જવાબ આપે.

➤ **આપણું લક્ષ્ય :**

- વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ અને નીડરતા જેવા ગુણો વિકસે.
- ભાષાનું સૌંદર્ય માણે, પાઠમાં આપેલા વિદ્યાર્થીઓની કલ્પનાને પ્રેરે તેવાં વિવિધ વર્ણનો વાંચે અને તાદેશ કરે.
- વિવિધ શબ્દ રમત-શબ્દકોષ્ટક દ્વારા ભાષા કૌશલ્ય વિકસે.
- અનુલેખન - શ્રુતલેખન કરે.
- શબ્દ કે વીગતોને આધારિત પ્રશ્નો પૂછે અને જવાબ મેળવે.

➤ **એકમ પ્રવેશ :**

- રાષ્ટ્રના સાહસિક બાળકો ભાગ ૧-૨માંથી કોઈ એક વાર્તા વિદ્યાર્થીઓને કહેવી.
- આ પુસ્તકમાં આવેલ અન્ય વાર્તામાં વિદ્યાર્થીઓ વાંચે તે માટે પ્રેરવા.
- શિક્ષકે વાર્તા દ્વારા એકમ પ્રવેશ કરાવો.

૧૪. બે બહાદુર છોકરા

હાલ તો પ્રાણીના શિકારની કાયદાથી મનાઈ છે, પણ પહેલાંના વખતમાં રાજા- મહારાજા દ્વારા શોખ ખાતર શિકાર કરવામાં આવતો.

સાડા છ દાયકા પહેલાં કાંગસા ગામે કરવામાં આવેલા એક શિકારની આ વાત છે. કાંગસા અમરેલી જિલ્લાનું એક નાનકડું ગામ. એનો તાલુકો ધારી. કાંગસાની પશ્ચિમે ગીરના ડુંગરા અને જંગલ. છ દાયકા પહેલાં એ જંગલમાં પાર વગરનાં જંગલી જાનવરો હતાં. એમાં સિંહ પણ ખરા.

કાંગસા ગામની નજીક એક વોકળો છે. સાંજના સમયે ક્યારેક પેલા જંગલના પ્રાણીઓ આ વોકળા સુધી પાણી પીવા આવતાં. એને કારણે શિકારના શોખીન લોકો શિકાર માટે અહીં આવતા. કોઈ એક નવેમ્બર મહિનામાં વડોદરા રાજ્યના મહારાજા સયાજીરાવ અહીં શિકાર માટે આવ્યા હતા. વોકળાની નજીક એક ઊંચો માંચડો બાંધવામાં આવ્યો હતો. મહારાજા એમના મદદનીશો સાથે માંચડા ઉપર ગોઠવાયા હતાં.

માંચડાથી થોડા અંતરે એ વિસ્તારના કેટલાક રહીશો પણ હતા. એમાં સુખપુર ગામના બે છોકરાઓ પણ ખરા. એકનું નામ હરિ અને બીજાનું નામ અરજણ. બન્ને શિકારના ભારે રસિયા. હિંમતબાજ પણ ખરા. આ બે છોકરાઓ માંચડા નજીકના એક ઝાડ પાછળ લપાઈને ઊભા હતા. એમની પાસે છરા સિવાય બીજું કોઈ હથિયાર ન હતું.

નવેમ્બર મહિનો અડધો થયો હતો. નવેમ્બર મહિનો એટલે શિયાળો. દિવસ ટૂંકો અને સૂર્ય આથમે એટલે અંધારાને ઘેરાતાં વાર ન લાગે. અત્યારે સૂર્ય આથમવાની તૈયારીમાં હતો. અજવાળું ઝાંખું થવા લાગ્યું હતું. એ સમયે ધીરે-ધીરે મલપતો એક સિંહ વોકળા ભણી આવતો દેખાયો. વોકળાને કાંઠે આવીને એ ઊભો રહ્યો. એ વખતે મહારાજાએ હાથમાંની બંદૂકનો ઘોડો દાબ્યો. ભડાકો થયો અને સાથે જ બંદૂકમાંથી ગોળી છૂટી.

કમનસીબે ગોળી નિશાન ચૂકી ગઈ. બંદૂકના અવાજ પછી સિંહ સાબદો થઈ ગયો હતો. એણે નજર ફેરવી. માંચડા પરના માણસોને જોઈને એની આંખ ફાટી. ગર્જનાઓ કરતો અને છલાંગો ભરતો એ માંચડા સુધી ધસી આવ્યો. માંચડાને ભોંયભેગો કરવા માગતો હોય એમ એને ઝોળવા માંડ્યો, જાણે કોઈ ઝાડને ઝંઝેડતો હોય તેમ.

૫૨

ગુજરાતી ધોરણ - ૪

➤ શિક્ષક નિર્દેશ :

- **વાર્તાકથન :** આ સાહસકથાને બાળભોગ્ય શૈલીમાં રજૂ કરવી.
- **આદર્શ વાચન :** શિક્ષક દ્વારા આદર્શવાચન કરવું અને વિદ્યાર્થીઓ પાસે વ્યક્તિગત વાચન કરાવવું.
- **વાર્તાકથન :** વિદ્યાર્થીઓ દ્વારા આ તથા અન્ય સાહસકથાઓ રજૂ કરાવવી.

➤ ટિપ્પણ :

- અહીં ટિપ્પણમાં **વોકળો, મલપતો, ઝંઝેડવું, ડાલો, આક્રમણ** જેવા શબ્દોની અર્થ આપેલા છે.



સિંહના એકાએક આવા આક્રમણથી મહારાજ મૂંઝાઈ ગયા. બંદૂકમાંથી બીજી ગોળી છોડવાનું સૂઝ્યું જ નહિ!

આ કટોકટીની પળે હરિ અને અરજણે એક હિંમતભર્યું કામ કર્યું. એ બન્ને છોકરાઓ ઝાડ પાછળથી ખુલ્લામાં આવ્યા અને હાકો કરતા હોય એમ એમણે એકસાથે અવાજ કર્યો. સિંહનું ધ્યાન એમના તરફ ખેંચાયું. એણે માંચડા પરથી પંજા ઉઠાવીને જમીન પર મૂક્યા. પછી ડાલા જેવું માથું ઉછાળીને એક ભયંકર ગર્જના કરી. હવે આ છોકરાઓ એના ગુસ્સાનું નિશાન બન્યા. મોત સામે આવીને ઉભું હતું છતાં એ ગભરાયા નહિ. અવાજ કરતા રહ્યા. સિંહ એમના તરફ છલાંગો ભરવાની તૈયારી કરતો હતો ત્યાં મહારાજાએ બંદૂકમાંથી બીજી ગોળી છોડી અને સિંહને મોતને ઘાટ ઊતારી દીધો. આ બધું એટલી ઝડપથી બની ગયું કે શું થયું અને કેવી રીતે થયું એ સમજાય જ નહિ.

સિંહ મર્યો અને બધો ભય ટળી ગયો. મહારાજા માંચડા પરથી નીચે ઊતર્યા. હરિ અને અરજણના આ હિંમતભર્યા સાહસથી એ પ્રભાવિત થયા હતા. છોકરાઓએ જીવનું જોખમ ખેડીને પોતાનો જાન બચાવ્યો હતો. એમણે સૌ પહેલું હરિ અને અરજણને ધન્યવાદ આપવાનું કામ કર્યું.

સયાજીરાવ વડોદરા રાજ્યના મહારાજા ખરા, પણ એથીય ઊંચા ગજાના એ માણસ. આવા ઉપકારનું મૂલ્ય ઓછું કેમ આંકે ? એમણે વડોદરા જઈને આ બે ભાઈઓનાં પૂતળાં રચાવીને કમાટીબાગમાં સ્થાપ્યાં. કમાટીબાગ અત્યારે સયાજીબાગ તરીકે ઓળખાય છે. સયાજીબાગના મુખ્ય દરવાજામાં પ્રવેશ કર્યા પછી ડાબી બાજુના વિસ્તારમાં હરિ અને અરજણના પૂરા કદનાં પૂતળાં છે. તમે વડોદરા જાઓ ત્યારે સયાજીબાગમાં જઈને આ બહાદુર છોકરાઓની પ્રતિમાઓ જોજો.

• ટિપ્પણ

દાયકો દસ વર્ષનો ગાળો **ઘટના** બનાવ **વોકળો** પાણીનો નાનો વહેળો **માંચડો** ઊંચો માળો **મલપતો** ઠાઠથી ધીમે-ધીમે ચાલતો **વોકળા ભણી** વોકળા તરફ **ઝંઝેડવું** ખંખેરવું **આક્રમણ** હુમલો **કટોકટીની પળ** અણીનો સમય (અહીં જીવનમરણના ભયની પળ) **હાકો** પ્રાણીને તગેડવા ઝાઝા માણસો દ્વારા કરવામાં આવતા હાકોટા કે પડકારા **ડાલો** ઘણો મોટો સૂંડલો **ધન્યવાદ** શાબાશી **મૂલ્ય** કિંમત

• રૂઢિપ્રયોગ

નિશાન ચૂકી જવું - ધાર્યું નિશાન પાર ન પડવું
સાબદા થઈ જવું - ચેતી જવું
આંખ ફાટવી - ગુસ્સે થવું
ઝોળવા માંડવું - હલાવવા માંડવું
મોતને ઘાટ ઊતારી દેવું - મારી નાખવું
ઊંચા ગજાના હોવું - ઊંચી શક્તિ ધરાવતા હોવું

➤ રૂઢિપ્રયોગ :

- શિક્ષકે એકમમાં આવતા રૂઢિપ્રયોગની ચર્ચા કરી તેના અર્થ તૈયાર કરાવવા.
- વાક્ય પ્રયોગ કરાવવો.
- શબ્દકોશનો ઉપયોગ કરી શરીરનાં અંગો ઉપરથી રૂઢિપ્રયોગ શોધાવી યાદી બનાવવી શિક્ષકે માર્ગદર્શન આપવું.

➤ શિક્ષક નોંધ : _____

➤ સ્વાધ્યાય :

પ્ર-૧ પ્રશ્નોત્તરી : મૌખિક પ્રશ્નોત્તરી દ્વારા પાઠની વિસ્તૃત ચર્ચા કરવી. કઠિન શબ્દો, રૂઢિપ્રયોગના અર્થથી અવગત કરવા.

- વિદ્યાર્થીઓ મૌખિક જવાબ બોલે તે અંગેના પ્રશ્નો બનાવવાની સમજ શિક્ષકે આપવી. પ્રશ્નો નોંધાવવા.

દા.ત.

જવાબ એવો છે કે, મહારાજા નવેમ્બર મહિનામાં શિકારે આવ્યા હતા. તો તેનો પ્રશ્ન બનાવો - બાળકો પ્રશ્ન બનાવશે.

પ્ર-૨ એકમ અનુરૂપ પ્રશ્નોના ઉત્તર લખે.

સ્વાધ્યાયની પ્રશ્નોત્તરી અંગે શિક્ષક પેટા પ્રશ્નો પૂછી જવાબ મેળવવા અને લેખનકાર્યની સમજ આપવી.

પ્ર-૩ એકમ અનુરૂપ પ્રશ્નોના ઉત્તર લખે. કારણોના જવાબ મેળવવા શિક્ષકે માર્ગદર્શન આપવું.

➤ શિક્ષક નોંધ :



• સ્વાધ્યાય

૧. નીચેના પ્રશ્નોના મૌખિક ઉત્તર આપો.

(૧) કાંગસા ગામની પશ્ચિમ દિશાએ શું આવેલું છે ?

(૨) જંગલનાં પ્રાણીઓ ક્યાં પાણી પીવા આવતાં હતાં ?

(૩) વડોદરાના મહારાજાનું નામ શું હતું ?

(૪) માંચડા નજીક ઝાડ પાછળ કોણ છુપાઈ ગયું ?

(૫) હરિ અને અરજણની પ્રતિમાઓ ક્યાં આવેલી છે ?

૨. નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો.

(૧) બંદૂકની ગોળી નિશાન ચૂકી ગઈ પછી સિંહે શું કર્યું ?

(૨) કટોકટીની પળે હરિ અને અરજણે શું કર્યું ?

(૩) મહારાજાએ ઉપકારનો બદલો કેવી રીતે વાળ્યો ?

૩. કારણ લખો.

(૧) બંદૂકમાંથી તરત બીજી ગોળી છોડવાનું સૂઝ્યું જ નહિ; કારણ કે

૫૪

ગુજરાતી ધોરણ - ૪

પ્ર-૪ આપેલ વાક્યોની પાઠના ક્રમમાં ગોઠવણી કરાવવી. સાહસકથાના ઘટનાક્રમને યાદ કરી આ વાક્યોની ગોઠવણી થાય તે માટે શિક્ષકે જરૂર મહાવરો પૂરો પડવો.

➤ **શિક્ષક નોંધ :** _____

_____

_____

_____

(૨) શિકાર કરવાનું સ્થળ વોકળા પાસે પસંદ કર્યું; કારણ કે

_____

_____

(૩) સિંહ માંચડા સુધી ધસી આવ્યો; કારણ કે

_____

_____

(૪) મહારાજાએ બન્ને ભાઈઓનાં પૂતળાં કમાટીબાગમાં સ્થાપ્યાં; કારણ કે

_____

_____

૪. **નીચેનાં વાક્યોને પાઠના ક્રમમાં ગોઠવો :**

(૧) આ બે ભાઈઓની પ્રતિમા રચાવીને કમાટીબાગમાં સ્થાપી.

(૨) એ છોકરાઓએ પોતાના જીવનું જોખમ ખેડીને રાજાનો જાન બચાવ્યો.

(૩) કમનસીબે બંદૂકની ગોળી નિશાન ચૂકી ગઈ.

(૪) વોકળાની નજીક એક ઊંચો માંચડો બાંધ્યો હતો.

(૫) બે છોકરાઓ માંચડા નજીક એક ઝાડ પાછળ ઊભા હતા.

ઉત્તર :

(૧) _____

(૨) _____

(૩) _____

(૪) _____

(૫) _____

પ્ર-૫ પાઠના વિધાનોમાંથી રૂઢિપ્રયોગો શોધી તેનો અન્ય વાક્યમાં પ્રયોગ કરાવવો.

પ્ર-૬ શબ્દજૂથોમાંથી શબ્દકોશના સાચા ક્રમવાળા જૂથની ઓળખ.

પ્ર-૭ વિદ્યાર્થીઓની કલ્પનાને પ્રેરે તેવાં ઘણાં વર્ણનો આ પાઠમાં છે. આવાં વર્ણનો તરફ બાળકોનું ધ્યાન દોરવું. તેના શબ્દો અને એમની તાદૃશતા વિશે વિદ્યાર્થીઓને સમજાવવું. પાઠનું મૂકવાંચન કરાવી આપેલ શબ્દો પરથી વાક્યો લખાવવા.

- પાઠના શબ્દોના આધારે એક-બે વાક્યો લખાવવાં અને તેના આધારે એક એક પ્રશ્ન બનાવવા માર્ગદર્શન આપવું.

➤ **શિક્ષક નોંધ :** _____



૫. નીચેના વાક્યોમાંથી રૂઢિપ્રયોગ શોધો અને તેનો ઉપયોગ કરી બીજાં વાક્યો બનાવો.

(૧) છોકરાઓએ જીવનું જોખમ ખેડીને મહારાજાનો જાન બચાવ્યો હતો.

રૂઢિપ્રયોગ : _____

વાક્ય : _____

(૨) માંચડા પરના માણસોને જોઈને સિંહની આંખ ફાટી.

રૂઢિપ્રયોગ : _____

વાક્ય : _____

(૩) મહારાજાએ સિંહને મોતને ઘાટ ઊતારી દીધો.

રૂઢિપ્રયોગ : _____

વાક્ય : _____

૬. નીચેના શબ્દજૂથોમાંથી કયું શબ્દજૂથ શબ્દકોશના ક્રમમાં છે ? (✔) નિશાની કરો.

(૧) શિકાર, સિંહ, ઝંઝેડતો, ઝાડ, સૂઝ્યું

(૨) ઝાડ, ઝંઝેડતો, સિંહ, સૂઝ્યું, શિકાર

(૩) ઝંઝેડતો, ઝાડ, શિકાર, સિંહ, સૂઝ્યું

(૪) ઝંઝેડતો, ઝાડ, સૂઝ્યું, સિંહ, શિકાર

૭. પાઠના આધારે નીચેના શબ્દો વિશે એક-બે વાક્ય લખો અને આધારે એક પ્રશ્ન બનાવીને લખો.

(૧) જંગલ : _____

_____

(૨) વોકળો : _____

_____

(૩) માંચડો : _____

_____

૫૬

ગુજરાતી ધોરણ - ૪

પ્ર-૮ અન્ય સાહસકથાઓ વંચાવવી. ધોરણ - ૫ ની કવિતા **'ચારણકન્યા'** મેળવી તેનું ગાન કરાવો.

- શિક્ષકે શિકારના પ્રતિબંધ વિશે વાત કરવી.
- ગુજરાતના નકશામાં પાઠનાં વિવિધ સ્થળો દર્શાવવાં.

➤ સ્થાનિક સંદર્ભ સાહિત્ય :

- બાલસૃષ્ટિ (જુલાઈ - ૨૦૧૧)
- સ્થાનિક સાહસિકો



(૪) શિયાળાનો દિવસ : _____

_____

(૫) સાંજ : _____

_____

૮. તમારી શાળાના પુસ્તકાલયમાંથી કિશોરકથાઓ અને સાહસકથાઓ મેળવીને વાંચો અને લખો.

(૧) વાંચેલી સાહસકથાનું નામ : _____

(૨) સાહસવીરનું નામ : _____

(૩) સાહસકથાના લેખકનું નામ : _____

૫૭

બે બહાદુર છોકરા

- ગુજરાત (રાજકીય) નકશો
- સયાજીરાવ ગાયકવાડ તેમજ સાહસવીરોનાં ચિત્રો.
- કિશોરકથાઓ.
- ધોરણ-૫ ગુજરાતીનું પાઠ્યપુસ્તક ચારણકન્યા કાવ્ય.

➤ મૂલ્યાંકન :

- શિક્ષકે વિદ્યાર્થીઓને આવી સાહસિક વાર્તાઓ કહેવી.
- પુસ્તકાલયમાંથી આવાં પુસ્તકો મેળવીને વંચાવવાં.

➤ મૂલ્ય શિક્ષણ :

- સાહસ, નીડરતા, જેવાં મૂલ્યો માટે નેતૃત્વ સોંપવું.
- પર્યટન કરાવવું.

➤ પ્રવૃત્તિ :

- ગુજરાતનાં સાહસિક બાળકો વિશેની વીગતો મેળવી અંક બનાવડાવવો.
- શકય હોય તો સયાજીબાગ જેવા બાગની મુલાકાત કરાવવી.

પુનરાવર્તન - ૪

➤ **હેતુ :** ૧.૧, ૧.૭, ૨.૧, ૨.૩, ૪.૩, ૪.૫, ૫.૪

➤ **વિશિષ્ટ હેતુઓ :**

- ચિત્રનું પોતાના શબ્દોમાં વર્ણન કરે.
- પોતાના વિચારને શબ્દ અને વાક્યમાં લખે.
- પર્યાવરણ પ્રત્યે પોતાની જવાબદારી નિભાવે.
- વિશિષ્ટ શબ્દપ્રયોગોને સમજે અને વ્યવહારમાં ઉપયોગ કરે.
- સારું કે નરસું વિચારી શકે. તે પ્રમાણે વર્તે.

➤ **આપણું લક્ષ્ય :**

- ચિત્ર કે પરિસ્થિતિનું પોતાના શબ્દમાં વર્ણન કરે.
- પોતાની વાત-અનુભવ કે કલ્પનાને લખી શકે.
- ભાષાના વિશિષ્ટ પ્રયોગ પોતાની વ્યવહારની ભાષામાં ઉપયોગ કરે.
- સારું-નરસું અને પોતાની પસંદગી વિશે વિચારે અને અભિપ્રાય આપે.

➤ **શિક્ષકનિર્દેશ :**

પ્ર-૧. ચિત્ર કે પરિસ્થિતિનું વર્ણન : બાળક ચિત્રને પોતાની દૃષ્ટિથી અને પૂર્વાનુભવથી જુએ છે. આથી આવી પરિસ્થિતિમાં શિક્ષકે આપેલા ચિત્ર કે પરિસ્થિતિ વિશે વધારેમાં વધારે પોતાની વાત કરે તે માટે પ્રશ્નો પૂછવા.

➤ **સારું-નરસું કે પસંદગી વિશે અભિપ્રાય :**

- વિદ્યાર્થીઓ સારા-નરસા વિશે વિચારી શકે છે. પોતાની પસંદગી વિશે વાત કરવાની ઇચ્છા રાખે છે. તેના આ વિચાર અને ઇચ્છાને વ્યક્ત કરવાની તક આપવી. આ માટે મૌખિક કે લેખિત જવાબો આપે તેવા પ્રશ્નો પૂછવા... પ્રશ્નોમાં વૈવિધ્ય રાખવું.

પ્ર-૨ વાક્યોનું વાંચન કરાવવું અને સારા-નરસાનો ભેદ પારખે તે અંગે માર્ગદર્શન આપવું - ચર્ચા કરવી.



પુનરાવર્તન - ૪

૧. ધોરણ - ૩ના ગુજરાતીના પાઠ્યપુસ્તકમાંથી 'ફાગણિયો લહેરાયો' કાવ્યનું ચિત્ર મેળવી તેનું વર્ણન કરો.

૨. વાક્ય સાચું હોય તો (✔) કરો અને ખોટું હોય તો (✗)ની નિશાની કરો.

(૧) વૃક્ષને કાપી નાખવાં જોઈએ. ☐

(૨) કચરો કચરાપેટીમાં નાખો. ☐

(૩) નહાતી વખતે નળ ચાલુ રાખીએ. ☐

(૪) પ્લાસ્ટિકનો કચરો જ્યાં-ત્યાં ન ફેંકવો. ☐

૫૮

ગુજરાતી ધોરણ - ૪

પ્ર-૩ સ્વાધ્યાયને અનુરૂપ માર્ગદર્શન આપવું.

- વર્ગખંડમાં જોવા મળતી વસ્તુઓ કોઠામાંથી શોધાવવી.
- આવા અન્ય કોષ્ટક બનાવી દૃઢીકરણ કરાવવું.

➤ ભાષાનો વિશિષ્ટ પ્રયોગ :

- વ્યવહારમાં ભાષાનો વિશિષ્ટ પ્રયોગ થતો હોય છે. વિદ્યાર્થીઓ આ પ્રયોગ કરતા હોય છે. પણ ઘણીવાર તે જાણતા હોતા નથી. આવા પ્રયોગો વિદ્યાર્થીઓને સમજાવવા અને તેનો વિશિષ્ટ અર્થ કેવો થાય છે તેની સમજૂતી આપવી.



૩. તમારા વર્ગખંડની વસ્તુઓ આ કોઠામાં છુપાયેલી છે તે શોધો અને શબ્દ ફરતે ◯ કરો.

મી	ના	ટ	જુ	ર	ચો	ક	કા	દ	ની	મા
કૌ	પં	મા	ગા	ષ	૫	વા	ર	સ્વ	રૂ	૫
દા	ખો	તા	૫	તં	ચ	જા	ક	બા	ટ	૫
ચો	કી	રી	ન	શુ	ટે	શ	ઉ	ઋ	ષ	ફ્રી
૫	ના	સ	ચ	આ	જ	બ	રુ	ટ	ખા	જ
ડી	ચા	ખુ	મ	ઈ	વી	ગ	લ	બો	ના	ડ
શો	ર	ખુ	ર	શી	સ	પા	જ	ઐ	ટ	સ્ટ
ટી	વા	ગો	ચી	સી	દ	ફત	ર	ઓ	લ	ર

૪. નીચે મુજબના રૂઢિપ્રયોગનો ઉપયોગ ક્યારે થાય છે. તમે પણ આવાં વાક્ય બનાવો.

(૧) તમે તો મારું માથું પકવ્યું !

(૨) તારા પગ ભાંગી ગયા છે ?

(૩) તમારા મોઢામાં ઘી-ગોળ.

(૪) ચાલી ચાલીને મારા ટાંટિયા તૂટી ગયા !

- આવાં વાક્યો તમે બનાવો. શિક્ષકની મદદ લો.

(૧) _____

(૨) _____

(૩) _____

(૪) _____

૫૮

પુનરાવર્તન - ૪

➤ ઉદાહરણ :

પ્ર-૪ રૂઢિપ્રયોગો, કહેવતો અને વ્યંગ્ય તથા રમૂજભર્યા શબ્દો એકત્ર કરવા અને તેના અર્થ વિશે ચર્ચા કરવી.

- વિદ્યાર્થીઓને વાક્ય બનાવે તે માટે માર્ગદર્શન પૂરું પાડવું.

➤ શિક્ષક નોંધ : _____

પ્ર-૫ શાળાનું પુસ્તકાલય : માગ્યા મુજબ પ્રવૃત્તિ કરાવવી. માર્ગદર્શન આપવું અને ચર્ચા કરવી.

- પુસ્તકાલયમાંથી ચિત્ર વાર્તાઓનું વાંચન કરાવી ગમતી વાર્તાઓનું નાટ્યીકરણ કરાવવું. વાર્તા ચિત્રો તૈયાર કરી ચીપકાવવાં. માર્ગદર્શન આપવું.
- રમત અંગે યોગ્ય માર્ગદર્શન આપી રમત રમાડવી. સારા નરસાનો ભેદ પારખવા તાર્કિક ચિંતન કરાવવું.
- સ્વાધ્યાયને અનુરૂપ માર્ગદર્શન આપવું.

પ્ર-૬ વિદ્યાર્થીઓને કૌંસમાં આપેલા શબ્દ પરથી વાક્ય પ્રમાણે યોગ્ય શબ્દ ગોઠવાવવો.

- અન્ય ઉદાહરણો આપવા.

➤ સ્થાનિક સદર્ભ સાહિત્ય :

- વર્તમાનપત્રો કે સામયિકો વગેરેમાં આવતા ચિત્રો કે વાર્તાચિત્રો
- સ્થાનિક બોલી કે ભાષામાં વપરાતી કહેવત અને રૂઢિપ્રયોગો.
- શાળામાં આવતાં સામયિકો

➤ મૂલ્યશિક્ષણ :

- પોતાની સાચી વાત આત્મ-વિશ્વાસપૂર્વક સૌની સામે રાખી શકે તે માટે મુક્ત અભિવ્યક્તિ કરાવવી.
- પર્યાવરણ પ્રત્યે પોતાની જવાબદારી પ્રત્યે જાગૃતિ માટે ચર્ચાસભા યોજવી.

➤ શિક્ષક નોંધ : _____

_____

_____

_____

_____



૫. તમારા પુસ્તકાલયમાંથી બે બાળવાર્તાઓનાં પુસ્તકો વાંચીને કોઈપણ એક વિશે લખો.

(૧) પુસ્તકનું નામ : _____

(૨) પુસ્તકના લેખક : _____

(૩) પુસ્તકમાં આવતાં બે પાત્રો : _____

(૧) _____ (૨) _____

૬. કૌસમાં આપેલા શબ્દમાં યોગ્ય ફેરફાર કરી ખાલી જગ્યા પૂરો.

ઉદાહરણ : નરેન્દ્ર ઝાડ પર ચડે છે. (ચડવું)

(૧) ગઈ કાલે વરસાદ _____. (પડવું)

(૨) આજે ઠંડી _____. (પડવું)

(૩) લાડુ મને _____. (ભાવવું)

(૪) ગાંધીજીને સૌ બાપુ તરીકે _____. (ઓળખવું)

(૫) આપણા દેશ પર અંગ્રેજો રાજ _____. (કરવું)

• • •

૬૦

ગુજરાતી ધોરણ - ૪

➤ શિક્ષક નોંધ :

➤ શિક્ષક નોંધ :

➤ શિક્ષક નોંધ :